RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ માગસર વદ -૧૨    મંગળવાર, તા.૧૬-૧૨-૨૦૨૫    અંક : ૩૦૦ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# પાકિસ્તાન જ આતંકવાદનું વૈશ્વિક હબ



## ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં પાકિસ્તાનને સણસણતો જવાબ આપી ભાગલાવાદી એજન્ડાને ખુલ્લો પાડ્યો

નવી દિલ્હી

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એકવાર ફરી પાકિસ્તાનને સણસણતો જવાબ આપ્યો છે. 'શાંતિ માટે નેતૃત્વ' વિષય પર ખુલ્લી ચર્ચા દરમિયાન પાકિસ્તાને ભારતના જમ્મુ-કાશ્મીરને 'વિવાદિત' વિસ્તાર ગણાવવાનો પ્રયાસ કર્યો હતો. ભારતે પાકિસ્તાનના આ પાયાવિહોણા દાવાને સ્પષ્ટપણે ફગાવી દીધો હતો અને ભારપૂર્વક જણાવ્યું કે જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ છે અને તે ભારતનું અભિન્ન અંગ છે અને હંમેશા રહેશે. આ સાથે ભારતે પાકિસ્તાનને 'આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર' ગણાવીને તેના ભાગલાવાદી એજન્ડાને ખુલ્લો પાડ્યો હતો.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત હરીશ પર્વતનેનીએ પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે પાકિસ્તાન યુએનના પ્લેટફોર્મનો ઉપયોગ ભારત અને તેના લોકોને નુકસાન પહોંચાડવા અને પોતાના ભાગલાવાદી એજન્ડાને આગળ વધારવા માટે કરી રહ્યું છે.

રાજદૂત હરીશે ભારપૂર્વક જણાવ્યું: "જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે. તેઓ પહેલા પણ હતા, આજે પણ છે અને હંમેશા રહેશે." તેમણે ઉમેર્યું કે યુ.એન.એસ.સી.ના અસ્થાયી સભ્ય તરીકે પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રની તમામ બેઠકો અને મંચોનો ઉપયોગ માત્ર પોતાનો ભાગલાવાદી એજન્ડા વધારવા માટે કરી રહ્યું છે, જેના કારણે તે પોતાની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ અને કર્તવ્યોને યોગ્ય રીતે નિભાવી શકે તેવી અપેક્ષા રાખી શકાય નહીં.

રાજદૂત હરીશે પાકિસ્તાન દ્વારા આતંકવાદને સતત સમર્થન આપવાના ઈતિહાસનો ઉલ્લેખ કરતાં સિંધુ જળ સંધિ સ્થગિત કરવાના ભારતના નિર્ણયનો મજબૂત રીતે બચાવ કર્યો. તેમણે યાદ અપાવ્યું કે ભારતે ૬૫ વર્ષ પહેલા આ સંધિ સારા ઈરાદા અને મિત્રતાની ભાવનાથી કરી હતી. જોકે, પાકિસ્તાને ત્રણ યુદ્ધો અને હજારો આતંકવાદી હુમલાઓ કરીને વારંવાર આ સંધિની ભાવનાનું ઉલ્લંઘન કર્યું છે.

રાજદૂત હરીશે એપ્રિલ ૨૦૨૫માં થયેલા પહલગામ આતંકી હુમલાનો હવાલો આપ્યો, જેમાં પાકિસ્તાન સમર્થિત આતંકીઓએ ૨૬ નિર્દોષ નાગરિકોની તેમની ધાર્મિક ઓળખના આધારે હત્યા કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારતે નિર્ણય લીધો છે કે સિંધુ જળ સંધિ ત્યાં સુધી સ્થગિત રહેશે, જ્યાં સુધી "આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર" પાકિસ્તાન સરહદ પારથી અને અન્ય તમામ પ્રકારના આતંકવાદને સમર્થન આપવાનું સંપૂર્ણપણે અને કાયમી ધોરણે બંધ ન કરે.

ભારતે યુએનમાં આકરા શબ્દોમાં જણાવ્યું કે છેલ્લાં સાડા છ દાયકામાં પાકિસ્તાને આ સંધિની ભાવનાને તોડી નાખી છે, અને છેલ્લા ચાર દાયકામાં પાકિસ્તાન-પ્રાયોજિત આતંકવાદમાં હજારો ભારતીયોએ જીવ ગુમાવ્યા છે. પહલગામ હુમલા જેવી ઘટનાઓ સાબિત કરે છે કે પાકિસ્તાન સતત આતંકવાદને સમર્થન આપી રહ્યું છે. ભારતના કડક વલણથી સ્પષ્ટ છે કે તે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે કોઈ સમાધાન કરવા તૈયાર નથી અને પાકિસ્તાનના ભાગલાવાદી એજન્ડાને આંતરરાષ્ટ્રીય મંચો પર સફળ થવા દેશે નહી.

## સિડની બીચ પર થયેલો આતંકી હુમલો આઈએસ આતંકી જૂથ વિચારધારા પ્રેરિત

### ઓસ્ટ્રેલિયાના પીએમનું સત્તાવાર નિવેદન : હુમલાખોર નવિદ સાથે સંકળાયેલા બે લોકોની પણ ધરપકડ

સિડની

ઓસ્ટ્રેલિયાના સિડનીના બોન્ડાઈ બીચ પર યહુદીઓના હનુક્કા તહેવારની ઉજવણી માટે એકઠા થયેલા લોકો પર બે શખ્સોએ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો, જેમાં ૧૬ નિર્દોષ લોકો માર્યા ગયા હતા. પોલીસની કાર્યવાહીમાં એક હુમલાખોર માર્યો ગયો છે, જ્યારે એક ગંભીર રીતે ઘાયલ થયો છે. આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે, એવામાં ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝે જણાવ્યું છે કે, આ હુમલો ઈસ્લામિક સ્ટેટ આતંકવાદી જૂથની વિચારધારાથી પ્રેરિત હતો.

ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોઓપરેશનને આપેલા રેડિયો ઈન્ટરવ્યુમાં એન્થોની અલ્બેનીઝે જણાવ્યું, "એવું લાગે છે કે આ



હુમલો ઈસ્લામિક સ્ટેટની વિચારધારાથી પ્રેરિત હતો, અત્યાર સુધીની તપાસ મુજબ બે બંદૂકધારી પિતા-પુત્રની જોડીએ આ હુમલો કર્યો હતો."

અલ્બેનીઝે જણાવ્યું કે હુમલાખોર સાજિદ અકરમને પોલીસે ગોળી મારીને મારી નાખ્યો છે, જ્યારે તેનો દીકરો નવીદ અકરમ ઘાયલ હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. અન્ય કેટલાક લોકો સાથેના તેના જોડાણને કારણે નવીદ અધિકારીઓના ધ્યાનમાં આવ્યો હતો. નવીદ સાથે જોડાયેલા બે લોકોની ધરપકડ કરીને જેલમાં મોકલવામાં આવ્યા હતાં, નવીદ શંકા હેઠળ આવ્યો હતો.

ઘટનાની તપાસ કરી રહેલા અધિકારીઓને નવીદની કારમાંથી આઈ.એસ.ના ઝંડા મળી આવ્યા હતાં. ત્યાર બાદ અટકળો લગાવવામાં આવી રહી હતી કે સાજિદ અને નવીદ આઈએસની વિચારધારાથી પ્રભાવિત હોઈ શકે છે. હવે ઓસ્ટ્રેલિયન વડાપ્રધાને આ ટીપ્પણી કરી છે.

ન્યૂ સાઉથ વેલ્સના પોલીસ કમિશનરે મુજબે પુષ્ટિ કરી કે ૧૬ નાગરીકો માર્યા ગયા છે, જેમાં એક ૧૦ વર્ષની બાળકીનો પણ સમાવેશ થાય છે.

## મથુરા : સાત બસ અને ત્રણ કાર વચ્ચે અકસ્માત બાદ વાહનો સળગતા ૬ મુસાફરોના મોત

### યમુના એક્સપ્રેસ વે પર સવારે ગાઢ ધુમ્મસને કારણે સર્જાયેલા અકસ્માતમાં ૪૦ લોકોને ઈજા

મથુરા

ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લામાં યમુના એક્સપ્રેસ વે પર આજે એક મોટો અકસ્માત થયો. સાત બસ અને ત્રણ કાર અથડાયા બાદ આગ લાગી હતી. આ ઘટનાથી વ્યાપક ગભરાટ ફેલાયો. ભીષણ આગમાં છ લોકો જીવતા બળી ગયા હોવાના અહેવાલ છે.

મથુરા જિલ્લામાં યમુના એક્સપ્રેસ વે પર એક ભયાનક અકસ્માત થયો હતો. ગાઢ ધુમ્મસમાં સાત બસો અને ત્રણ કાર અથડાઈ હતી, જેના કારણે વ્યાપક ગભરાટ ફેલાયો. માહિતી મળતાં, સ્થાનિક પોલીસ અને જિલ્લા વહીવટીતંત્ર ઘટનાસ્થળે



પહોંચ્યા. છ લોકોના મોત થયા છે, અને ૪૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. મોટી સંખ્યામાં મુસાફરો વ્યથિત છે. ફાયર બ્રિગેડ ટીમો ઘટનાસ્થળે પહોંચી અને આગને કાબુમાં લીધી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ, એસએસપી, સીઓ અને એસડીએમ પણ પહોંચ્યા હતા અને તમામ ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

અગ્નિશામક દળ દ્વારા આગ પર કાબુ મેળવવામાં આવ્યો છે, અને એક્સપ્રેસ વેના આ ભાગ પર ટ્રાફિકને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યો છે. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, પહેલા અકસ્માત થયો, ત્યારબાદ આગ લાગી જેણે ત્રણથી છ બસોને લપેટમાં લીધી. અકસ્માત સમયે બસો સંપૂર્ણપણે મુસાફરોથી ભરેલી હતી અને બધી સીટો મુસાફરોથી ભરેલી હતી. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે અકસ્માત સમયે તે સૂઈ રહ્યો હતો. અચાનક જોરદાર અવાજ સાથે આગ ફાટી નીકળી, જેના કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો.

અકસ્માત અંગે, એસએસપી મથુરા શ્લોક કુમારે જણાવ્યું હતું કે સાત બસો અને ત્રણ કાર એકબીજા સાથે અથડાઈ હતી, જેના કારણે બધા વાહનોમાં આગ લાગી ગઈ હતી. અકસ્માત બાદ ઘટનાસ્થળે અફડાતફડી મચી ગઈ હતી. રાહત અને બચાવ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. અત્યાર સુધીમાં છ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે ૪૦ થી વધુ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. દરમિયાન, મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે.

## રશિયા-યુક્રેન યુદ્ધ : યુરોપિયન દેશો સુરક્ષા ગેરંટી આપવા તૈયાર છે, પરંતુ પ્રાદેશિક નિયંત્રણ પર કરાર હજુ પણ અધૂરો

### રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ કરાર વધુ ઝડપથી થશે : બર્લિનમાં ચાલતી વાટાઘાટ દરમિયાન ટ્રમ્પનો દાવો

વોશિંગ્ટન

રશિયા-યુક્રેન યુદ્ધ ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહ્યું છે, પરંતુ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે શાંતિ કરાર પહેલા કરતાં વધુ નજીક છે. યુએસ, યુરોપ, નાટો અને યુક્રેન વચ્ચે બર્લિનમાં લાંબા ગાળાની વાટાઘાટોથી આશાઓ જાગી છે. યુરોપિયન દેશો સુરક્ષા ગેરંટી આપવા તૈયાર છે, પરંતુ પ્રાદેશિક નિયંત્રણ પર કરાર હજુ પણ અધૂરો છે.

રશિયા અને યુક્રેન વચ્ચેનો સંઘર્ષ, જે ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહ્યો છે, આ પ્રયાસો છતાં, શાંત થવાના કોઈ સંકેત દેખાતા નથી. બંને દેશો વચ્ચેની પરિસ્થિતિ



તણાવપૂર્ણ છે. દરમિયાન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર સંઘર્ષનો નિકટવર્તી અંત લાવવાનો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે રશિયા અને યુક્રેન શાંતિ કરારની પહેલા કરતાં વધુ નજીક છે. તેમણે યુએસ વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથેની વાતચીત દરમિયાન આ દાવો કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે યુરોપિયન નેતાઓ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે બર્લિનમાં લાંબી વાતચીત પછી, પરિસ્થિતિ સુધરી રહી હોય તેવું લાગે છે.

બર્લિનમાં અમેરિકા, યુરોપિયન દેશો, નાટો અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકીના નેતાઓ વચ્ચે કલાકો સુધી ચાલી રહેલી વાતચીત વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું આ નિવેદન આવ્યું છે. આ બેઠકોમાં યુદ્ધનો અંત લાવવાના માર્ગો પર ચર્ચા કરવામાં આવી હતી. મીડિયા અહેવાલો અનુસાર, યુરોપિયન દેશો યુક્રેનને પશ્ચિમી સુરક્ષા ગેરંટી આપવા માટે તૈયાર છે. જોકે, કયા પ્રદેશ પર કોણ નિયંત્રણ રાખશે તે મુદ્દો એક મોટો અવરોધ બની રહ્યો છે.



ઑસ્ટ્રેલિયાના બોન્ડી આતંકવાદી હુમલામાં મૃત્યુ પામનાર યહૂદી પીડિતો માટે શોક વ્યક્ત કરવા માટે યોજાયેલા કાર્યક્રમમાં કરનારાઓ ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝે કડક બંદૂક નિયંત્રણ કાયદા રજૂ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

## મેક્સિકોમાં ખાનગી વિમાન તૂટી પડતા સાત લોકોના મોત નીપજ્યા

### સૈન માટેઓ એન્ટેકો વિસ્તારમાં વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરતી વખતે સર્જાઈ દુર્ઘટના

મેક્સિકો સિટી

મેક્સિકોમાં એક નાનું ખાનગી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, જેમાં ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા હતા. વિમાન ઈમરજન્સી લેન્ડિંગનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે આ અકસ્માત થયો હતો હતો. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, દુર્ઘટના સૈન માટેઓ એન્ટેકો વિસ્તારમાં થઈ હતી, જે ટોલુકા એરપોર્ટથી આશરે ૫ કિલોમીટર અને રાજધાની મેક્સિકો સિટીથી લગભગ ૫૦ કિલોમીટર પશ્ચિમમાં સ્થિત છે.

આ વિમાન મેક્સિકોના પ્રશાંત તટથી અકાપુલ્કોથી ઉડાન ભરી રહ્યું હતું. મેક્સિકો સ્ટેટ સિવિલ પ્રોટેક્શન કોઑર્ડિનેટર એડ્રિયન હર્નાંડિઝે જણાવ્યું કે, 'વિમાનમાં આઠ મુસાફરો અને બે ક્રૂ મેમ્બર સવાર હતા. અત્યાર સુધી સાત મૃતદેહો મળી આવ્યા છે, જોકે હજુ તપાસ અને રેસ્ક્યુની કામગીરી શરૂ છે.' શરૂઆતી તપાસમાં સામે આવ્યું કે, પાઈલટ વિમાનને એક ફૂટબોલ મેદાન પર ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ, વિમાન પાસેની એક ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડિંગની મેટલ છતથી અથડાઈ ગયું હતું. ટક્કરની તુરંત બાદ ભીષણ આગ લાગી ગઈ, જેનાથી સ્થિતિ ગંભીર થઈ ગઈ.

સૈન માટેઓ એન્ટેકોના મેયર આના મુનિજે સ્થાનિક મીડિયાને જણાવ્યું કે, આગના કારણે આસપાસથી આશરે ૧૩૦ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. ફાયર વિભાગ, એમ્બ્યુલન્સ અને રેસ્ક્યૂ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ અને પરિસ્થિતિને કાબુમાં લીધી. તેઓ તપાસ કરી રહ્યા છે કે, વિમાનને શા માટે ઈમરજન્સી લેન્ડિંગની જરૂર પડી



અને શું આ અકસ્માત ટેક્નિકલ ખામી, હવામાન કે માનવીય ભૂલને કારણે થયો હતો. તપાસ પૂર્ણ થયા પછી જ મૃતકોની ઓળખ અને અકસ્માતનું ચોક્કસ કારણ નક્કી કરવામાં આવશે.

## ચિપની અછત અને નબળા રૂપિયાના કારણે ટીવીની કિંમતોમાં જાન્યુઆરીથી વધારો થવાની શક્યતા

નવીદિલ્હી,

આગામી વર્ષે જાન્યુઆરીથી ટીવીના ભાવ ૩-૪ ટકા વધી શકે છે. આનું મુખ્ય કારણ મેમરી ચિપ્સની અછત અને રૂપિયાનું અવમૂલ્યન છે, જેણે તાજેતરમાં પહેલીવાર ૯૦ રૂપિયાના આંકને પાર કર્યો છે. નબળા રૂપિયાએ ભારતીય ટીવી ઉદ્યોગને ભારે ફટકો માર્યો છે, કારણ કે એલઈડી ટીવીમાં સ્થાનિક મૂલ્યવર્ધન માત્ર ૩૦ ટકા છે. તેના મોટાભાગના મુખ્ય ઘટકો, જેમ કે ઓપન સેલ, સેમિકન્ડક્ટર ચિપ્સ અને મધરબોર્ડ, આયાત કરવામાં આવે છે. વધુમાં, મેમરી ચિપ્સની વૈશ્વિક અછત એક ગંભીર સમસ્યા બની ગઈ છે. વધતી માંગ, ખાસ કરીને હાઈ-બેન્ડવિડ્થ મેમરી , જે મુખ્યત્વે એઆઈ સર્વર્સ માટે વપરાય છે, તેના કારણે ડીઆરએએમ અને ફ્લેશ જેવા તમામ પ્રકારની મેમરીના ભાવમાં વધારો થયો છે. ચિપ ઉત્પાદકો હવે ઉચ્ચ-નફાકારક એઆઈ ચિપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જેના કારણે ટીવી જેવા જૂના ઉપકરણો માટે પુરવઠાની અછત સર્જાઈ રહી છે.હાયર એપ્લાયન્સિસ ઈન્ડિયાના પ્રમુખ એનએસ સતીશે જણાવ્યું હતું કે મેમરી ચિપ્સની અછત અને ઘટતા રૂપિયાને કારણે એલઈડી ટીવીના ભાવમાં ૩ ટકા સુધીનો વધારો થઈ શકે છે. કેટલાક ટીવી ઉત્પાદકોએ તેમના ડીલરોને ભાવ વધારા વિશે પહેલાથી જ જાણ કરી દીધી છે.

થોમસન, કોડક અને બ્લાઉપંક્ટ જેવી વૈશ્વિક બ્રાન્ડ્સ માટે લાઈસન્સધારક સુપર પ્લાસ્ટ્રોનિક્સ પ્રા. લિ.એ અહેવાલ આપ્યો છે કે છેલ્લા ત્રણ મહિનામાં મેમરી ચિપના ભાવમાં ૫૦૦ ટકાનો વધારો થયો છે. કંપનીના સીઈઓ અવનીત સિંહ મારવાહે જણાવ્યું હતું કે જાન્યુઆરીથી ટીવીના ભાવમાં ૭-૧૦ ટકાનો વધારો થઈ શકે છે, જે મુખ્યત્વે મેમરી ચિપ્સની અછત અને રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થવાને કારણે છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આગામી બે ક્વાર્ટરમાં મેમરી ચિપના ભાવ ઊંચા રહેશે, તો ટીવીના ભાવમાં વધુ વધારો થઈ શકે છે.

નિષ્ણાતોના મતે, આગામી ભાવ વધારો સ્માર્ટ ટીવીના વેચાણ પર જીએસટી ઘટાડાના ફાયદાઓને રદ કરી શકે છે. સરકારે ૩૨ ઈંચ અને તેથી વધુના ટીવી પર જીએસટી ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કર્યો છે, જેનાથી કિંમતોમાં આશરે ૪,૫૦૦નો ઘટાડો થયો છે.

જોકે, મેમરી ચિપના ભાવમાં વધારો અને નબળો રૂપિયો આ લાભને નોંધપાત્ર રીતે સરભર કરી શકે છે.

# ગુજરાતમાં સી.એમ. ડેશબોર્ડ મારફતે ગવર્નન્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ અમલમાં મૂકવામાં આવ્યો

## રાજ્યના વિવિધ વિભાગોની કામગીરીનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરાશે

ગાંધીનગર,

ગુજરાતમાં નાગરિકોના જીવનસ્તરને વધુ સુખાકારીપૂર્ણ બનાવવા અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકારે એક વધુ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશન હેઠળ સી.એમ. ડેશબોર્ડ મારફતે ગવર્નન્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (જીપીઆઇ) અમલમાં મૂકવામાં આવ્યો છે, જે રાજ્યના વિવિધ વિભાગોની કામગીરીનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરશે.

નાગરિક કેન્દ્રિત શાસન સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગોની કામગીરીને એક જ ઈન્ટીગ્રેટેડ પ્લેટફોર્મ પર લાવવાની પહેલ રૂપે સી.એમ. ડેશબોર્ડ વિકસાવવામાં આવ્યો છે. આ ડેશબોર્ડ દ્વારા સરકારના વિભાગો દ્વારા અમલમાં મુકાતી યોજનાઓ, સેવાઓ, વિકાસલક્ષી કામો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને ફરિયાદ નિવારણની કામગીરીનું રિયલ-ટાઈમ મોનિટરિંગ શક્ય બન્યું છે.

ગુજરાતમાં સુશાસનના રોલ મોડલ તરીકે સ્થાપિત થયેલી પરંપરા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વકાળથી વિકસતી આવી છે. આ પરંપરાને આગળ ધપાવતાં સી.એમ. ડેશબોર્ડનો અમલ કરવામાં આવ્યો છે, જે ટેકનોલોજીના સચોટ ઉપયોગ દ્વારા સરકાર અને નાગરિક વચ્ચેનું અંતર ઘટાડે છે. આ પ્લેટફોર્મ દેશના અન્ય રાજ્યો માટે પણ ઉદાહરણરૂપ બની રહ્યું છે જીપીઆઇ એટલે કે ગવર્નન્સ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ એ રાજ્ય સરકારના વિવિધ વિભાગોની કામગીરી માપવાનો એક વ્યાપક માપદંડ છે. તેમાં યોજનાઓના અમલ, સમયસર સેવા વિતરણ, ફરિયાદ નિવારણની ઝડપ, વિકાસ પ્રોજેક્ટની પ્રગતિ અને નાગરિક સંતોષ જેવા મહત્વપૂર્ણ પેરામીટર્સનો સમાવેશ થાય છે. આ ઈન્ડેક્સથી વિભાગોની જવાબદારી અને પારદર્શિતા બંનેમાં વધારો થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં વિવિધ વિભાગોની જીપીઆઇ આધારિત કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્ય સચિવ એમ.કે. દાસ, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, સલાહકાર એસ.એસ. રાઠૌર સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં સરદાર સરોવર નર્મદા વિભાગના અધ્યક્ષ મુકેશ પુરી, કૃષિ, ઉર્જા અને નર્મદા જળસંપત્તિ વિભાગના અધિક મુખ્ય સચિવો, આદિજાતિ વિકાસ અને શ્રમ-રોજગાર વિભાગના અગ્ર સચિવો તથા મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ મતી અવંતિકા સિંઘ, સચિવ ડૉ. વિક્રાંત પાંડે, માર્ગ મકાન વિભાગના સચિવ પટેલિયા સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બેઠક દરમિયાન સ્પષ્ટ કર્યું કે સરકારની દરેક યોજના અને સેવા નાગરિકોના જીવનનિર્વાહની સરળતા વધારવાના હેતુથી અમલમાં મૂકવી જોઈએ.

# મ્યુલ એકાઉન્ટ્સનો ઉપયોગ કરીને સાયબર ગુનેગારો લાખો-કરોડોના ફ્રોડના નાણા અલગ-અલગ ખાતાઓમાં ફેરવી દે છે

## ગુજરાત પોલીસે ૬ દિવસમાં ૩૬૫ ફરિયાદ નોંધી ૨૧૫ આરોપીઓની ધરપકડ



અમદાવાદ,

ગુજરાતમાં સાયબર ફ્રોડના વધતા બનાવોને ધ્યાનમાં રાખીને રાજ્ય પોલીસ દ્વારા મ્યુલ બેંક એકાઉન્ટ પૂરા પાડનાર સામે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. છેલ્લા છ દિવસમાં રાજ્યભરમાં કુલ ૩૬૫ ફરિયાદો નોંધાઈ છે, જેમાંથી ૨૧૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહી સાયબર ગુનેગારોના નાણાંકીય જાળને તોડવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

મ્યુલ બેંક એકાઉન્ટ એવા ખાતાઓને કહેવામાં આવે છે, જે કોઈ વ્યક્તિ પોતાના નામે ખોલીને અન્ય લોકોને વાપરવા માટે આપે છે. આ ખાતાઓનો ઉપયોગ મોટા ભાગે સાયબર ફ્રોડના નાણા જમા કરાવવા અને ટ્રાન્સફર કરવા માટે થાય છે. ઘણા લોકો લાલચમાં આવીને પોતાનું બેંક ખાતું ભાડે આપી દે છે, જે કાયદેસર રીતે ગંભીર ગુનો છે.

અમદાવાદ શહેરમાં સાયબર ફ્રોડના કેસો ઝડપથી વધી રહ્યા છે. એક જ દિવસમાં શહેરમાં ૨૩ મ્યુલ બેંક એકાઉન્ટની ફરિયાદો નોંધાઈ, જેનાથી પોલીસ તંત્રમાં ચિંતા વધી છે. પોલીસના જણાવ્યા અનુસાર, અમદાવાદમાં અનેક યુવાનો અને સામાન્ય નાગરિકો લાલચમાં આવીને પોતાના ખાતાઓનો દુરુપયોગ થવા દે છે.

પોલીસ વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યવ્યાપી વિશેષ તપાસ અભિયાન અંતર્ગત માત્ર છ દિવસમાં ૩૬૫ મ્યુલ એકાઉન્ટ સંબંધિત ફરિયાદો નોંધાઈ છે. આ ફરિયાદોના આધારે પોલીસે ૨૧૫થી વધુ આરોપીઓને ઝડપી લીધા છે. તપાસ દરમિયાન ખુલ્યું છે કે આ લોકો સાયબર ઠગાઈના મોટા રેકેટ સાથે સંકળાયેલા હતા.તપાસમાં સામે આવ્યું છે કે મ્યુલ એકાઉન્ટ્સનો ઉપયોગ કરીને સાયબર ગુનેગારો લાખો-કરોડોના ફ્રોડના નાણા અલગ-અલગ ખાતાઓમાં ફેરવી દે છે, જેથી તપાસ એજન્સીઓને ટ્રેસ કરવું મુશ્કેલ બને. આ માટે સમગ્ર રાજ્યમાં સંગઠિત રેકેટ કાર્યરત હોવાનું પણ ખુલ્યું છે.

રાજ્ય પોલીસ અને બેંક અધિકારીઓએ નાગરિકોને મહત્વપૂર્ણ અપીલ કરી છે કે તેઓ ક્યારેય પોતાના બેંક ખાતાના ટ્રાન્ઝેક્શન આઈડી, પાસવર્ડ, ઓટીપી કે એટીએમ વિગતો કોઈને પણ ન આપે. આવી માહિતી આપવી તમારા માટે કાનૂની મુશ્કેલી ઊભી કરી શકે છે.

પોલીસે નાગરિકોને સૂચના આપી છે કે જો તેમના ખાતામાં અચાનક મોટી રકમ જમા થાય અને તેનો સ્રોત અજાણ્યો હોય, તો તાત્કાલિક પોલીસ સ્ટેશન અથવા સંબંધિત બેંક શાખાને જાણ કરવી. આવી ઝડપથી જાણ કરવાથી વ્યક્તિ પોતે કાયદાકીય મુશ્કેલીમાંથી બચી શકે છે.

ઘણા કિસ્સાઓમાં આરોપીઓએ સ્વીકાર્યું છે કે થોડા પૈસાની લાલચમાં આવીને તેમણે પોતાનું ખાતું અન્યને આપ્યું હતું. પોલીસનું કહેવું છે કે મ્યુલ એકાઉન્ટ આપનાર પણ સાયબર ફ્રોડમાં સહઆરોપી ગણાય છે અને તેમને પણ જેલની સજા થઈ શકે છે.

રાજ્ય પોલીસના ઉચ્ચ અધિકારીઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે સાયબર ગુનાઓ સામે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવામાં આવી છે. મ્યુલ એકાઉન્ટ પૂરા પાડનાર, દલાલ અને મુખ્ય ગુનેગાર સૌ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે. પોલીસ દ્વારા હવે સાયબર જાગૃતિ કાર્યક્રમો પણ ચલાવવામાં આવીમાં લોકોને મ્યુલ એકાઉન્ટના જોખમ, કાનૂની પરિણામો અને સાયબર સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી રહી છે. હેતુ એ છે કે લોકો સમયસર સચેત બનીને આવા ગુનાઓથી દૂર રહે. પોલીસનું માનવું છે કે સાયબર ફ્રોડથી બચવા માટે નાગરિકોની સાવચેતી સૌથી મહત્વપૂર્ણ છે. કોઈ પણ લાલચભરી ઓફર, અજાણી કોલ અથવા સંદેશા પર વિશ્વાસ ન કરવો અને પોતાના બેંક ખાતાની માહિતી સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખવી જરૂરી છે.

## મ્યુલ એકાઉન્ટ પૂરા પાડનાર, દલાલ અને મુખ્ય ગુનેગાર સૌ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે

# ગુજરાતમાં ૨-૩ ડિગ્રી તાપમાન વધ્યા બાદ પણ ઠંડીનો અનુભવ યથાવત

અમદાવાદ,

ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવથી લઘુત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવા છતાં વાદળછાયું વાતાવરણને કારણે ઠંડકનો અહેસાસ વધુ થઈ રહ્યો છે. નલિયામાં અગાઉના ૧૧.૪ ડિગ્રીની સરખામણીએ ૧.૪ ડિગ્રીનો વધારો થઈને ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાતા તે રાજ્યનું સૌથી ઠંડું સ્થળ બન્યું છે, જ્યારે વડોદરામાં ૧૩ ડિગ્રી અને રાજકોટમાં ૧૩.૪ ડિગ્રી સાથે ઠંડીની અસર જોવા મળી છે. અમદાવાદમાં ૧૬.૨ ડિગ્રી તાપમાન રહ્યું છે. રાજ્યમાં હાલ મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અત્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે પરંતુ, વાદળછાયા વાતાવરણને કારણે ઠંડકનું અનુભવ થઈ શકે છે. તાપમાનની વાત કરીએ તો નલિયામાં સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાયું છે. નલિયામાં અગાઉ ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું, જેમાં ૧.૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈને નલિયામાં ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. નલિયા બાદ સૌથી ઠંડુ શહેર વડોદરા નોંધાયું છે. વડોદરામાં ૧૩ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદની વાત કરીએ તો ૧૬.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ૧૬.૨ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૧૩ ડિગ્રી સેલ્સિયસ, ભાવનગરમાં ૧૫.૪ ડિગ્રી સેલ્સિયસ, ભુજમાં ૧૪.૩ ડિગ્રી સેલ્સિયસ, દમણમાં ૧૫.૬ ડિગ્રી સેલ્સિયસ, ડીસામાં ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ, દીવમાં ૧૫.૬ ડિગ્રી સેલ્સિયસ, દ્વારકામાં ૧૮.૬ ડિગ્રી સેલ્સિયસ, કંડલામાં ૧૬ ડીગ્રી સેલ્સિયસ, નલિયામાં ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ, ઓખામાં ૨૧ ડિગ્રી સેલ્સિયસ, પોરબંદરમાં ૧૭.૨ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૧૩.૪ ડિગ્રી સેલ્સિયસ, સુરતમાં ૧૬.૪ ડિગ્રી સેલ્સિયસ તો વેરાવળમાં ૧૮.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# દવાની દુકાનોમાં નવો નિયમ લાગુ : ફાર્માસિસ્ટ સિવાય અન્ય કોઈ મેડિસીન નહિ વેચી શકે

અમદાવાદ,

ગુજરાતમાં હવે મેડિકલ સ્ટોરમાં દવાના નિયમો કડક બનાવવામાં આવી રહ્યાં છે. ત્યારે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ દ્વારા નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. જે મુજબ, દવાની દુકાનોમાં ફાર્માસિસ્ટ સિવાય કોઈ અન્ય દવાનું વેચાણ નહિ કરી શકે. જો કરશે તો દંડ થશે અથવા જેલ થશે.

ગુજરાતમાં દવાની દુકાનોમાં એક નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. જેનો ચુસ્તપણે અમલ કરવામાં આવ્યો છે. જેમાં ફાર્મસિસ્ટ સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિ એલોપેથિક દવાનું વિતરણ નહિ કરી શકે. જો વેચાણ કરશે તો તેને દોષિત ઠેરવવામાં આવશે. અથવા તેને ત્રણ માસ સુધીની કેદ થઈ શકે છે. તેમજ બે લાખ રૂપિયા સુધીનો દંડ પણ થઈ શકે છે. કેટલાક કેસમાં ફાર્માસિસ્ટનું લાઈસન્સ પણ રદ કે સ્થગિત થઈ શકે છે. નવા નિયમ મુજબ રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ સિવાય અન્ય કોઈ વ્યક્તિ દવાનું વેચાણ નહિ કરી શકે. જો આવું કરતા પકડાયા તો સજાને પાત્ર ગણાશે.

૯ ડિસેમ્બરના રોજ ફાર્મસી કાઉન્સિલના એડિશનલ રજિસ્ટ્રાર દ્વારા તમામ હોસ્પિટલના સંચાલકો, મેડિકલ સ્ટોર કે ફાર્મસીના માલિકો અને કાર્માસિસ્ટ માટે આ માહિતી બહાર પાડવામાં આવી છે. ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા જન્મ વિશ્વાસ એક્ટ મુજબ જે વ્યક્તિ ફાર્મસી અધિનિયમની જોગવાઈનું ઉલ્લંઘન કરશે તેની સામે પગલાં લેવાશે. એ પણ સામે આવ્યું કે, રાજ્યમાં અનેક એવી દવાની દુકાનો છે, જે ફાર્માસિસ્ટના લાયસન્સ પર જ ચાલે છે. જેના પર હવે રોક લાગી શકે છે.

# ૧૬ બ્રિજ પર હાઈટ બેરિયર લગાવવાની જાહેરાત હાલ પૂરતી મોકૂફ

## સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી અને ફીઝીબિલિટીની ટેકનિકલ તપાસ થશે



અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના જુના તમામ ૧૬ બ્રિજ પર હાલ તાત્કાલિક હાઈટ બેરિયર લગાવવામાં આવશે નહીં તેવો સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ શહેરના તમામ બ્રીજ પર હાઈટ બેરિયર લગાવવા મુદ્દે એક્સપર્ટના રિપોર્ટ બાદ જ આગળનો નિર્ણય લેવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટના અધિકારીઓએ બ્રિજ પર ભારે વાહનો પસાર ન થાય તેના માટે બેરિયર લગાવવા માટેના રૂ. ૩ કરોડના કામના ટેન્ડરને બહાર પાડ્યું હતું. જોકે હવે આ બાબતે એક્સપોર્ટનો અભિપ્રાય લેવાનું બહાનું આગળ કરીને અધિકારીઓએ પોતાના બચાવ માટે હાલ નિર્ણય મોકૂફ કરી પાછળથી ટેન્ડર રદ કરવા ના આપી હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત હાઈકોર્ટ તથા રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં આવેલ તમામ બ્રિજ પર લોડિંગ ક્ષમતા દર્શાવતા ડિઝાઈન કેપેસિટી ઈન્ફોર્મેશન સાઈન બોર્ડ લગાવવાની તેમજ જુના બ્રિજ પર રીસ્ટ્રિક્ટેડ હાઈટ બેરિયર લગાવવાની સૂચનાઓ આપવામાં આવી હતી. આ અનુસંધાને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરની હદમાં આવેલા તમામ બ્રિજની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી અને ફીઝીબિલિટી આધારે વિગતવાર ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ૧૯ ડિસેમ્બરએ મોદી સ્ટેડિયમમાં ભારત-આફ્રિકા T20 મેંચ



## ૧૯ ડિસેમ્બરની મેચ માટે ક્રિકેટ પ્રેમીઓ અત્યારથી લાઈનમાં લાગ્યા

અમદાવાદ,

૧૯ ડિસેમ્બરના રોજ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે છેલ્લી ૨૦ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાવાની છે. મેચને લઈને લોકોમાં અત્યારથી જ ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. છેલ્લી ટી-૨૦ મેચ માટેની ટિકિટનું વેચાણ શરૂ થઈ ગયું છે. ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે ટિકિટ ખરીદી શકાય છે. મોટેરામાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે લોકો મેચની ટિકિટ લેવા માટે આવી રહ્યા છે. રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની ટિકિટ માત્ર ઓનલાઈન જ મળશે અને બુકિંગ કરાવ્યા બાદ ફિઝિકલ ટિકિટ મેળવવાની રહેશે. જ્યારે રૂ. ૨૦૦૦થી ઉપરની ટિકિટ સ્ટેડિયમ ખાતેથી ફિઝિકલ પણ મેળવી શકશો.

વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે શુક્રવારે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે છેલ્લી ૨૦ મેચ રમાવવાની છે, જેની ઓનલાઈન-ઓફલાઈન ટિકિટનું વેચાણ શરૂ થઈ ગયું છે. https://in.bokomyshow.com વેબસાઈટ પરથી ઓનલાઈન ટિકિટ બુક કરી શકાય છે. જોકે રૂ.૫૦૦ અને ૧૦૦૦ની ફિઝિકલ ટિકિટ સ્ટેડિયમ પરથી મેળવી શકાશે નહીં. માત્ર ઓનલાઈન બુકિંગ કરવાની રહેશે. ટિકિટ બુક કર્યા બાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આવેલા બોક્સ ઓફિસમાંથી તેમજ મોબાઈલમાંથી જે જગ્યા પરથી ટિકિટ મેળવવાનો મેસેજ આવે ત્યાંથી ટિકિટ મેળવી લેવાની રહેશે.

રૂ. ૨૦૦૦, ૨૫૦૦, ૪૫૦૦, ૮૫૦૦ અને તેનાથી ઉપરની ટિકિટો ઓનલાઈન બુકિંગ અને ઓફલાઈન એમ બંને રીતે મેળવી શકાશે. જોકે, ઓનલાઈન ટિકિટ બુક કરાવ્યા બાદ ફિઝિકલ ટિકિટ મેળવી લેવાની રહેશે. જે લોકો ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવી રહ્યા છે અને જેમને ખબર છે કે બોક્સઓફિસ ખાતેથી ટિકિટ મેળવવાની છે, તેઓ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેના બોક્સ ઓફિસથી લેવા માટે આવી રહ્યા છે. મોટાભાગે રૂ. ૫૦૦ અને ૧૦૦૦, ૪૫૦૦ તેમજ ૮૫૦૦ની ટિકિટનું ખૂબ ઝડપથી વેચાણ થઈ રહ્યું છે.

# અદાણીની CNG ગેસકીટ ગાડીએ ઉડાડતા યુવકનું ઘટનાસ્થળે જ મોત

## અમદાવાદના મોદી પરિવારે એકનો એક દીકરો ગુમાવ્યો, કેમ્પ હનુમાનથી દર્શન કરી પરત ફરતો હતો

અમદાવાદ,

અમદાવાદનો ૨૦ વર્ષનો યુવક તેના પિતરાઈ ભાઈ સાથે એક્ટિવા લઈને શાહીબાગ કેમ્પ હનુમાન ખાતે દર્શન કરવા ગયો હતો. ત્યાર બાદ શાહીબાગથી થલતેજ પોતાના ઘરે પરત જઈ રહ્યો હતો ત્યારે નારણપુરા પાસે યુવકને પાછળથી આવી રહેલા સીએનજી ગાસ્કેટ ગાડીએ ટક્કર મારી હતી.જેમાં એકટીવા ચાલક યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે યુવકના પિતરાઈ ભાઈને સામાન્ય ઈજા પહોંચી છે.આ અકસ્માતમાં સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.અકસ્માતમાં પરિવારે એકનો એક દીકરો ગુમાવ્યો છે. થલતેજમાં આવેલી નિકિતા પાર્ક સોસાયટીમાં રહેતો વેદાંત મોદી તેના પિતરાઈ ભાઈ વ્રજ સાથે એકટીવા લઈને ગઈકાલે રાત્રે કેમ્પ હનુમાન ખાતે દર્શન કરવા માટે ગયો હતો.રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ વેદાંત અને વ્રજ એક્ટિવા પર મંદિરથી ઘરે પરત આવી રહ્યા હતા.ત્યારે નારણપુરા લાડલીના શોરૂમ સામેના રસ્તે એકટીવાને પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી અદાણી કંપનીની ગેસકીટ ગાડીએ ટક્કર મારી હતી. આ ટક્કર વાગતા જ વેદાંત અને વ્રજ એક્ટિવા સાથે પટકાયા હતા જેને કારણે વેદાંતને માથાના ભાગે ગંભીર ઈજા થતા સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે વ્રજને હાથ પર ઈજા હતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતા વેદાંતના પિતા મૌલિનભાઈ સ્થળ પર પહોંચ્યા હતા.

# ABVP કાર્યકરોએ જાહેરમાં યુવકને રસ્તા પર ઢોર માર માર્યો, પોલીસની હાજરીમાં જ વાળ ખેંચી માફી મંગાવાઈ

## કોલેજની વિદ્યાર્થિનીને હેરાન કરતો હોવાનો આક્ષેપ

સુરત,

સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં રવિવારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના કાર્યકરોએ એક યુવકને 'લવ જેહાદ'ના આક્ષેપ હેઠળ ઘેરીને જાહેરમાં બેરહેમીથી માર માર્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શહેરમાં કાયદો-વ્યવસ્થા કથળી હોવાના ગંભીર સવાલો ઉભા થયા છે. ટ્રાફિક પોલીસની હાજરી વચ્ચે પણ હુમલો થયો હોવા છતાં હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી, જ્યારે ABVPએ આ ઘટનાને કોલેજ વિદ્યાર્થિનીની હેરાનગતિ સામે 'સ્વરક્ષણ' ગણાવ્યું છે.

ABVPના જોઈન્ટ સેક્રેટરી શુભમસિંગ રાજપૂતે પક્ષ રજૂ કરતા જણાવ્યું હતું કે, આ યુવક ઘણા સમયથી એક કોલેજની વિદ્યાર્થિનીને હેરાન કરતો હતો અને તેનો પીછો કરી રહ્યો હતો. આ વિદ્યાર્થિની ABVPના જ એક કાર્યકરની બહેન હોવાનું બહાર આવ્યું છે. અનેક ચેતવણીઓ આપવા છતાં યુવક ન માનતા, જ્યારે તે અઠવાલાઈન્સ પાસે દેખાયો ત્યારે કાર્યકરોએ તેને સમજાવ્યો હતો પરંતુ, તે માનવા તૈયાર નહોતો.

વાયરલ થયેલા લાઈવ વીડિયોમાં સૌથી ચોંકાવનારુ દ્રશ્ય એ હતું કે, જ્યારે કાર્યકરો યુવકને મારી રહ્યા હતા ત્યારે ત્યાં ટ્રાફિક પોલીસના જવાનો પણ હાજર હતા. પોલીસકર્મીઓએ કાર્યકરોને રોકવાનો ઉપરછલ્લો પ્રયાસ કર્યો ખરો, પરંતુ ABVPના કાર્યકરોમાં કાયદાનો જરા પણ ડર હોય એવું દેખાયું નહીં. પોલીસની હાજરીમાં જ યુવકનો કોલર પકડીને તેને જાહેરમાં અપમાનિત કરવામાં આવ્યો અને તે હાથ જોડીને માફી માંગતો હોવા છતાં તેને ફટકારવામાં આવ્યો હતો.

આ વીડિયોમાં જોઈ શકાય છે કે, આક્રોશિત કાર્યકરોએ યુવકને મુક્કાનો સ્વાદ ચખાડ્યો હતો. એક તબક્કે યુવકના વાળ ખેંચી, યુવાન માફી માંગતો પણ નજરે આવે છે. આ દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થતા સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે અનેક સવાલો ઉભા થયા છે. લવ જેહાદના આક્ષેપો વચ્ચે જાહેરમાં આ રીતે હિંસા આચરવી તે ટોળાશાહી તરફ ઈશારો કરી રહી છે.

આ સમગ્ર મામલે ઉમરા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધતા ચોંકાવનારી વિગત મળી છે કે, આટલી મોટી હિંસા છતાં હજુ સુધી કોઈપણ પક્ષ તરફથી સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. જોકે, પોલીસનું કહેવું છે કે વાયરલ વીડિયોના આધારે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. બીજી બાજુ, છમ્ફના કાર્યકરોએ સ્પષ્ટ કર્યું છે કે, તે પોતાની બહેન-દીકરીઓની સુરક્ષા માટે કોઈ પણ હદે જઈ શકે છે. તેમનું કહેવું છે કે, જો પોલીસ રોમિયોગીરી કરનારા તત્વો સામે કડક પગલાં ન ભરે તો યુવા સંગઠનોએ મેદાને આવવું પડે છે.

# સીઆઈડી ક્રાઈમના અધિકારીઓ ૩૦ લાખની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપાયા

## ફરીયાદી તથા તેના મિત્ર સામે કોઈ કાર્યવાહી ન થાય તે બદલ લાંચની માંગણી કરી હતી

ગાંધીનગર,

ગુજરાતમાં ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી ચાલુ રાખતા એન્ટી કરપ્શન બ્યુરાએ એક મોટી સફળતા હાંસલ કરી છે. ગાંધીનગરમાં સીઆઈડી ક્રાઈમ સેલના બે પોલીસ કર્મચારીઓને રૂ. ૩૦ લાખની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે એસીબી દ્વારા ઝડપાયેલા આરોપી અધિકારીઓની ઓળખ-લાંચ સ્વીકારતા (૧) પેથાભાઈ કરમશીભાઈ પટેલ, હોદ્દો – પોલીસ ઈન્સપેક્ટર,સીઆઈડી ક્રાઈમ, સીઆઈ સેલ, ગાંધીનગર (૨) વિપુલભાઈ બાબુભાઈ દેસાઈ, હોદ્દો – આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ,સીઆઈડી ક્રાઈમ,સીઆઈ સેલ, ગાંધીનગર

પ્રાપ્ત માહિતી મુજબ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશનના ગુનાહિત કેસ ગુ.ર.નં. ૨૨/૨૦૨૪ સંદર્ભે ફરીયાદી તથા તેના મિત્ર સામે કોઈ કાર્યવાહી ન થાય તે બદલ આરોપીઓએ રૂ. ૩૦,૦૦,૦૦૦/-ની લાંચની માંગણી કરી હતી. ફરીયાદી લાંચ આપવા ઈચ્છતો ન હોવાથી તેણે જાગૃત નાગરિક તરીકે એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરીયાદ આધારે એસીબીએ સંપૂર્ણ યોજના મુજબ ટ્રેપ ગોઠવ્યો. તારીખ ૧૫/૧૨/૨૦૨૫ના રોજ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં સ્વાગત સિટી મોલ આગળ આવેલી "ધ ઓફિસીસ હરી ગ્રુપ" નામની નવી બનેલી સાઈટ પાસે જાહેર રોડ પર ટ્રેપ યોજાયો હતો. ટ્રેપ દરમિયાન આરોપી નં. ૨ વિપુલભાઈ દેસાઈએ ફરીયાદી સાથે રૂબરૂ વાતચીત કરીને લાંચ પેટે રૂ. ૩૦ લાખની રકમ સ્વીકારી હતી.

# રાજકોટથી હવે સૌરાષ્ટ્ર-કચ્છની તમામ જેલો અને એનડીપીએસના ગુના પર પોલીસની નજર રહેશે

## ૬૫ જેલના કુલ ૩ ઝોન અને નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના ૫ ઝોન પાડી પોલીસની તાકાતમાં વધારો કરાયો

રાજકોટ:ગુજરાત રાજ્યના જેલ અને સીઆઇડી (ક્રાઈમ અને રેલવે) વિભાગના ડીજીપી કે. એલ. એન. રાવના હસ્તે રાજકોટમાં બે મહત્વપૂર્ણ કચેરીઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ નવી કચેરીઓમાં સૌરાષ્ટ્ર-કચ્છ રેન્જ માટે જેલ વિભાગના ડીઆઇજીની કચેરી અને એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની ઝોનલ કચેરીનો સમાવેશ થતાં પોલીસની તાકાતમાં વધારો થયો હતો. આ બંને કચેરીઓ રાજકોટ રૂરલ સાયબર પોલીસ સ્ટેશનના સંકુલમાં કાર્યરત કરવામાં આવી છે. જે આગામી સમયમાં જેલ વહીવટ અને નશાબંધીના કાયદાના અમલીકરણમાં પાયાની ભૂમિકા ભજવશે.બંને કચેરીના લોકાર્પણમાં ડીજીપી કે. એલ. એન. રાવે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં હાલ કુલ ૬૫ જેલો કાર્યરત છે. જેમાં સેન્ટ્રલ જેલ, જિલ્લા જેલ અને તાલુકા સબ-જેલનો સમાવેશ થાય છે. અગાઉ આ જેલોનું સંચાલન મર્યાદિત કેન્દ્રો પરથી થતું હતું, પરંતુ હવે વહીવટી સરળતા અને જેલોના અસરકારક નિરીક્ષણ માટે રાજ્યને ૩ મુખ્ય ઝોનમાં વહેંચવામાં આવ્યું છે.આ ત્રણ ઝોન રાજકોટ, બરોડા અને અમદાવાદ છે. રાજકોટ ખાતેની આ નવી ડીઆઈજી જેલ કચેરી સૌરાષ્ટ્ર અને કચ્છની તમામ જેલો પર દેખરેખ રાખશે. ડીઆઈજીકક્ષાના ઉચ્ચ અધિકારી



અહીંથી જેલના કેદીઓની શિસ્ત, જેલની સુરક્ષા અને વહીવટી પ્રશ્નોનું સીધું સંચાલન કરશે. આ વ્યવસ્થાથી જેલના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ આવશે અને વડી કચેરી પરનું ભારણ ઘટશે.ડીજીપી કે.એલ.એન. રાવે વધુમાં ઉમેર્યું હતું કે, આ નવી વ્યવસ્થાથી પોલીસ અને જેલ તંત્ર વધુ આધુનિક અને વેગવંતું બનશે.

ઉપરાંત એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની ઝોનલ કચેરીના લોકાર્પણ સમયે ડીજીપી રાવે જણાવ્યું કે, સરકાર માદક દ્રવ્યોના વધતા દૂષણને ડામવા માટે અત્યંત ગંભીર છે. આ માટે અગાઉ સીઆઈડી ક્રાઈમમાં માત્ર એક 'નાર્કોટિક્સ સેલ' કાર્યરત હતો, જેને હાલ 'એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ'માં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. આ ટાસ્ક ફોર્સ સીધા એસપીકક્ષાના અધિકારીના માર્ગદર્શન હેઠળ કાર્ય કરશે. તેમજ રાજ્યમાં નશાના વેપારને તોડવા માટે સમગ્ર ગુજરાતને ૫ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યું છે, જેમાં રાજકોટ, અમદાવાદ, સુરત, બોર્ડર રેન્જ, અને બોર્ડર ઝોનનો પણ સમાવેશ થાય છે.રાજકોટની આ નવી ઝોનલ કચેરી સૌરાષ્ટ્રમાં માદક દ્રવ્યોની હેરાફેરી અને વેચાણ રોકવા માટે ગુપ્ત માહિતી એકઠી કરશે. મોટા પાયે દરોડા પાડીને તપાસની કાર્યવાહી તેજ બનાવશે. અહીં ડીવાયએસપી અને અન્ય ઉચ્ચ અધિકારીઓ તૈનાત રહેશે, જેઓ એનડીપીએસ એક્ટ હેઠળ આવતા તમામ કેસોનું ઉંડાણપૂર્વક ઈન્વેસ્ટિગેશન કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને રાજ્યના મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતને ડ્રગ્સ મુક્ત બનાવવા માટેના અભિયાનમાં આ કચેરીઓ ખૂબ મહત્વનું શસ્ત્ર સાબિત થશે.નશાના દૂષણને રોકવા માટે આ ઝોનલ ઓફિસ સ્થાનિક પોલીસ સાથે સંકલન સાધીને કામ કરશે, જેથી રાજ્યના યુવાધનને બરબાદ થતા અટકાવી શકાશે.આ તકે પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યાં હતાં.

# પ્રદુષણથી વધુ ખતરો : ઘરે ઘરે શરદી-ઉધરસ-તાવના ખાટલા : સપ્તાહમાં નવા ૨૩૨૮ કેસ



રાજકોટ:રાજકોટ શહેરમાં શિયાળાની કડકડતી ઠંડી હજુ શરૂ થઇ નથી પરંતુ શરદી, ઉધરસ અને તાવના કેસમાં સતત વધારો થતો રહે છે. આજે લગભગ ઘરે ઘરે શરદી, ઉધરસના કેસ જોવા મળે છે ત્યારે મચ્છરના ઉપદ્રવ વચ્ચે મચ્છરજન્ય નહી પરંતુ વાતાવરણ અને પ્રદુષણના કારણે થતા શરદી-ઉધરસ અને તાવના કેસ સતત આવી રહ્યા છે. છેલ્લા અઠવાડિયામાં પણ ડેંગ્યુના બે સહિત સીઝનલ રોગચાળાના ૨૩૦૦થી વધુ દર્દીની નોંધ મહાપાલિકાના ચોપડે ચડી છે. મેલેરીયા અને આરોગ્ય શાખાના રીપોર્ટ મુજબ તા.૮-૧૨ થી ૧૪-૧૨ દરમ્યાન ડેંગ્યુના બે કેસ આવ્યા છે. તો મેલેરીયા અને. ચીકનગુનીયાનો કોઇ કેસ ઘણા સપ્તાહથી આવ્યો નથી. જ્યારે શરદી-ઉધરસના ફરી ૧૨૭૧, સામાન્ય તાવના ૮૬૧ દર્દી નોંધાયા છે.

ખોરાક અને પાણીજન્ય ઝાડા-ઉલ્ટીના ૧૯૧, ટાઇફોઇડનો એક અને કમળાના બે દર્દી નવા આવ્યા છે. ગત સપ્તાહે કુલ દર્દીઓનો આંકડો ૨૩૩૬ હતો. જે ગઇકાલે પુરા થયેલા સપ્તાહમાં ૨૩૨૮ એટલે કે લગભગ સરખો જ રહ્યો છે. પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગે પાણીના ૮૮૧ નમુનાના ક્લોરીન ટેસ્ટ કરાવ્યા છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. સપ્તાહમાં ૨૨,૪૬૫ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૮૮૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો પર સઘન ચેકીંગ ચાલુ છે જે હેઠળ રહેણાક સિવાય અન્ય ૪૭૯ મિલ્કતોમાં તપાસ કરીને રહેણાંકમાં ૨૧૬ અને કોર્મશીયલમાં ૭૬ મિલ્કતધારકને નોટીસ આપવામાં આવેલ છે.


આમ તો મહાપાલિકાના ચોપડે પખવાડિયાથી રોગચાળાના આંકડા સ્થિર થઇ ગયા છે. શિયાળો આમ તો શકિતવર્ધક ગણવામાં આવે છે પરંતુ ન માત્ર બપોરે અને રાત્રે પરંતુ સવારે પણ હવે અનેક વિસ્તારમાં લોકો પ્રદુષણનો સામનો કરે છે. ધુમાડા ઓકતા વાહનોના પ્રદુષણ પર કોઇ તંત્રનું નિયંત્રણ નથી. આ કારણે પણ શરદી- ઉધરસના કેસ વધી રહ્યાનું ખાનગી તબીબો કહી રહ્યા છે. એકંદરે છેલ્લા થોડા મહિનામાં શરદી-ઉધરસના કેસ ખુબ વધી ગયાનું દેખાઇ રહ્યું છે.

# નાનામૌવા સર્કલ પર 'ગ્રીન અને રેડ' સિગ્નલ એકસાથે, તંત્ર ક્યારે જાગશે?

## વાહનચાલકો મૂંઝવણમાં અકસ્માતનું જોખમ

રાજકોટ:શહેરના હૃદય સમા નાનામૌવાસર્કલ પરના મુખ્ય ટ્રાફિક સિગ્નલની ગંભીર અને જોખમી ખામી.છેલ્લા કેટલાક સમયથી આ સિગ્નલ પરની ટેકનિકલ અવ્યવસ્થાના કારણે વાહનચાલકોની સલામતી જોખમાઈ છે. સિગ્નલ પર એક જ સમયે લાલ લાઈટ (થોભો) અને ડાબી તરફ વળવા માટેનો લીલો એરો (આગળ વધો) બંને એકસાથે ચાલુ રહે છે.

ટ્રાફિકના નિયમોનું પાલન કરતા દરેક વ્યક્તિ જાણે છે કે લાલ લાઈટ એટલે ફરજિયાત થોભવું, જ્યારે ગ્રીન એરો ચોક્કસ દિશામાં આગળ વધવાનો સ્પષ્ટ સંકેત આપે છે. આ વિરોધાભાસી સંકેતોને



કારણે રસ્તા પર સદંતર અંધાધૂંધીની સ્થિતિ સર્જાય છેઃ

લાલ લાઈટ જોઈને સીધા જતા વાહનો અટકી જાય છે, પણ ગ્રીન એરો જોઈને ડાબી બાજુ વળવા માંગતા વાહનો આગળ વધે છે.

આ મૂંઝવણના કારણે ટ્રાફિકની ગતિ અટકે છે અને કોઈ પણ ક્ષણે નાનો-મોટો અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના રહે છે.

ખાસ કરીને રાત્રિના સમયે, આ સિગ્નલની ગેરવ્યવસ્થા સ્પષ્ટપણે જોવા મળે છે, જેના કારણે સિગ્નલ ઓળંગવું કે થોભવું, તે નક્કી કરવું મુશ્કેલ બની જાય છે.

તાત્કાલિક ધોરણે આ ટ્રાફિક સિગ્નલનું નિરીક્ષણ કરી તેની ટેકનિકલ ખામી દૂર કરવામાં આવે. જાહેર સલામતી જાળવવી એ તંત્રની પ્રાથમિક જવાબદારી છે, અને આ ગંભીર બેદરકારીને લાંબો સમય નજરઅંદાજ કરી શકાય નહી.

# વડાપ્રધાનના આગમનની તૈયારીઓ : સર્કિટ હાઉસ અને આસપાસના ડામર રોડ નવેસરથી મઢવાનું શરૂ




રાજકોટ:રાજકોટમાં આગામી તા.૧૦ અને ૧૧ જાન્યુઆરીના રોજ વાઈબ્રન્ટ ગુજરાત સમીટ યોજાવાની છે. આ સમીટમાં ભાગ લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવવાના હોવાના સંદેશાથી રાજય સરકારથી માંડી સ્થાનિક કચેરીઓએ તૈયારી શરૂ કરી છે. આમ તો આ સમીટ રાજકોટ મનપાની હદ બહાર મારવાડી યુનિ. ખાતે યોજાવાની હોય, હાઈવે ટચ રસ્તા અને દબાણ હટાવ સહિતની કામગીરી સરકારી ખાતા કરવાના છે. પરંતુ વડાપ્રધાન રેસકોર્સ રોડ પર રોડ-શો કરે તેવી સંભાવનાથી સર્કિટ હાઉસ અને આજુબાજુના રોડ નવેસરથી ડામરથી મઢવામાં આવી રહ્યા છે.

ગઈકાલે રવિવારે શારદા બાગ 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસથી ફૂલછાબ ચોક સુધીના રસ્તે નવા ડામર કામનો પ્રારંભ મનપા પદાધિકારીઓએ કરાવ્યો હતો. આજે પણ ફૂલછાબ ચોકથી રીટર્ન સર્કિટ હાઉસના રસ્તે ડામર કામ ચાલી રહ્યું છે. આમ તો ફૂલછાબ ચોક રાજકોટમાં સૌથી વધુ વરસાદી પાણીના ભરાવા માટે પણ જાણીતો છે.આ સમસ્યાનો નિકાલ તંત્ર લાવી શકતું નથી. પરંતુ હવે વડાપ્રધાન આવવાના હોવાથી સર્કિટ હાઉસ ફરતેના રસ્તાને ટનાટન કરવા આ રોડ મઢાઇ ગયા છે. હજુ રેસકોર્સ રીંગ રોડ કનેકટેડ રસ્તાઓ પર ડામરના વધુ એક એક લેયર કરવામાં આવશે.

વડાપ્રધાન સર્કિટ હાઉસ આવશે કે નહી તે પણ કોઇ જાણતું નથી. પરંતુ આ દિવસોમાં સર્કિટ હાઉસ રીઝર્વ રહે તેમ હોય, આ રસ્તાઓને ચકાચક કરી દેવામાં આવશે. આમ વાઈબ્રન્ટ સમીટના મહિના અગાઉ સરકારી તંત્રો કામે લાગ્યા છે. જોકે મુખ્ય કામ હાઈવે પર આવેલ મારવાડી યુનિ. સુધીના રસ્તે રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો કરશે તેમ માનવામાં આવે છે. વર્ષમાં બીજી વખત રેસકોર્સ રીંગ રોડ ટચ રસ્તા પર ડામર થતા લોકોને પણ સુખદ આશ્ચર્ય થયું છે. સાથે જ સદર સહિતના વિસ્તારોનો વારો પણ આવી જશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને બે વર્ષની કેદ સાથે ચેકની ડબલ રકમ ચુકવવા આદેશ

રાજકોટ:ફરિયાદી ખીમાણી સાગરભાઇ હસમુખભાઇ સાગર ફુડના નામે રાજકોટ મુકામે ધંધો કરતા હોય અને રાજેશકુમાર બલરામ ગુપ્તા સંપર્ક કરીને નાણાની જરૂરીયાત ઉભી થતા મદદ કરવા માંગણી કરેલ ફરિયાદી ખીમાણી સાગરભાઇએ ઓળખાણ પરિચયમાં હોવાના નાતે મિત્રતાના કારણે ૭,૦૦,૦૦૦ મિત્રતાના સંબંધના નાતે હાથ ઉછીના રૂા. ૭,૦૦,૦૦૦ રોકડા આપેલ જે પેટે તેઓની સહી કરી ચેક આપેલ ત્યારે એવું પાકુ વચન, વિશ્વાસ અને ખાતરી આપેલ કે આ ચેક તમો બેન્કમાં વટાવવા નાખશો તો તમને તમારી કાયદેસરની લેણી નીકળતી રકમ મળી જશે.જેથી આરોપી રાજેશકુમાર બલરામ ગુપ્તાની વાત ઉપર વિશ્વાસ રાખી ફરીયાદી ખીમાણી સાગરભાઇએ રૂા. ૩,૫૦,૦૦૦ લખી આપેલો ચેક સ્વીકારેલ જે ચેક રાજકોટ શાખામાં રજુ કરતા ચેક ફંડસ ઈન સાફિસિયન્ટના શેરા સાથે વણ સ્વીકાર્યે પરત થયેલ હતા. જે બાબતની ફરિયાદી ખીમાણી સાગરભાઇએ ફરીયાદી આરોપી રાજેશકુમાર બલરામ ગુપ્તા વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮નો ભંગની ફરિયાદ કરેલ.જે કેસ કોર્ટમાં ચાલી જતા આરોપી રાજેશકુમાર બલરામ ગુપ્તાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ની જોગવાઈઓના ભંગ બદલ અદાલતે મહતમ બે વર્ષ સજા કરી ચેકની રકમ કરતા બમણી રકમનું વળતર જો રકમની ચુકવણી ન કરે તો છ માસની વધુ સજા કરતો હુકમ ફરમાવ્યો છે. ફરીયાદી સાગર ફુડના પોપરાઇટર ખીમાણી સાગરભાઇ હસમુખભાઇ તરફે રાજકોટના યુવા ધારાશાસ્ત્રી હેમલકુમાર બી. ગોહેલ, હીરેન્દ્રસિંહ આર. ચૌહાણ, આનંદ સદાવ્રતી રોકાયેલા હતા.

# રાજકોટ શહેરની ૨૮ સોસાયટીમાં લાગુ કરાયેલ અશાંત ધારાની મુદત જાન્યુઆરીમાં પૂર્ણ

## મુદત વધારા માટે કલેકટર તંત્ર દ્વારા રાજ્ય સરકારને દરખાસ્ત મોકલાઈ: નોટીફીકેશનની રાહ

રાજકોટ, રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં પશ્ચિમ વિસ્તારની ૨૮ જેટલી સોસાયટીઓમાં લાગુ કરાયેલ અશાંત ધારાની મુદત આગામી તા. ૧૩ જાન્યુઆરીના પૂર્ણ થતી હોય આ અશાંત ધારાની મુદત લંબાવવાનું કાઉન્ટ-ડાઉન શરૂ થવા પામેલ છે. આ અંગે રાજ્ય સરકારની મંજૂરીની કાગડોળે રાહ જોવાઇ રહી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા અગાઉ શહેરની પશ્ચિમ વિસ્તારની સોસાયટીઓમાં અશાંત ધારાની મુદત લંબાવવા માટે જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશને દરખાસ્ત કરવામાં આવી હતી. જે બાદ કલેકટર ડો. ઓમપ્રકાશ દ્વારા આ દરખાસ્તનો અભ્યાસ કરી તેને રાજ્ય સરકારને મોકલી આપવામાં આવી હતી તેવું સુત્રોએ જણાવ્યું હતું હવે આ બાબતે અશાંત ધારાની મુદત લંબાવતા રાજય સરકારના નોટીફીકેશનની ચાતક નજરે પ્રતિક્ષા કરવામાં આવી રહી છે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં છોટુનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી, નિરંજની સોસાયટી, આશુતોષ સોસાયટી, સિંચાઇનગર સોસાયટી, આરાધના સોસાયટી, સ્વસ્તિક સોસાયટી, પ્રગતિ સોસાયટી, ઈક્રમટેક્સ સોસાયટી, બેંક ઓફ બરોડા સોસાયટી, દિવ્યસિધ્ધિ સોસાયટી, જીવનપ્રભા સોસાયટી, અંજની સોસાયટી, કૃષ્ણકુંજ સોસાયટી, સૌરભ સોસાયટી, રેસકોર્સ પાર્ક, વસુંધરા સોસાયટી, અવંતિકા પાર્ક, જનતા જનાર્દન સોસાયટી, જાગૃતિ શ્રમજીવી સોસાયટી, કૃષ્ણકુંજ સોસાયટી, સૌરભ સોસાયટી, યોગેશ્ર્વર પાર્ક, શ્રેયસ સોસાયટી, નવયુગ સોસાયટી, બજરંગવાડી, સુભાષનગર, ચુડાસમા પ્લોટ સહિતના સોસાયટી વિસ્તારોનો સમાવેશ થાય છે.

અહીંએ ઉલ્લેખનીય છે કે શહેરની પશ્ચિમ વિસ્તારની આ ૨૮ સોસાયટીઓમાં રાજ્ય સરકાર દ્વારા તા. ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ના અશાંત ધારો લાગુ કરવામાં આવેલ હતો. જેની મુદત હવે તા. ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પૂર્ણ થઇ રહી છે.ત્યારે હવે અશાંત ધારાની મુદત વધારવાનું કાઉન્ટ-ડાઉન શરૂ થવા પામેલ છે. જેમાં અશાંત ધારાના કેટલાક કેસ હજુ પોલીસ વિભાગમાં પણ પેન્ડીંગ પડેલ છે. ત્યારે હવે મુદત વિત્યા સમયસર રાજ્ય સરકાર દ્વારા નોટીફીકેશન બહાર પાડવામાં નહીં આવેલ અશાંત ધારા હેઠળ આવતા મિલ્કતોના ખરીદ-વેચાણમાં પણ અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડે તેવા સંજોગોનું નિર્માણ થશે. કલેકટર દ્વારા તંત્ર દ્વારા અશાંત ધારા મુદત લંબાવવા માટે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી દેવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે બીજી તરફ શહેરના વધુ વિસ્તારોને આ અશાંત ધારા હેઠળ આવરી લેવા માટે પ્રજાના પ્રતિનિધિ એવા ધારાસભ્યો દ્વારા અગાઉ કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. ત્યારે હવે અશાંત ધારામાં શહેરના વધુ નવા વિસ્તારોને સમાવેશ કરાશે કે કેમ ? તેનો આગામી સમયમાં રાજ્ય સરકારનું નવું નોટીફીકેશન આવ્યા બાદ જ ખબર પડશે.

# જુના રાજકોટને નવું બનાવાશે! હેરીટેજ સ્થળોનો વારસો સાચવવા સરકારની સૂચના

રાજકોટ:મહાપાલિકા દ્વારા રેસકોર્સની આર્ટ ગેલેરી ખાતે હેરીટેજ રાજકોટ અને મહાનગરના રજવાડી વારસા સહિતનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે ત્યારે હવે રાજકોટના આ ઐતિહાસિક વારસાનું જતન કરવા પણ રાજ્ય સરકારે પણ સૂચના આપી છે. આથી જુના રાજકોટ સહિતના દાયકાઓ જુના બાંધકામો, તળાવ, ધાર્મિક, સામાજીક અને લોકસાહિત્ય સહિતના વારસાનું જતન કરવા ખાસ સર્વે કરવા નિર્ણય લેવાયો છે. તેના ભાગરૂપે ખાસ સલાહકાર નીમવા ટેન્ડર બહાર પડાયું છે. રાજકોટમાં કલ્ચરલ હેરીટેજ પોલીસી બનાવવા માટે ખાસ સલાહકાર નિમવામાં આવશે. તેના પરથી હેરીટેજ સ્થળોનું જતન કઇ રીતે કરવું તેના લાંબાગાળાનું આયોજન કરવા તંત્રની ગણતરી છે. શહેરમાં વર્ષો પહેલા બનાવવામાં આવેલ ઐતિહાસિક સ્થળો, ઇમારતો, તળાવો,



### પ્રથમ વખત કલ્ચરલ હેરીટેજ પોલીસી બનાવવા નિર્ણય: સલાહકાર રોકીને સર્વે કરવા મનપાએ ટેન્ડર બહાર પાડયા

ટાવર, શાળાઓ, જાહેર સ્થળો, ગાર્ડન, જૂની કચેરીઓ, શાક માર્કેટ, વોલ ટાવર, ઐતિહાસિક બજારો આજે પણ રાજકોટની ઓળખમાં સામેલ છે. પરંતુ સંખ્યાબંધ ઈમારતો ખખડેલી હાલતમાં આવી ગઇ છે. અનેક ઈમારતો નામશેષ થવા લાગી છે.આથી નવા શહેરમાં પણ ઐતિહાસિક ઘરોહરની માહિતી સાથે તે સમયના બાંધકામો સહિતનું જ્ઞાન લોકોને પ્રાપ્ત થાય તે માટે સરકારે રાજકોટ શહેરમાં આવેલ જૂના બાંધકામોથી માંડી ગરબા, લોકસાહિત્ય સહિતના વારસાને જીવંત રાખવા માટે સર્વે કરી જાળવણી કરવાની સૂચના આપી છે. જેથી કોર્પો.એ ઐતિહાસિક ઘરોહરોનો સર્વે કરવા માટે ક્ધસલટન્ટની નિમણુક કરવા ટેન્ડર જાહેર કર્યા છે.

મહાત્મા ગાંધીજીની યાદો જ્યાં જોડાયેલી છે તે ધર્મેન્દ્ર રોડ પર આવેલ ક.બા. ગાંધીનો ડેલો તથા ગાંધી મ્યુઝીયમ સહિતની અમુક પ્રાચિન ઈમારતોની જાળવણી કરવામાં આવી છે. તેમજ આ ઘરોહરોનુ મ્યુઝીયમમાં રૂપાંતર કરી જર્જરિત થતી બચાવવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને તેના વિશે વધુમાં વધુ જાણકારી ઉપલબ્ધ થાય તે માટે હેરીટેજમાં સામેલ કરાયા છે. દરબારગઢના રીનોવેશનનું પણ પ્લાનિંગ થયુંછે.તો બીજી તરફ શહેરમાં અનેક પ્રાચિન ઈમારતો હજૂ પણ દિવસે દિવસે જર્જરિત થતી જાય છે. પરંપરાગત સંસ્કૃતિ, પ્રાચિન ગરબીઓ તેમજ લોકસાહિત્યો સહિતના વારસાનું જતન થાય તો નવી પેઢી ઈતિહાસ જાણી અને જોઇ શકે છે.

# રેતી-કપચીના ધંધાર્થી પર જીવલેણ હુમલો કરનાર આરોપીઓ અંતે પકડાયા

## ગાંધીગ્રામ પોલીસે પિતા-પુત્ર સહિત છ શખ્સોને પકડી આકરી સરભરા કરી, રિકન્સ્ટ્રક્શન કરાવાશે

રાજકોટ:અયોધ્યા ચોક પાસે સીનર્જી હોસ્પિટલ નજીક વેપારની અદાવતને લઈ મારામારીની એક ગંભીર ઘટના એક મહિના પહેલા બની હતી. જેમાં રૈયા રોડ પર રહેતાં રેતી કપચીનો ધંધો કરતાં યુવાન પર તેના જ મિત્ર, મિત્રના પિતા સહિતનાએ ટોળકી રચી હુમલો કરી સરાજાહેર ધોકા, બેટથી માર મારી તેમજ પછાડી દઇ છાતી પર એક શખ્સે બેસી જઈ બીજા શખ્સોએ ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. આ ઘટના સોશિયલ મિડીયામાં વાયરલ થઈ હતી. પોલીસે રાયોટીંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તજવીજ કરી હતી. દરમિયાન એક મહિના પછી પોલીસે આરોપીને પકડી લીધા છે. છ આરોપીઓને ઘટના સ્થળે લઈ જઈ રીક્ધસ્ટ્રકશન કરવા તજવીજ કરવામાં આવી હતી.બનાવ અંગે રૈયા રોડ પર રૂક્ષમણી પાર્ક શેરી નં. ૧ માં રહેતા અને બિલ્ડિંગ મટીરીયલ રેતી-કપચીનો વેપાર કરતા પાર્થ ઉર્ફે સોનુ નિતિનભાઈ ફિચડીયા (ઉ.વ.૨૧) પર ૧૬/૧૧ના સાંજે સાડા સાતેક વાગ્યે પાંચ શખ્સોએ ૧૫૦ રીંગ રોડ અયોધ્યા ચોક સિનર્જી હોસ્પિટલ નજીક ધોકા, બેટથી હુમલો કરી બેફામ માર મારતાં અને ઢીકાપાટુ પણ મારતાં સારવારમાં ખસેડાયો હતો. જે મામલે ગાંધીગ્રામ પોલીસે મયુર શાંતિલાલ દેવાયતકા, તેનો દિકરો પ્રણવ ઉર્ફ કાનો મયુર દેવાયતકા, શની કિરીટ દેવાયતકા, હિતેષ મોઢવાડીયા, કાન ઓડેદરા અને અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો.આ ગુનામાં ગાંધીગ્રામ પોલીસે મયુર શાંતીભાઈ દેવાયતકા (ઉ.વ.૪૩-રહે. ભરતવન સોસાયટી પાસે નાણાવટી ચોક), તેના પુત્ર પ્રણવ ઉર્ફ કાનો મયુર દેવાયતકા (ઉ.વ.૨૧), સન્ની કિરીટ દેવાયતકા (ઉ.વ.૨૦-રહે. રામેશ્વર પાર્ક-૫, નાણાવટી ચોક), હિતેષ મેરામણ મોઢવાડીયા (ઉ.વ.૩૪-રહે. અમૃત રેસીડેન્સી ૧૫૦ રીંગ રોડ), કાના જેઠા ઓડેદરા (ઉ.વ.૪૯-રહે. રામગઢ તા. રાણાવાવ) અને સાગર મનસુખ ક્રિષ્નાતર (ઉ.વ.૪૦-રહે. રંભામાની વાડી પાસે શીતલ પાર્ક)ને ઝડપી આકરી સરભરા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગઈ તા. ૧૬/૧૧ના સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ ૧૫૦ ફૂટ રિંગ રોડ, અયોધ્યા ચોક ખાતે હતો ત્યારે ફરીયાદીનાં મિત્ર પ્રણવ ઉર્ફ કાનાના પિતા મયુર દેવાયતકાએ સિર્નજી હોસ્પિટલ પાસે બોલાવ્યો હતો. ત્યાં જતાં મયુર દેવાયતકાએ ધંધાકીય અદાવત રાખી ખાર કાઢતા કહ્યું કે, 'તું અમારી પાસેથી ધંધો શીખ્યો અને અમારા ગ્રાહકને તુ કેમ બિલ્ડિંગ મર્ટીરીયલ નાખવા જાય છે?' આટલું કહી મયુરએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડાના ધોકા વડે માર મારવાનું શરૂ કર્યું હતું. આ વખતે મિત્ર પ્રણવ ઉર્ફે કાનો મયુરએ અને શની બારોટે ધોકાથી માર માર્યો હતો. જયારે કાન ઓડેદરા પછાડી છાતી ઉપર બેસ ગયો હતો અને હાથ-પગ પકડી રાખ્યા હતાં. જેથી તે બચાવ કરી શક્યો નહોતો.

આ બાદ આરોપીઓએ બેફામ ઢીકાપાટુ માર્યા હતાં. યુવાને બૂમાબૂમ કરતાં લોકો ભેગ થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ ઘટના બાદ ગાંધીગ્રમ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. આર. મેઘાણીએ આરોપીઓ વિરૂધ્ધ રાયોટીગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે ઘટનાને ગંભીરતાથી લઈ આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી હતી.

# વોકહાર્ટ હોસ્પિટલ સાથે ડો.જીજ્ઞેશ પટેલ નામનો કોઇ તબિબ સંકળાયેલો નથી

રાજકોટ: તાજેતરમાં જય રેણપરા નામના એન્જીનિયર યુવકનું મોત તબીબી બેદરકારીને કાણરે થયુ હોવાની પોલીસ ફરીયાદ, દોઢ વર્ષ બાદ નોંધાઈ હતી.જે બાબતે રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલે એક સ્ટમેન્ટ (નિવેદન) જારી કરી જણાવેલ છે કે વોકહાર્ટ હોસ્પિટલ સ્પષ્ટપણે જણાવવા માંગે છે.કે ડો.જિગ્નેશ પટેલ નામના કોઈ ડોકટર વોકહાર્ટ હોસ્પિટલ સાથે સંકળાયેલ નથી અથવા કોઈપણ પદ પર કામ કરતા નથી અમે પોલીસ વિભાગને પણ આ માહિતી આપવા જઈ રહ્યા છીએ.હોસ્પિટલના ધ્યાનમાં આવ્યું છે.કે વોકહાર્ટ હોસ્પિટલ સાથે ઉપરોકત વ્યકિતનાં જોડાણ અંગે ખોટા અહેવાલો પ્રસિદ્ધ થયા હતાં. વોકહાર્ટ હોસ્પિટલ દર્દીઓની સલામતી, પારદર્શિતા અને નૈતિક આરોગ્યસંભાળ પ્રથાઓ માટે પ્રતિબદ્ધ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## વિકાસ માટે : સકારાત્મક નીતિઓ અને રચનાત્મક રાજકારણનો પડકાર

વર્તમાન રાજકીય પરિદૃશ્યમાં, જ્યાં એક તરફ કેન્દ્ર સરકાર વિકાસલક્ષી યોજનાઓને અભૂતપૂર્વ ગતિ આપી રહી છે, ત્યાં બીજી તરફ આ વિકાસની ગતિ પર રાજકીય વિરોધના ઓછાયા પણ જોવા મળી રહ્યા છે. સરકારનું ધ્યાન સ્પષ્ટપણે સબકા સાથ, સબકા વિકાસના મંત્ર પર કેન્દ્રિત છે, જેના પરિણામે મૂળભૂત માળખાગત સુવિધાઓ, ગરીબ કલ્યાણ અને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની છબી સુધારવા જેવા અનેક ક્ષેત્રોમાં નક્કર પ્રગતિ જોવા મળી રહી છે. સરકારનું વલણ મહત્વાકાંક્ષી છે; પછી તે રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ હોય, ડિજિટલ ઇન્ડિયા દ્વારા સામાન્ય નાગરિકોને સરકારી સેવાઓનો લાભ આપવાનું હોય, કે પછી દેશના દરેક ઘર સુધી પાણી પહોંચાડવાની જળ જીવન મિશન જેવી યોજનાઓ હોય. આ તમામ પગલાં દેશને એક નવા આર્થિક અને સામાજિક યુગ તરફ દોરી જવાનો સરકારનો સકારાત્મક ઈરાદો દર્શાવે છે.

જોકે, લોકશાહીમાં સરકારના સકારાત્મક પ્રયાસો વચ્ચે પણ વિપક્ષની ભૂમિકા એટલી જ મહત્વની રહે છે. વિપક્ષ એ 'ચેક એન્ડ બેલેન્સ' સિદ્ધાંતનો પાયાનો પથ્થર છે, જે સરકારની નીતિઓની ખામીઓ ઉજાગર કરવાનું અને મનસ્વી નિર્ણયોને પડકારવાનું મહત્વપૂર્ણ કાર્ય કરે છે. આ સંઘર્ષ વાસ્તવમાં 'સંવાદ'ની એક પ્રક્રિયા છે, જે અંતે વધુ સારા કાયદા અને નીતિઓ તરફ દોરી જાય છે.

વિકાસ લક્ષી યોજનાઓ પર વિરોધનું રાજકારણ આજે જોવા મળે છે.સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે હવે માત્ર સરકારની નિષ્ફળતાઓ કે નીતિગત ખામીઓ પર જ નહીં, પણ તેની સ્પષ્ટપણે વિકાસલક્ષી અને પ્રગતિશીલ યોજનાઓ પર પણ રાજકીય વિરોધનું વલણ જોવા મળી રહ્યું છે. આ વિરોધ માત્ર નીતિગત ચર્ચા પૂરતો સીમિત ન રહેતા, ઘણીવાર રાજકીય લાભ મેળવવાની પ્રવૃત્તિ બની જાય છે.દાખલા તરીકે, કેન્દ્ર સરકારે જ્યારે આધુનિકીકરણ અને ક્ષમતા વધારવા માટે દેશના મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સને ઝડપથી મંજૂરી આપી, ત્યારે વિપક્ષ દ્વારા તેના અમલીકરણની પ્રક્રિયા પર શંકા ઊભી કરવામાં આવી. વંદે ભારત ટ્રેન પ્રોજેક્ટ જેવી આધુનિક પરિવહન વ્યવસ્થા, જે ભારતીય રેલવેની ક્ષમતામાં ક્રાંતિકારી પરિવર્તન લાવી રહી છે, તેના પર પણ વિપક્ષે માત્ર સકારાત્મક ચર્ચા કરવાને બદલે, તેના ખર્ચ કે ડિઝાઇનને લઈને સતત પ્રશ્નો ઊભા કર્યા. જ્યારે આ યોજનાનો ઉદ્દેશ સ્પષ્ટપણે દેશના નાગરિકોને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધા આપવાનો છે, ત્યારે તેના પરનો અતિશય નકારાત્મક વિરોધ જનતામાં મૂંઝવણ ઊભી કરે છે.આ ઉપરાંત, જ્યારે સરકારે ગરીબ અને વંચિતો સુધી સીધી સહાય પહોંચાડવા માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડ્ટ્ર્મ) જેવી યોજનાઓને વધુ મજબૂત બનાવી, જેણે ભ્રષ્ટાચાર ઘટાડવામાં મદદ કરી, ત્યારે પણ વિપક્ષ દ્વારા તેની ટેક્નોલોજી અને ડેટા સિક્યોરિટી પર સતત શંકાઓ વ્યક્ત કરવામાં આવી, જેનાથી લાભાર્થીઓ વચ્ચે ગેરસમજ ઊભી થઈ. આ પ્રકારનો નકારાત્મક વિરોધ, જે વિકાસને અવરોધે છે, તે દેશના હિતમાં નથી. સંવાદનું ધોવાણ અને લોકશાહીનો પડકાર આજે મુખ્ય પ્રશ્ન છે.સંસદનું કામ માત્ર કાયદાઓ પસાર કરવાનું નથી, પરંતુ દેશના પ્રમુખ મુદ્દાઓ પર ગંભીર અને રચનાત્મક ચર્ચા કરવાનું છે. જ્યારે સત્તા પક્ષ વિકાસના એજન્ડાને આગળ ધપાવે છે, ત્યારે વિપક્ષની જવાબદારી માત્ર 'વિરોધ'ની નહીં, પણ 'વૈકલ્પિક નીતિ રજૂ કરવાની' હોવી જોઈએ. જો કોઈ પ્રોજેક્ટમાં ખામી હોય તો તેને સુધારવાનો રચનાત્મક માર્ગ બતાવવો જોઈએ, નહીંતર સમગ્ર યોજનાને રાજકીય રીતે નિષ્ફળ ગણાવવી એ લોકશાહી પ્રત્યેની બેજવાબદારી છે.

# આ દેશની માટી..

## સાહસિક શિબિર દ્વારા યુવાનોની શક્તિનું ઉર્ધ્વીકરણ કરવાના કાર્યક્રમ દ્વારા આ દેશની માટીનું ગૌરવ પ્રસ્થાપિત કરવાની નક્કર ભાવના - રાષ્ટ્ર ભાવના, રાષ્ટ્ર ગૌરવ માટે હિંમત દાખવનારા સાહસિકોનું પ્રેરણા પાથેય






અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

સાહસિક શિબિરાર્થીઓ પાસે એક પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે જો તમે અહીં છાવણી નાખશો તો અમે રાતના તેને આગ લગાડીશું. એક દિવસ સુધી તો એના કારણે સાહસિક તાલીમાર્થીઓનાં મનમાં ચિંતા રહી. વળી, તેમનામાં હિંમત જાગીને કશું થાય તો કોઈ વાંધો નહિ, પરંતુ અહીં આટલા બધા સાહસવીરો આવ્યાં છીએ, જે રાષ્ટ્રશક્તિએ આ આયોજન કરાવ્યું છે તે જ આપણી રક્ષા કરશે. બે ટકાના માણસો તો ગમે તેમ બકતા રહે છે, પરંતુ તે મહાશક્તિ આગળ તેમનું કશું નહિ ચાલે. પછી તો એ બાબતની ચિંતા જ છોડી દીધી. એ સાહસિક શિબિર અભૂતપૂર્વ અને અદ્ભુત રહી. એમાં ઘણા બધા સાહસિક યુવાનોએ ભાગ લીધો.

આ સ્થળે રહેતાં ત્યાંના કેટલાક લોકો આ શિબિરના વિરોધી હતા. જો કે શિબિરાર્થીઓએ તો કદાપિ કોઈના પ્રત્યે વિરોધનો ભાવ રાખ્યો જ નહીં, પરંતુ એ લોકોના મનમાં વિરોધ કરવાની વૃત્તિ હતી. કારણ કે એ લોકો રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનારા હતા. એ લોકોને એવું લાગતું હતું કે અમારો વિસ્તાર પડાવી લેવા માટે આવી શિબિરો અહીં યોજવામાં આવી રહી છે. એ લોકો તેમના અંગત સ્વાર્થના લીધે વિરોધ કરી રહ્યા હતા. એમણે તો એવી યોજના ઘડી હતી કે શિબિર માટે મૂકેલી પાણીની ટાંકીઓમાં ઝેર નાંખી દઈશું, જેથી જેટલા લોકો પાણી પીશે તેઓ બધા મરી જશે. તેઓ જે ભોજન બનાવે એમાં પણ ઝેર ભેળવી દઈશું.

તમામ શિબિરાર્થીઓએ સતર્કપણે સાવધાની રાખી. જે કાંઈ થશે તે જોયું જશે. તેમને જેમ કરવું હોય તેમ કરે. આપણા રક્ષક તો રાષ્ટ્રદેવ છે. રાષ્ટ્ર ભાવનાનો સહારો છે, તેથી ડરવાની કે ગભરાઈ જવાની કોઈ જરૂર નથી. શા માટે ડરવું જોઈએ ?

ફરી પાછી ધમકી આવી. કોઈકે ફોન કર્યો કે અમે તમારું અપહરણ કરીશું. સાહસવીરોએ પૂરેપૂરી સાવધાની રાખી. જે પરિવારોમાંથી આ યુવા સાહસવીરો અહીં આવ્યા છે તેમને કેટલી વેદના થઈ હશે.

સાહસવીરોએ અહીં જે કાર્ય કરવાનું હતું એ તો અવશ્ય પૂરું કર્યું. એમની જગ્યાએ જો બીજું કોઈ હોત તો તે ગભરાઈને એ કાર્ય અટકાવી દેત, પરંતુ આ વીરસેના ડરી પણ નહિ અને અટકી પણ નહિ. તેમણે દ્રઢ સંકલ્પ કરેલો કે શિબિર અવશ્ય થશે અને ખરેખર તે પૂર્ણ કરી. એ શિબિર પૂરી થયા પછી લોકોએ કહ્યું કે આવો ભવ્ય સાહસ યજ્ઞ તથા છાવણીઓ મહાભારતકાળમાં થયો હશે ત્યારપછી આ પહેલીવાર થયો છે. આટલો વિશાળ અને ભવ્ય સાહસ યજ્ઞ રાષ્ટ્રની યુવા શક્તિને આભારી છે.

હવે તો યુવા સાહસિક શિબિરોનું મિશન એટલું બધું ફેલાઈ ગયું છે અને હજુ ફેલાઈ રહ્યું છે કે તે આખા રાષ્ટ્રમાં છવાઈ જશે. અત્યારે આવી શિબિરોના કાર્યક્રમો સાહસિક યુવાનોને જ આપવામાં આવ્યા છે. તેમાં સમગ્ર રાષ્ટ્રના કોઈ પણ પ્રાંત બાકી નહિ રહે. માત્ર પ્રાંત જ નહિ, પરંતુ એક પણ ઘર બાકી નહિ રહે કે જ્યાં સાહસિકતાના વિચારો યુવાનોમાં ન પહોંચ્યા હોય. જે દરેક વ્યક્તિ સુધી પહોંચી જશે. ભલે લોકો એમાં સહયોગ આપે કે ન આપે. વિચાર દરેકે કરવાનો છે. જો લોકો સહયોગ નહિ આપે તો પણ રાષ્ટ્રનું કામ અટકવાનું નથી.

આ મિશન આટલું બધું વિરાટ છે, તે મિશન કેટલું વધી રહ્યું છે અને ક્યાંથી ક્યાં પહોંચી ગયું છે, કદાચ કોઈને એવું લાગતું હશે કે અહીં જેટલા શિબિરાર્થીઓ છે એટલું મોટું મિશન હશે, પરંતુ રાષ્ટ્રમાં લાખો કરોડો લોકો આ પ્રકારની રાષ્ટ્રભાવના સાથે છે. જો તેઓ પોતાનો પ્રાણ આપી દેવા પણ તૈયાર થઈ જાય એવાં હોનહાર યુવાનો તેની સાથે છે.

કદાપિ કોઈ સાહસવીર પ્રાણ ગુમાવે એવી કલ્પના પણ કરવી નહીં. તે શા માટે પ્રાણ ગુમાવે ? કહેવાનું તાત્પર્ય એ છે કે રાષ્ટ્ર સાહસિકતાના ડગલામાં ડગલું મેળવીને સાથે ચાલવા માટે દરેક વ્યક્તિ તૈયાર છે. રાષ્ટ્રના દરેક નાગરિકે પણ હંમેશાં તૈયાર રહેવું જોઈએ.

હવે જે વિસ્તારમાં જે સાહસિક શિબિર થશે તેમાં ત્યાંના નાગરિકોનું કર્તવ્ય છે કે બધા હળીમળીને સાહસિક શિબિર ને સફળ બનાવે, તે માટે સંગઠિત રહીને સૌ કામ કરે, ત્યાં જઈને બધી રીતે મદદ કરે, એમાં જ આપણું ગૌરવ છે.

આ રીતે જ લોકોમાં જુસ્સો જાગી જશે. સ્વતંત્રતા આંદોલનની એવી એક લહેર પેદા થઈ હતી કે બધા લોકો આ આંદોલનમાં ઉમટી પડયા હતા. એ આંદોલનમાં નાના મોટા એમ બધાએ ભાગ લીધો હતો અને એ બધાના સંયુક્ત પ્રયાસોથી આપણને સ્વતંત્રતા મળી ગઈ. જો કે એના માટે આપણે બહુ મોટો ભોગ આપવો પડયો હતો. એમાં અનેક લોકોએ પોતાનાં બલિદાન આપ્યાં હતાં ત્યારે આપણને એ આઝાદી મળી હતી.

સાહસિક શિબિરમાં શિબિરાર્થીઓ યાદ કરે છે કે આ માટી માટે ભગતસિંહ ફાંસી પર ચડી ગયા હતા. આ માટીના સોગંદ અનેક રાષ્ટ્રભક્તોએ પણ ખાધા હતા કે હું મારી માતૃભૂમિના સોગંદ ખાઉં છું કે જ્યાં સુધી સ્વતંત્રતા નહિ મળે ત્યાં સુધી હું શાંતિથી નહિ બેસું. પછી તો એ શપથની પરંપરા આગળ વધતી ગઈ કે મારા સમાજ માટે, મારા દેશ માટે હું આખી જિંદગી સુધી પરિશ્રમ કરતો રહીશ અને એ વચન તેમણે પૂરું પણ કર્યું.

આ દેશની માટી તુચ્છ કે સામાન્ય નથી. તે સોના, હીરા અને ઝવેરાતથીયે મૂલ્યવાન છે. આ માટીને માથે લગાડવી જોઈએ તથા હૃદયે લગાડવી જોઈએ, કારણ કે આ માટીમાં મહાન સંત, શૂરા અને સપૂત પેદા થયા છે. જેમણે આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રખર અને પ્રચંડ સાધના કરી અને સાહિત્યના ક્ષેત્રમાં પણ એટલું અદ્ભુત કાર્ય કર્યું એવા ઋષિમુનિઓએ આ માટીનું પૂજન અને જતન કર્યું છે.

# યુવાન મિત્ર, શિષ્ય કોના બનશું? શરણાગતિ કોની કરશું?

કરંટ ટોપિક

'રામચરિતમાનસ' અંતર્ગત આ કથામાં આપણે વિભીષણનું દર્શન કરી રહ્યાં છીએ. 'માનસ-વિભીષણ', આ તો બહુ મોટો વિશાળ પ્રસંગ છે. આમ જોઈએ તો 'રામાયણ'ના સાતેય કાંડમાં શરણાગતિ છે. શરણાગતિ બહુ ઉત્તમ વસ્તુ છે, પણ ધ્યાન રાખવાનું યુવાન ભાઈ-બહેનોએ કે મંથરા જેવી નીચમતિની શરણાગતિ ન કરાય, નહિતર પરિણામ ખરાબ આવે.કૈકયી મહાન છે; એનો બાપ પણ મહાન છે. કૈકયી સુંદર છે, પણ જેના વાળ સફેદ થયા છે, એટલી ઉંમરવાળો માણસ બીજી રાણીઓની તુલનામાં કૈકયી તરફ વધારે આસક્ત રહે છે; કામશક્તિ કૈકયી તરફ વિશેષ છે અને કામને લીધે દશરથજીની કૈકયીમાં રહેલી શરણાગતિથી એણે પ્રાણ પણ ગુમાવવો પડ્યો અને દીકરો પણ ગુમાવવો પડ્યો; વનમાં મોકલી દેવો પડ્યો. એટલે કોની શરણાગતિ કરવી એનો પણ માણસે વિચાર કરવો રહે.કૈકયીએ મંથરાની શરણાગતિ કરી. મંથરાના ચરણોમાં કૈકયી પૂર્ણપણે એની થઈ ગઈ, ત્યાં સુધી કે હે મંથરા, તું મને કહે તો હું કૂવામાં પડું. તું મને કહે તો મારા પુત્ર અને પતિનો ત્યાગ કરું. તું મારા પરમહિત માટે કહે છે. હું શું કામ તારી વાત ન માનું? અહીંયા એક કૈકયી જેવી સંતની માતા, દશરથજીની ધર્મપત્ની, એની મંદમતી મંથરાની શરણાગતિ છે.પાર્વતીએ ગુરુની શરણાગતિ કરી, નારદની શરણાગતિ લીધી તો સફળ થયા, શિવ મળ્યા. અહીંયા મંથરા જેવી મંદમતિની શરણાગતિ લીધી કૈકયીએ તો એ સ્વાર્થી વસ્તુમાં તો સફળ થયા જ કે રામને બદલે ભરતનો રાજ્યાભિષેક થાય, પરંતુ એ શરણાગતિએ વિશ્વને રામરાજ્ય ન અપાવ્યું. બીજી શરણાગતિ દશરથજીએ કૈકયીની કરી.એટલા આધીન થઈ ગયા કે તું જે કહે તે કરું. ત્યાં સુધી કહ્યું કે તારો દુશ્મન ઈન્દ્ર હોય તો એને મારી નાખું! આમ કામાસકતીને લીધે દશરથજીની શરણાગતિ સફળ ન થઈ. 'અરણ્યકાંડ'માં શબરીએ ગુરુની શરણાગતી કરી. શબરીજીએ કહ્યું કે મારા ગુરુએ વચન આપ્યું હતું કે રામ આવશે અને એ એનું વચન સાંભળીને બેસી રહી. ગુરુની શરણાગતિ હતી અને તેથી રામ આવ્યા. એટલે એક જગ્યાએ જેની દ્રઢ શ્રદ્ધા છે એવી શરણાગતિઓનો ઉલ્લેખ અહીંયા છે. એક અર્થમાં કહું તો સરભંગની પણ શરણાગતિ ગણાશે. અરણ્યકાંડમાં જટાયુની પણ શરણાગતિ ગણાશે. કિષ્કિંધા કાંડમાં હનુમાનજીની શરણાગતિ કરી છે અને પરિણામે હનુમાનજીને લીધે સુગ્રીવની રામ તરફની શરણાગતિ સફળ થઈ; થોડો જરા ઊંચો નીચો થયા કરે છે, પરંતુ ભગવાને એને સ્વીકાર્યો છે; એની સાથે મૈત્રી કરી.

ભરતજીએ રામની શરણાગતિ કરી; વીર આવ્યો પણ તે સફળ થયા, કારણ કે પરમ તત્ત્વની શરણાગતિ કરી. શબરી એ ગુરુની શરણાગતિ કરી તો રામ એનું લક્ષ હતું એ પ્રાપ્ત થયું. કિષ્કિંધાકાંડના ઘણા પાત્રમાં આ બધું આવ્યું. આ રીતે શરણાગતિ આવી. તો આપણે કોની શરણાગતિ કરીએ છીએ તેની ઉપર મોટો આધાર છે.આપણા ઉપનિષદોમાં યોગ માટે એક મંત્ર છે. યોગનો અર્થ છે જોડવું, ભેગું કરવું, એક થવું. કોઈની પાસે આપણે રહેવું છે. કોઈની સાથે આપણે જોડાવું છે. કોઈની સાથે આપણો યોગ થાય, યોગ નહીં. યોગ થાય એમ બધા જ ઈચ્છીએ છીએ. આપણને બધાને એમ થાય કે આપણો ધર્મ સાથે યોગ રહે. આપણે ધર્મશીલ રહીએ, પણ કેવા ધર્મ સાથે આપણે યોગ કરવો? કોઈ સારો માણસ હોય તો આની સાથે મૈત્રી થાય તો સારું. એ માણસ કેવો છે એનું પરીક્ષણ કરવુ જોઈએ, નહીતર જોગ કુજોગ બને; શરણાગતિ વિપરીત પરિણામ લાવે. તો આવું હોય ત્યાં શરણાગતિ લેવી; આવું હોય એની સાથે જ જોડાવું, એવો એક મંત્ર ઉપનિષદનો છે.

વિભીષણ ભગવાન રામની પાસે જાય છે અને એની શરણાગતિ સફળ થાય છે. વિભીષણનો સ્વીકાર થાય છે. વિભીષણ ખૂબ પ્રસન્ન છે. મેં ગઈકાલે કહ્યું, એક વખત પૂર્ણ શરણાગત જે હોય છે એને પછી કશુંય કરવાનું રહેતું નથી. જેમ મંદ સુગંધ શીતલ વાયુ વાતો હોય તો પછી આપણે પૂંઠાથી પવન નાખવાની જરૂર નથી. પૂર્ણ શરણાગતને કંઈ નહીં કરવાનું, પણ કોની શરણાગતિ કરવી, કોણ છે એવો પૂર્ણ જેની આપણે પૂર્ણ શરણાગતિ કરીએ, એ ૨૧ મી સદીમાં મારે તમારે વિચારવું રહ્યું,. નહિતર આમાં બહુ જ ધોખો થાય.તો આપને વિનંતી કરું કે શરણાગતિ બહુ ઉત્તમ છે, પણ કોની શરણાગતિ કરવી? આપણે ક્યાંય બેસવું હોય, તો આપણે બેસવાની જગ્યા કેવી શોધીએ? જે સમથળ હોય. આપણે એવા માણસ પાસે બેસીએ કે જ્યાં બધું સમ હોય. એના બે અર્થ; શરણાગતિ એની લેજો, જે માનસિક રીતે સમ હોય; એ ભેદી ન હોવો જોઈએ. દુશ્મનને અને મિત્રને બંનેને સરખો આદર આપે એવો કોઈ મળે એની શરણાગતિ કરજો.

# વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ એટલે ગુજરાતના વિકાસનું મહાપર્વ

ગુજરાત રાજ્ય આજે દેશ અને દુનિયામાં વિકાસના એક અગ્રેસર મોડેલ તરીકે સ્થાપિત થયું છે, અને આ વિકાસ યાત્રામાં સૌથી મહત્ત્વનું યોગદાન જો કોઈ પરિબળનું હોય, તો તે છે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS). આ સમિટ માત્ર એક રોકાણકાર સંમેલન નથી, પરંતુ તે ગુજરાતની આર્થિક મહત્ત્વાકાંક્ષા, નીતિગત સ્થિરતા અને વૈશ્વિક જોડાણની જીવંત અભિવ્યક્તિ છે. ગુજરાતને વૈશ્વિક સ્તરે રોકાણ માટેનું શ્રેષ્ઠ સ્થળ (ગ્લોબલ બિઝનેસ હબ) બનાવવાની નેમ સાથે આ યાત્રાનો પ્રારંભ થયો હતો.

**ગુજરાત આજે દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં મોટો હિસ્સો ધરાવે છે અને તે ભારતમાં સૌથી ઓછી બેરોજગારી દર ધરાવતા રાજ્યોમાંનું એક છે.**

વાઈબ્રન્ટ ગુજરાતની પ્રેરક શરૂઆત અને યાત્રા વિશે જાણવું જરૂરી છે.વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો પ્રારંભ વર્ષ ૨૦૦૩ માં થયો. આ પહેલ પાછળ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો દૂરંદેશી વિચાર હતો. ગુજરાતમાં ભૂકંપ અને અન્ય પડકારો બાદ આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા અને રાજ્યને 'મેન્યુફેક્ચરિંગ હબ' તરીકે પ્રસ્થાપિત કરવા માટે આ સમિટની કલ્પના કરવામાં આવી હતી. શરૂઆતમાં, તે માત્ર રોકાણકારોને આકર્ષવા માટે દ્વિવાર્ષિક કાર્યક્રમ હતો, પરંતુ સમય જતાં તેનું સ્વરૂપ વિસ્તરતું ગયું. પ્રથમ સમિટમાં રોકાણકારોનો સારો પ્રતિસાદ મળ્યો, જેણે ગુજરાત સરકારને આ કાર્યક્રમને એક કાયમી અને વિશાળ પ્લેટફોર્મ બનાવવાની પ્રેરણા આપી.

વર્ષ ૨૦૦૩ થી શરૂ કરીને, આ સમિટ દર બે વર્ષે યોજાય છે અને તે ક્રમશઃ વધુ વ્યાપક અને વૈશ્વિક બનતી ગઈ છે. શરૂઆતની સમિટ્સમાં માત્ર ભારતીય રોકાણકારોનું પ્રભુત્વ હતું, પરંતુ જેમ જેમ ગુજરાતની નીતિઓ પારદર્શક અને ઉદ્યોગ-ફ્રેન્ડલી બનતી ગઈ, તેમ તેમ આ સમિટ આંતરરાષ્ટ્રીય રોકાણકારો, દેશોના પ્રતિનિધિમંડળો અને વૈશ્વિક નેતાઓ માટે એક અનિવાર્ય મંચ બની ગઈ. ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯, અને ૨૦૨૨ (વાસ્તવમાં ૨૦૨૪માં યોજાનારી અગાઉની આવૃત્તિ) સહિત અત્યાર સુધીમાં આ સમિટના ૧૦ સફળ કાર્યક્રમો યોજાઈ ચૂક્યા છે. દરેક સમિટમાં થયેલા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) અને તેના વાસ્તવિક અમલીકરણના ઊંચા દરોએ ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપિત કરવાની સરળતા અને વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યું છે. આ સમિટને કારણે જ ગુજરાત આજે દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં મોટો હિસ્સો ધરાવે છે અને તે ભારતમાં સૌથી ઓછી બેરોજગારી દર ધરાવતા રાજ્યોમાંનું એક છે. વાઈબ્રન્ટ ગુજરાતની આ યાત્રા રાજ્યની પ્રગતિની ગાથાનું પ્રતીક બની રહી છે.

આગામી વાઈબ્રન્ટ ગુજરાતનો હવે પછીનો કાર્યક્રમ રાજકોટના આંગણે યોજાઈ રહ્યો છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અને તેના ફળ માત્ર ગાંધીનગર-અમદાવાદ-વડોદરાના ગોલ્ડન કોરિડોર સુધી સીમિત ન રહે, પરંતુ રાજ્યના અન્ય મહત્ત્વપૂર્ણ વિસ્તારોમાં પણ તેનો લાભ પહોંચે તે હેતુથી, આગામી અગિયારમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ હવે રાજકોટમાં યોજાવા જઈ રહી છે. રાજકોટમાં આ સમિટનું આયોજન થવું એ સૌરાષ્ટ્ર અને કચ્છના ઔદ્યોગિક ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરવા જેવું છે. અત્યાર સુધી મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાતી આ સમિટનું સૌ પ્રથમવાર ગુજરાતના પશ્ચિમી છેડાના ઔદ્યોગિક કેન્દ્રમાં આયોજન થવું, તે સરકારની પ્રાદેશિક સંતુલિત વિકાસની નીતિનો સંકેત આપે છે.

રાજકોટ, જે તેના ઑટોમોબાઈલ પાર્ટ્સ, ફાઉન્ડ્રી, એન્જિનિયરિંગ ઉદ્યોગ, મશીન ટૂલ્સ, ડીઝલ એન્જિન અને ગોલ્ડ જ્વેલરી માટે દેશ-વિદેશમાં જાણીતું છે, ત્યાં આ

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

સમિટનું આયોજન થવાથી સ્થાનિક ઉદ્યોગકારોને સીધો જ વૈશ્વિક મંચ પ્રાપ્ત થશે. આ સમિટ દરમિયાન નવા એમઓયુ પર હસ્તાક્ષર થશે, જેના પરિણામે રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે નવા ઉદ્યોગો સ્થાપિત થશે. આનાથી રોજગારીની નવી તકોનું સર્જન થશે અને રાજકોટ માત્ર એક પ્રાદેશિક કેન્દ્ર ન રહેતા, એક આંતરરાષ્ટ્રીય સ્તરનું ઔદ્યોગિક હબ બનવાની દિશામાં આગળ વધશે. રાજ્ય સરકાર દ્વારા આ સમિટ માટે રાજકોટમાં વિશ્વ સ્તરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થઈ રહ્યું છે, જે ભવિષ્યમાં પણ શહેરના વિકાસ માટે મૂડીરૂપ સાબિત થશે.

**સૌરાષ્ટ્ર અને કચ્છના ઔદ્યોગિક વિકાસની અસીમ શક્યતાઓ**

રાજકોટમાં યોજાનારી આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સૌરાષ્ટ્ર અને કચ્છના સમગ્ર પટ્ટા માટે એક નવા યુગનો પ્રારંભ કરશે. આ પ્રદેશ કુદરતી સંસાધનો, લાંબો દરિયાકિનારો, કૃષિ ઉત્પાદન અને સ્થાપિત લઘુ-મધ્યમ ઉદ્યોગો (MSMEs)ના મજબૂત આધારને કારણે ઔદ્યોગિક વિકાસની અસીમ શક્યતાઓ ધરાવે છે.

રાજકોટનું એન્જિનિયરિંગ કૌશલ્ય, જામનગરની બ્રાસ પાર્ટ્સની તાકાત અને પોરબંદર, ભાવનગર જેવા બંદરીય શહેરોની લોજિસ્ટિક્સ ક્ષમતા આ પ્રદેશને એક ઉત્તમ રોકાણ સ્થળ બનાવે છે. ફૂડ પ્રોસેસિંગ, એગ્રીકલ્ચરલ ઈક્વિપમેન્ટ અને રિન્યુએબલ એનર્જી (ખાસ કરીને સોલાર અને વિન્ડ) જેવા ક્ષેત્રોમાં અહીં વિપુલ તકો છે. સમિટના માધ્યમથી અહીંના MSME યુનિટ્સને ટેક્નોલોજી અપગ્રેડેશન અને વિદેશી બજારો સાથે જોડાણ માટે પ્લેટફોર્મ મળશે. કચ્છઃ કચ્છ, જે કંડલા અને મુંદ્રા જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના બંદરોનું ઘર છે, તે લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ અને પોર્ટ-આધારિત ઉદ્યોગો માટે વિશ્વનું એક મહત્ત્વનું કેન્દ્ર છે. સિમેન્ટ, પાવર પ્લાન્ટ્સ અને ક્રૂડ ઓઈલ પ્રોસેસિંગના ઉદ્યોગો ઉપરાંત, હવે રિન્યુએબલ એનર્જી અને ટુરિઝમ સેક્ટરમાં પણ મોટું રોકાણ આવી રહ્યું છે. ભુજમાં આયોજિત સમિટ સંબંધિત પ્રવૃત્તિઓ કચ્છના આંતરિયાળ વિસ્તારોમાં પણ ઔદ્યોગિકરણનો પવન ફૂંકશે.

રાજકોટમાં આયોજન થવાથી સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગોને પોતાની ટેક્નોલોજી, ઉત્પાદન ક્ષમતા અને ઈનોવેશનને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરવાની તક મળશે, જેનાથી આ પ્રદેશમાં સંતુલિત અને સર્વસમાવેશક ઔદ્યોગિક વિકાસને વેગ મળશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ખરા અર્થમાં હવે ગુજરાતના પ્રાદેશિક વિકાસનો ધબકાર બનીને ઉભરી રહી છે.

રાજકોટમાં યોજનાર આ આ મેગા ઈવેન્ટમાં માત્ર રાજકોટ કે જામનગરને જ નહીં પરંતુ સૌરાષ્ટ્રના ઓછા વિકસિત એવા અમરેલી સુરેન્દ્રનગર અને ભાવનગર જેવા વિસ્તારોને પણ આવરી લેવામાં આવે તે જરૂરી છે અમરેલીમાં ઉદ્યોગોનું પ્રમાણ ઓછું છે ત્યાં આગળ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ની સ્થાપના થાય તે જરૂરી છે. ભાવનગરમાં જુના વાહનોને સ્ક્રેપ કરવાના ઉદ્યોગો શરૂ થાય તેનું આયોજન થયું છે પરંતુ તેનો અમલ કરવામાં આવે તે જરૂરી છે આ ઉપરાંત આ વાહનોના ઉપયોગી પાર્ટસનું રિએન્જિનિયરિંગ થાય તેવા યુનિટ પણ અહીં ભાવનગરમાં સ્થાપિત થઈ શકે તેમ છે.આ વ્યવસાય પણ વિકસિત થાય તે માટે પગલાં ભરવા પણ જરૂરી છે આ ઉપરાંત ગોંડલ ઉપલેટા જેતપુર બોટાદ સાવરકુંડલા અને મહુવા જેવા કેન્દ્રો પણ વિકસિત બને તે માટે સરકાર ધ્યાન આપે તે અત્યંત જરૂરી છે.

મહુવાને એક બંદર તરીકે વિકસિત કરવાની જે યોજના ચાલી રહી છે તે બરોબર છે આ ઉપરાંત ભાવનગર જિલ્લાના મીઠીવિરડી ખાતેખાતે ૬,૦૦૦ મેગાવટના અણુ ઊર્જા મથક માટેની કાર્યવાહી નો પ્રારંભ થાય તે પણ અતિ જરૂરી છે. ભાવનગરના નવા બંદર ખાતે ૧૯,૦૦૦ કરોડને ખર્ચે જે સીએનજી ટર્મિનલ સ્થાપવાનું છે તે પ્રોજેક્ટ પણ ગતિમાં આવે તે માટે રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધરવા જરૂરી છે ભાવનગરના હીરા ઉદ્યોગ માટે જૂની મિલના સ્થાને જે ડાયમંડ સિટી બનવાનું જ છે તે પ્રોજેક્ટ પણ હાથ ધરાય તો આ વિસ્તારના હીરા ઉદ્યોગને નવું જો મળે અને હીરા ઉદ્યોગ નો વિકાસ થઈ શકે. સૌરાષ્ટ્રના સામા કિનારે નર્મદાના કાંઠે મીની કલ્પસર જેવા ભાડભૂત બેરેજ નુ કામ પણ ચાલી રહ્યું છે ત્યારે તેનો આ કિનારે ધોલેરા સરને મળે તથા ધોલેરામાં નવા ઉદ્યોગો આવે અને અમદાવાદ ધોલેરા ભાવનગર વચ્ચે નવી રેલવે લાઈન નો પ્રોજેક્ટ પણ અમલમાં આવે તે માટે આ સમિટમાં આયોજન થાય તે અચાનક જરૂરી છે આમ રાજકોટ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રમાં સાચા અર્થમાં ઔદ્યોગિક વિકાસ થાય તે માટેનું ભાવી આયોજન કરવામાં આવે તો સૌરાષ્ટ્ર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત નો પ્રોગ્રામ ૧૦૦% સફળ થાય તેમાં શંકા વગરની વાત છે ગુજરાત રાજ્ય રાષ્ટ્રના વિકાસમાં મહત્વનું પ્રદાન કરે છે ત્યારે મહુવા ખાતેના ડુંગળી તથા ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો શરૂ થાય તે જરૂરી છે આમ રાજકોટ ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત સાચા અર્થમાં ઔદ્યોગિક વિકેન્દ્રીકરણ નું સપનું સાકાર કરે અને સૌરાષ્ટ્ર કચ્છનો ઔદ્યોગિક વિકાસ પૂર્ણ રીતે થાય તે જરૂરી છે.

# ભાવનગરના યુવા ખેલાડીનો વિશ્વમાં પર ડંકો, કુલદીપસિંહ વાળાએ દક્ષિણ આફ્રિકામાં સિલ્વર મેડલથી દેશને ગૌરવ અપાવ્યું



ભાવનગર,

ભારતની ધરતી પર પ્રતિભાઓની કોઈ કમી નથી. આજે દેશના ખૂણે-ખૂણેથી, નાના ગામડાઓથી લઈને મોટા શહેરો સુધી, યુવાનો રમતગમત ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી રહ્યા છે. આ વાતને સાબિત કરી બતાવી છે પાલિતાણાના મોટી પાણીયાળીના વતની કુલદીપસિંહ વાળાએ. તેમણે દક્ષિણ આફ્રિકાની ધરતી પર યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને માત્ર ભાવનગર કે ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર ભારતનું નામ રોશન કર્યું છે.

તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના મોસલ બે ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની 'વર્લ્ડ ચેમ્પિયનશિપ' યોજાઈ હતી. આ ચેમ્પિયનશિપમાં વિશ્વના વિવિધ દેશોના ધુરંધર ખેલાડીઓએ ભાગ લીધો હતો. અહીં યોજાયેલી 'ટ્રાયથલ' સ્પર્ધા અત્યંત કઠિન માનવામાં આવે છે, કારણ કે તેમાં એકસાથે ત્રણ અલગ-અલગ પ્રકારની શારીરિક કસોટીઓમાંથી પસાર થવું પડે છે.

કુલદીપસિંહ વાળાએ આ કઠિન સ્પર્ધામાં અદભુત પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં ૩ કિલોમીટરની દોડ, સમુદ્રના ઉછળતા મોજાઓ વચ્ચે ૨૦૦ મીટરનું સ્વિમિંગ અને ત્યારબાદ ગન દ્વારા શૂટિંગનો સમાવેશ થતો હતો. કુલદીપસિંહે પોતાના સાથી ખેલાડીઓ, મધ્યપ્રદેશના યશ બાથરે અને ગોવાના ઉદેશ માજીક સાથે મળીને ટીમ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. આ ત્રણેયની બનેલી ભારતીય ટીમે જોરદાર તાલમેલ અને સાહસનું પ્રદર્શન કરીને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો અને વિદેશી ધરતી પર ભારતનો તિરંગો શાનથી લહેરાવ્યો હતો.કુલદીપસિંહે આ પહેલાં પણ અનેક સ્થાનિક, જિલ્લા અને રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઈને ટ્રોફીઓ અને પ્રમાણપત્રો જીત્યા છે. ઘરઆંગણે મળેલી આ સફળતાઓ અને સતત પરિશ્રમે તેમને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચવાનો આત્મવિશ્વાસ પૂરો પાડ્યો હતો.

કોઈપણ મોટી સફળતા રાતોરાત નથી મળતી, તેની પાછળ વર્ષોની મહેનત અને યોગ્ય માર્ગદર્શન હોય છે. કુલદીપસિંહ નાનપણથી જ રમતગમત ક્ષેત્રે ઊંડો રસ ધરાવતો હતો. તેમના પિતા બી.એ. વાળા, જેઓ હાલ શેત્રુંજી ડેમ કેન્દ્રવતી શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે, તેમણે પુત્રની પ્રતિભાને પારખી હતી. કુલદીપસિંહને તેમના પિતા અને કોચ બી.એ. વાળા તેમજ અન્ય કોચ અંકુરસિંહનું સતત અને સચોટ માર્ગદર્શન મળતું રહ્યું હતું.

કુલદીપસિંહની આ સિદ્ધિ વર્તમાન ભારતના બદલાતા ચિત્ર બતાવી રહ્યું છે.

# તિલક વર્માએ વિરાટ કોહલી અને શુભમન ગિલને પાછળ છોડી દીધા, ટી ૨૦ ક્રિકેટમાં ૨ ભારતીય ખેલાડીઓની લીડ



ધર્મશાલા,

ભારતીય ટીમે ત્રીજી ટી ૨૦ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૭ વિકેટથી હરાવ્યું. ભારતીય ટીમના દરેક પગલાનું ફળ મળ્યું, અને ટીમે મેચ જીતીને શ્રેણીમાં ૨-૧ની લીડ મેળવી. પહેલા બેટિંગ કરતા, આફ્રિકન ટીમ ફક્ત ૧૧૭ રન જ બનાવી શકી. ત્યારબાદ ભારતે લક્ષ્યનો પીછો સાપેક્ષ રીતે સરળતાથી કર્યો. અર્શદીપ સિંહે શાનદાર બોલિંગ કરી, ઈનિંગની શરૂઆતમાં વિકેટો લઈને દક્ષિણ આફ્રિકાની કમર તોડી નાખી. અભિષેક શર્મા અને તિલક વર્માએ પણ સારી બેટિંગ કરી.

ત્રીજી ટી૨૦આઈમાં, અભિષેક શર્મા અને શુભમન ગિલે ભારત માટે ઈનિંગની શરૂઆત કરી. તેમણે પ્રથમ વિકેટ માટે ૬૦ રનની ભાગીદારી કરી, જેનાથી વિજયનો પાયો નાખ્યો. અભિષેકે ૧૮ બોલમાં ૩૫ રન બનાવ્યા, જેમાં ત્રણ ચોગ્ગા અને ત્રણ છગ્ગાનો સમાવેશ થાય છે. ત્રીજા નંબર પર બેટિંગ કરી રહેલા તિલક વર્માએ પણ જોરદાર બેટિંગ કરી, ૩૪ બોલમાં ૨૫ રન બનાવ્યા, જેમાં ત્રણ ચોગ્ગાનો સમાવેશ થાય છે, અને અણનમ રહ્યા. આ સાથે, તેમણે ટી૨૦ ક્રિકેટમાં પોતાના ૪,૦૦૦ રન પૂર્ણ કર્યા.તિલક વર્માએ પોતાની ૧૨૫મી ઈનિંગમાં ટી૨૦ ક્રિકેટમાં પોતાના ૪,૦૦૦ રન પૂર્ણ કર્યા. આ સાથે, તેમણે શુભમન ગિલ અને વિરાટ કોહલીને પાછળ છોડી દીધા. ગિલે ૧૨૯ ઈનિંગ્સમાં ટી૨૦ ક્રિકેટમાં ૪૦૦૦ રન પૂરા કર્યા હતા, જ્યારે વિરાટ કોહલીએ ૧૩૮ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. ભારત માટે ટી૨૦ ક્રિકેટમાં તિલક કરતાં ફક્ત રૂતુરાજ ગાયકવાડ (૧૧૬ ઈનિંગ્સ) અને કેએલ રાહુલ (૧૧૭ ઈનિંગ્સ) જ ૪૦૦૦ રન પૂરા કરી શક્યા છે.

# હાર્દિકે રચ્યો આશ્ચર્યજનક ઈતિહાસ,વિશ્વનો એકમાત્ર ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર બન્યો

ધર્મશાલા,

ભારતના શક્તિશાળી ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ વિકેટ પૂર્ણ કરી છે. રવિવારે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ત્રીજી ટી ૨૦માં તેણે આ સિદ્ધિ મેળવી. હાર્દિકે તેના ત્રણ ઓવરના સ્પેલમાં ૨૩ રન બનાવ્યા.

ટ્રિસ્ટન સ્ટબ્સ તેનો ૧૦મો શિકાર બન્યો. સ્ટબ્સ સાતમી ઓવરના ચોથા બોલને પાછળ મારવાનો પ્રયાસ કર્યો. જોકે, બોલ તેના બેટથી વિકેટકીપર જીતેશ શર્મા પાસે ગયો. તેણે ૧૩ બોલમાં ફક્ત ૯ રન બનાવ્યા. ૩૨ વર્ષીય હાર્દિકે ધર્મશાળા મેદાન પર સ્ટબ્સને આઉટ કરીને આશ્ચર્યજનક ઈતિહાસ રચ્યો. તેણે ભારત માટે સૌથી ટૂંકા ફોર્મેટમાં ૧૯૩૯ રન પણ બનાવ્યા છે.

હાર્દિક ટી ૨૦માં ૧,૦૦૦થી વધુ રન બનાવનાર અને ૧૦૦ વિકેટ લેનાર વિશ્વનો એકમાત્ર ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર બન્યો છે. તેની પહેલા ચાર સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડરોએ આ સિદ્ધિ હાંસલ કરી હતી. હાર્દિક ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૦૦ કે તેથી વધુ વિકેટ લેનાર ત્રીજો ભારતીય બન્યો. તેણે ૧૨૩ ટી૨૦ મેચ રમી છે. ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ૭૧ મેચમાં ૧૦૯ વિકેટ લીધી છે. તેણે ધર્મશાલામાં ૨ વિકેટ લીધી છે. ભારતના સ્ટાર પેસર જસપ્રીત બુમરાહના ૮૨ મેચમાં ૧૦૧ વિકેટ છે. બુમરાહ અંગત કારણોસર ધર્મશાલા ટી૨૦માં રમ્યો ન હતો.

# સુમ્બુલ તૌકીર ખાન, રજત વર્મા, ઋષિ સક્સેના અને સોની સબના શો ઈત્તી સી ખુશીના કલાકારો અને ક્રૂએ હૃદયસ્પર્શી વાર્તાના ૧૦૦ એપિસોડની ઉજવણી કરી



મુંબઈ,

સોની સબનો શો ઈત્તી સી ખુશી તેની સંબંધિત વાર્તા અને જમીન સાથે જોડાયેલ લાગણીઓથી દિલ જીતી રહ્યો છે. આ શો અન્વિતા (સુમ્બુલ તૌકીર ખાન) ને અનુસરે છે, જે હંમેશા તેના પરિવાર માટે મજબૂત રહી છે, પરંતુ તેના જીવનમાં એક વળાંક આવે છે જ્યારે વિરાટ (રજત વર્મા), જેણે એક વખત તેને છોડી દીધો હતો, તે બીજી તક મેળવવા માટે પાછો આવે છે. જોકે અન્વિતા હજુ પણ અનિશ્ચિત છે, તે સંજય (ઋષિ સક્સેના) સાથે આગળ વધવાનું શરૂ કરે છે, જેના છુપાયેલા ઈરાદા નવી સમસ્યાઓ ઊભી કરે છે. હૃદયસ્પર્શી ક્ષણોને રસપ્રદ વળાંકો સાથે જોડીને, આ શો ભારતભરના દર્શકો સાથે ઊંડો સંબંધ ધરાવે છે.શો ૧૦૦ એપિસોડના સીમાચિહ્ન પર પહોંચતા, કલાકારો અને નિર્માતાઓએ આ ખાસ ક્ષણની ખૂબ કૃતજ્ઞતા સાથે ઉજવણી કરી. શોનો હાલનો ટ્રેક, જે અન્વિતાના ભાવનાત્મક પરિવર્તન, વિરાટ સાથેના તેના વધતા સંબંધો અને એક વળાંક લાવવામાં ઈન્સ્પેક્ટર સંજય ભોસલેની ભૂમિકાને દર્શાવે છે, તેને દર્શકોએ ખૂબ પસંદ કર્યો છે, અને અત્યાર સુધીના કેટલાક સૌથી રસપ્રદ એપિસોડ દર્શાવ્યા છે. ટિપ્પણીઓ સુમ્બુલ તૌકીર ખાન, જે અન્વિતાનું પાત્ર ભજવે છે, તેમણે કહ્યું, "મને હજુ પણ સેટ પરનો અમારો પહેલો દિવસ યાદ છે - નર્વસ ઉત્તેજના, રિહર્સલ, મજા અને હાસ્ય... અને અમારામાંથી કોઈએ કલ્પના પણ નહોતી કરી કે અન્વિતાની સફર ૧૦૦ એપિસોડમાં આટલી સુંદર રીતે પ્રગટ થશે. આ શોએ મને જીવનમાં નાની નાની ખુશીઓની કદર કરવાનું શીખવ્યું છે, જેમ કે અન્વિતા કરે છે. પ્રેક્ષકોનો દરેક સંદેશ, પ્રેમની દરેક ક્ષણ મને યાદ અપાવે છે કે આપણે આ બધું શા માટે કરીએ છીએ. હું ખરેખર આભારી છું કે દર્શકોએ તેને આટલા સ્નેહ સાથે સ્વીકારી છે."રજત વર્મા, જે વિરાટની ભૂમિકા ભજવે છે, તેમણે કહ્યું, "આ ૧૦૦ એપિસોડનો સીમાચિહ્ન મને શૂટિંગના શરૂઆતના અઠવાડિયામાં લઈ જાય છે, જ્યારે સુમ્બુલ, ઋષિ અને હું સાથે બેસીને ચર્ચા કરતા હતા કે અમારા પાત્રો કેવી રીતે આગળ વધશે. તે વાતચીતોને સ્ક્રીન પર જીવંત બનતા જોવાનું ખરેખર ખાસ રહ્યું. વિરાટની ભૂમિકા ભજવવાથી મને મારા વ્યક્તિત્વના એવા પાસાઓ શોધવાની તક મળી છે જેના વિશે હું જાણતો ન હતો, અને પ્રેક્ષકો તેની સાથે જોડાયેલા છે તે હકીકત આ સફરને વધુ અર્થપૂર્ણ બનાવે છે. તેમનો પ્રેમ અમને હૃદયથી વાર્તાઓ કહેતા રહેવાની પ્રેરણા આપે છે."ઋષિ સક્સેના, જે છઊઁ સંજયની ભૂમિકા ભજવે છે, તેમણે કહ્યું: "ઈત્તી સી ખુશીનો ભાગ બનવું એ મારા માટે એક મહત્વપૂર્ણ અનુભવ રહ્યો છે કારણ કે તે રોજિંદા સંબંધો અને લાગણીઓને ઉજવે છે. અમે ૧૦૦ એપિસોડ પૂર્ણ કર્યા છે, અમારી બધી મહેનત દર્શકોના સમર્થન સાથે રંગ લાવી છે, અને મને આવી સમર્પિત ટીમ સાથે આ સફરનો ભાગ બનવાનો ખૂબ આનંદ છે. ભવિષ્યમાં આવા ઘણા વધુ સીમાચિહ્નો છે."દર સોમવારથી શનિવાર, રાત્રે ૯ વાગ્યે ઈત્તી સી ખુશી જોવા માટે ટ્યુન કરો, ફક્ત સોની સબ પર..

# ભારત આંતરરાષ્ટ્રીય મેચોમાં દક્ષિણ આફ્રિકા સામે સૌથી વધુ જીત મેળવનારી ટીમ બની

ધર્મશાલા,

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી ૨૦ શ્રેણી જોરશોરથી ચાલી રહી છે. પાંચ મેચની ટી ૨૦ શ્રેણીનો ત્રીજો મુકાબલો ધર્મશાલામાં રમાયો હતો, જેમાં ટીમ ઈન્ડિયાએ ૭ વિકેટથી જીત મેળવી હતી. શ્રેણી ૧-૧થી બરાબર રહી હતી, પરંતુ ધર્મશાલામાં જીત સાથે, ભારતે ૨-૧ની લીડ મેળવી હતી. આ જીતથી ભારત માત્ર શ્રેણીમાં આગળ નહોતું રહ્યું, પરંતુ ટીમ ઈન્ડિયા ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની ખાસ યાદીમાં નંબર ૧ પર પણ પહોંચી ગઈ છે.

ધર્મશાલા ટી ૨૦ જીતીને, ભારત ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં દક્ષિણ આફ્રિકા સામે સૌથી વધુ જીત મેળવનારી ટીમ બની ગઈ છે. અગાઉ, આ રેકોર્ડ સંયુક્ત રીતે ભારત અને ઓસ્ટ્રેલિયાના નામે હતો, પરંતુ હવે ટીમે ૨૦ જીત સાથે કાંગારૂ ટીમને પાછળ છોડી દીધી છે.ટીમ ઈન્ડિયાએ ટી ૨૦ ફોર્મેટમાં દક્ષિણ આફ્રિકા સામે ૩૪ મેચમાંથી ૨૦ જીતી છે, ૧૩ મેચ હારી છે. એક મેચ ડ્રો રહી હતી. ઓસ્ટ્રેલિયા આ યાદીમાં બીજા ક્રમે છે, જેણે ૧૯ જીત મેળવી છે.ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં દક્ષિણ આફ્રિકા સામે સૌથી વધુ જીત,ભારત - ૨૦ જીત,ઓસ્ટ્રેલિયા - ૧૯ જીત,પાકિસ્તાન - ૧૪ જીત,વેસ્ટ ઈન્ડીઝ - ૧૪ જીત,ઈંગ્લેન્ડ - ૧૩ જીત,

ધર્મશાલા ટી૨૦ અંગે, ભારતે પોતાની પાછલી હારમાંથી શીખીને શરૂઆતથી જ મેચ પર કબજો જમાવ્યો.



# અભિનેત્રી સાઈ પલ્લવી એમ.એસ. સુબ્બુલક્ષ્મીની બાયોપિકમાં

## - રામાયણ પછી સાઈ પલ્લવી પાસે બીજી મહત્વની ફિલ્મ

મુંબઈ,

ભારતનાં લિજન્ડરી કર્ણાટકી સિંગર એમ એસ સુબ્બુલક્ષ્મીની બાયોપિક બની રહી છે. સાઉથની હિરોઈન સાઈ પલ્લવી આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

સાઈ પલ્લવી હાલ 'રામાયણ' ફિલ્મમાં રણબીર કપૂર સાથે સીતા માતાનો રોલ કરી રહી છે. હવે તેને આ બીજો મોટો પ્રોજેક્ટ મળ્યો છે. સાઉથના જાણીતા દિગ્દર્શક ગૌતમ તિન્નનુરીએ ફિલ્મ માટે તૈયારી શરુ કરી દીધી છે. જોકે, સાઈ પલ્લવી કે ફિલ્મ નિર્માતાઓએ હજુ સુધી આ ફિલ્મની ઓફિશિયલ જાહેરાત કરી નથી. ૨૦૦૪માં ૮૮ વર્ષની વયે નિધન પામેલાં એમ એસ સુબ્બુલક્ષ્મી ભારતરત્નથી સન્માનિત થનારાં પહેલાં સિંગર હતાં. તેમને રમન મેગસેસે એવોર્ડ પણ મળી ચૂક્યો છે. તેઓ ૧૯૬૬માં યુએનની જનરલ એસેમ્બલીમાં પરફોર્મ કરનારાં પ્રથમ ભારતીય કલાકાર બન્યાં હતાં.

# લિયોનેલ મેસ્સીના કાર્યક્રમમાં અજય દેવગણ અને ટાઈગર શ્રોફ પણ મુશ્કેલીમાં મુકાયા



મુંબઈ,

લાયોનેલ મેસ્સી આ દિવસોમાં ભારતમાં છે. તે જી ઓ એ ઈન્ડિયા ટૂર ૨૦૨૫ માટે ભારત આવ્યો છે. કોલકાતા અને હૈદરાબાદ પછી, તે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં પ્રવેશ્યો, જ્યાં દર્શકોનો ઉત્સાહ સ્પષ્ટ હતો. વૈશ્વિક ફૂટબોલ આઈકોનની એક ઝલક જોવા માટે ચાહકો સ્ટેડિયમમાં ભરાઈ ગયા હતા. પ્રેક્ષકો ઉપરાંત, બોલિવૂડ સ્ટાર્સે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. દરમિયાન, એક વીડિયો સામે આવ્યો છે જેમાં બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફ અને અજય દેવગણને સન્માન સમારોહ દરમિયાન ભીડ દ્વારા ચીડવવામાં આવી રહ્યા છે. ચાહકો આ વીડિયો પર પ્રતિક્રિયા આપી રહ્યા છે.વીડિયોમાં, ટાઈગર શ્રોફને કાર્યક્રમ દરમિયાન સ્ટેજ પર બોલાવવામાં આવ્યો છે, તેમને યુવા આઈકોન અને ભારતના સૌથી નાના એક્શન સ્ટાર ગણાવ્યા છે. જે લોકો જાણતા નથી તેમના માટે, અભિનેતા પ્રોજેક્ટ મહાદેવના ચહેરા તરીકે કાર્યક્રમમાં હાજર હતા, જે એક પહેલ છે જે સમગ્ર મહારાષ્ટ્રમાં યુવા ફૂટબોલ પ્રતિભાને શોધવા, તાલીમ આપવા અને ઉછેરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જો કે, જ્યારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તેમને સન્માન આપ્યું, ત્યારે વિદ્યાર્થીઓએ જોરથી બૂમ પાડી, જેનાથી અસ્વસ્થતાભર્યું વાતાવરણ સર્જાયું. ત્યારબાદ અજય દેવગણને તેમના કામમાં શિસ્ત અને હેતુ વિશે ચર્ચા કરવા માટે સ્ટેજ પર બોલાવવામાં આવ્યા હતા, જેમાં તેમની ફિલ્મ 'મૈદાન' પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જે મહાન કોચ સૈયદ અબ્દુલ રહીમના જીવન દ્વારા ભારતીય ફૂટબોલના સુવર્ણ યુગનું વર્ણન કરે છે. તેમના પરિચયનો સંદર્ભ ફૂટબોલ સંબંધિત હોવા છતાં, ભીડની પ્રતિક્રિયા બહુ સકારાત્મક નહોતી. જેમ જેમ અભિનેતાને સ્ટેજ પર સન્માનિત કરવામાં આવ્યા, તેમ તેમ લોકો બૂમ પાડતા જોવા મળ્યા.આ ઉપરાંત, કરીના કપૂર ખાન અને ક્રિકેટ દિગ્ગજ સચિન તેંડુલકર પણ લિયોનેલ મેસ્સીને મળ્યા અને તેમની સાથે ફોટા પડાવ્યા. કરીના સાથે તેના પુત્રો તૈમૂર અને જેહ અલી ખાન પણ હતા, જેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

# સતત ૨૦૦ કરોડ કમાનારી ફિલ્મો આપનાર એક્ટર હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી નિવૃત્તિ લઈ લેશે!

## વિજયે ૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના દિવસે પોતાની રાજકીય પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે)ની જાહેરાત કરી હતી



મુંબઈ,

ભારતમાં અનેક એવા સ્ટાર્સ છે, જે રાજકારણમાં જોડાયા હોય. આજે અમે પણ એક એવા જ એક એક્ટરના કરિયરની સફળતા અને લોકપ્રિયતા વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેણે એક્ટિંગની સાથે રાજકારણમાં પણ પોતાનું પ્રભુત્વ જમાવ્યું છે. આ એક્ટરે પોતાની ખુદની પાર્ટી બનાવી અને તેની સાથે જ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ છોડી દેવાનું નક્કી કર્યું હતું. ફિલ્મો દ્વારા લોકોનું દિલ જીતનારા સુપરસ્ટારનો બોલિવૂડ સાથે કોઈ સંબંધ નથી. આ સ્ટાર તમિળ સિનેમામાંથી છે. અહીં વાત કરવામાં આવી રહી છે સાઉથના સૌથી પ્રખ્યાત સ્ટાર્સમાંથી એક થલપતિ વિજયની. વિજયે પોતાના અઢી દાયકાથી વધુના કરિયરમાં એકથી એક ફિલ્મો આપી છે અને તેની અનેક ફિલ્મો બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી ચૂકી છે. થલપતિએ પોતાના કરિયરમાં સતત ૮ એવી ફિલ્મો આપી છે, જેણે બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડ અથવા તેનાથી વધુની કમાણી કરી હોય. વિજયનો જન્મ ૨૨ જૂન, ૧૯૭૪માં ચેન્નઈમાં થયો હતો.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મો | મ | એ | ર | પ્રા | ન | હા | ક્ષ | બા | હા | ડી | વિ |
| અ | ભો | મ | વા | કા | ચી | સ | ર | કા | વિ | કા | જ્ઞા |
| ણે | સા | બં | વા | ગ | મ | ઊ | બૂ | બં | દ | કા | ન |
| ણે | લ | ગ | બા | વા | રા | ઓ | ર | શ | ધ | ભો | ર |
| ડી | સ | તુ | મ | મો | શિ | બા | જ | ગ | ગી | ર | ગ |
| ર | ણ | કા | ર | જ | ગી | બં | ર | સ | બા | હિ | જ્ઞા |
| આ | અઃ | દ | પ્ર | કુ | ણ | ગ | લ | સા | આ | સા | સ |
| દ | વિ | જી | કા | ગ | ક | અં | ર | બ | ખ | ર | ન |
| ક | કા | ચા | દ | બિ | શિ | ક્ષ | ક | ગ | એ | ણે | સ |
| આ | ળ | ગ | ર | ભ | બા | શ | આ | મા | દ | ર | શિ |
| રો | અ | સ | લ | ણા | કુ | આ | દ | વા | વા | ક્ષ | મો |
| મા | બ | સ | એ | પ્ર | લ | ફ | ણે | ળો | ણ | ઓ | સ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# રાજકોટ ખાતેની ઓલ ઈન્ડિયા હોકી ચેમ્પિયનશિપમાં પંજાબ ટીમ ચેમ્પિયન

## મહિલાઓમાં એસ.એસ.બી. ટીમ વિજેતાઃ ડીજીપી વિકાસ સહાયના હસ્તે ખેલાડીઓનું સન્માન કરાયું




રાજકોટ,

રાજકોટ ખાતે આયોજિત ૭૪ મી ઓલ ઈન્ડિયા હોકી ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬ નો ફાઈનલ મેચ બાદ ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ વિકાસ સહાય, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીની ઉપસ્થિતિમાં આયોજિત આ સમાપન સમારોહમાં વિજેતા ટીમો તેમજ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓનું શિલ્ડ, મેડલ્સ તેમજ મોમેન્ટો આપીને સન્માન કરાયું હતું. પોલીસ હોકી ચેમ્પિયનશિપ પુરુષ કેટેગરીમાં પંજાબ ટીમ-મહિલા કેટેગરીમાં એસ.એસ.બી. ટીમ વિજેતા થઈ હતી જયારે ચેમ્પિયનશિપ ફાઈનલમાં પુરુષોમાં આઈ.ટી.બી.પી. તેમજ મહિલાઓમાં સી.આર.પી.એફ. ટીમ રનર્સ અપ રહી હતી.

આ તકે ડી.જી.પી. વિકાસ સહાય એ ટુર્નામેન્ટના સમગ્ર આયોજન બદલ ગુજરાત પોલીસ, રાજ્યના રમત ગમત વિભાગ અને રાજકોટની આયોજક ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં હોકીની ગૌરવશાળી પરંપરા રહી છે. પોલીસ વિભાગમાંથી ઓલિમ્પિક સહિત અન્ય આંતરરાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં સહભાગી બનેલા અર્જુન એવોર્ડ સહિત વિજેતા ખેલાડીઓએ રાષ્ટ્રીય ખેલ હોકીનું ગૌરવ વધાર્યું છે.તેઓએ સહર્ષ જણાવ્યું હતું કે રાજકોટ ખાતે આયોજિત ચેમ્પિયનશિપમાં તમામ ખેલાડીઓની ઉચ્ચ કક્ષાની ખેલદિલીની ભાવનાને લીધે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા ખેલદિલીસભર વાતાવરણમાં સંપન્ન થઈ શકી છે. દેશના અન્ય ભાગોમાંથી આવેલા ખેલાડીઓએ ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે ખ્યાતનામ પોરબંદર અને દ્વારકા સહિતના પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ ગુજરાતના સાંસ્કૃતિક ધાર્મિક વારસાને અનુભવ્યો તે બદલ તેમણે બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેઓએ રાજ્ય સરકાર ઉપરાંત ઓલ ઈન્ડિયા પોલીસ કંટ્રોલ બોર્ડનો વિશેષ આભાર માન્યો હતો

આ તકે ડી.જી.પી. ક્રાઈમ ડો. કે. એલ. એન. રાવ, ગુજરાત સ્ટેટ આઈ.બી.ના વડા રાજીવ આહિરે, રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ, એડિશનલ ડી.જી.પી. પી. કે. રોશન, ડી.જી.પી. (આર્મસ યુનિટ) રાજુ ભાર્ગવ, જેલ સુપ્રિટેન્ડેન્ટ વર્નીશા જોશી, બબીતા ઝા, ડી.સી.પી. સહીત તમામ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા વા તથા હાડકાનો વિનામુલ્યે નિદાન – સારવાર કેમ્પ યોજાશે

## સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો દ્વારા નિદાન : એક વીકની ફીઝીયોથેરાપી પણ ફ્રી

રાજકોટ,

શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ , શ્રી વિજયભાઇ રૂપાણી મેમોરિયલ અને રોટરી કલબ ઓફ રાજકોટ મીડ ટાઉનના સંયુકત ઉપક્રમે શ્રી વિજયભાઇ રૂપાણીએ કંડારેલી કેડી પર ચાલતા માનવતાલક્ષી સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે આગામી રવિવાર તા. ૨૧ ના સવારે ૯ થી ૧૧:૩૦ શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે હાડકાને લગતા દર્દો માટે વિનામુલ્યે નિદાન થતા સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે.આ કેમ્પમાં નિષ્ણાં ત ડોકટર્સ દ્વારા હાડકાના દર્દો, વા-સંધિવાના દર્દો, સ્પોર્ટસ ઇન્જરી, ફીઝીયોથેરાપી માર્ગદર્શન વિનામુલ્યેં કરી આપવામાં આવશે. તેમજ ડોકટરને જરૂર લાગશે તેવા દર્દીઓને હાડકાની ઘનતા માપવાનો બોન ડેન્સીટી ટેસ્ટ, દવા વિતરણ તેમજ એક વીકની ફીઝીયોથેરાપી સારવાર નિઃશુલ્ક કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ડો. મનીષ બાવળિયા તેમજ ડો. કેતન ઠક્કર (ઓર્થોપેડીક સર્જન) તથા ડો. જીત ગાંધી (ઓર્થોપેડિક સર્જન) તથા સ્પોર્ટસ ઈન્જરી, રમતગમત વખતે થતા દુઃખાવા, સ્નાયુ ખેંચાઇ જવા વિગેરેને લગતી ફીઝીયોથેરાપી સારવાર તેમજ માર્ગદર્શન માટે ડો. અર્જુનસિંહ રાણા (સ્પોર્ટસ ફીજયોથેરાપીસ્ટી અને પૂર્વ વાઇસ ચાન્સલેર ઓફ સ્પોર્ટસ યુનિ. ગુજરાત) અને તેમની ટીમ સેવાઓ આપશે.સમગ્ર કેમ્પના આયોજનમાં ટ્રસ્ટી શ્રીમતી અંજલિબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટેની મેડીકલ કમિટીના મેમ્બર્સ મહેશભાઇ ભટ્ટ, ડો. જૈમનભાઇ ઉપાધ્યાય, ડો. નયનભાઇ શાહ, દિવ્યેશભાઇ અઘેરા, બિપીનભાઇ વસા, શૈલેષભાઇ લોટીયા, હરિશભાઇ શાહ, કેતનભાઇ મેસવાની વગેરે કાર્યરત છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઇ ભટ્ટનો શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં સામાજિક સુરક્ષા સંહિતા, નવી વેતન વ્યાખ્યા, SPREE યોજના તથા લાભો અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

રાજકોટ

રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન, ભક્તિનગર, રાજકોટ ખાતે શ્રી હેમંત કુમાર પાંડે, પ્રાદેશિક નિર્દેશક, ESIC ગુજરાતના અધ્યક્ષસ્થાને SPREE યોજના, સામાજિક સુરક્ષા સંહિતા, ૨૦૨૦ (ESICના પરિપ્રેક્ષ્યમાં) તથા કર્મચારીઓ અને નિયોક્તાઓને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) અંતર્ગત મળતા વિવિધ લાભો અંગે સેમિનાર/જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન માહિતી આપવામાં આવી હતી કે, સામાજિક સુરક્ષા સંહિતા, ૨૦૨૦ દેશભરના તમામ પ્રતિષ્ઠાનો પર લાગુ પડે છે, જેમાં શૈક્ષણિક સંસ્થાઓ, ચિકિત્સા તથા આરોગ્ય સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. સેમિનારમાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે જીઈઈઈ યોજનાનો મુખ્ય હેતુ એવા પ્રતિષ્ઠાનોને ESIC અંતર્ગત આવરી લેવાનો છે, જે રાજકોટ મહાનગરપાલિકાની હદના વિસ્તરણ બાદ આવરી લેવાના પાત્ર હોવા છતાં હજુ સુધી કવર થઈ શક્યા નથી.

આ અંગે જાણકારી આપવામાં આવી હતી કે, જીઈઈઈ યોજના માત્ર તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધી જ અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન જો કોઈ આ લાભ મળવાપાત્ર પ્રતિષ્ઠાન પોતાને ESIC અંતર્ગત કવર કરાવે છે, તો તે પ્રતિષ્ઠાનને એ જ દિવસથી કવર માનવામાં આવશે અને અગાઉની અવધિની કોઈ બાકી જવાબદારી લાગુ કરવામાં આવશે નહીં.

સેમિનાર દરમિયાન સામાજિક સુરક્ષા સંહિતાની વિગતવાર સમજ આપવામાં આવી હતી. સાથે સાથે નિયોક્તાઓ તથા તેમના પ્રતિનિધિઓ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો અને શંકાઓનું સમાધાન પણ કરવામાં આવ્યું હતું.

# રાજકોટના વોર્ડ નં.૮ના માર્ગોમાં રીકાર્પેટ કામનું ખાતમુહુર્ત




રાજકોટ,

રાજકોટ વોર્ડ નં.૮માં ૧) કાલાવડ રોડ પર મહિલા કોલેજ અન્ડરપાસ થી કે.કે.વી. ચોક સુધી રસ્તાને ડામર રી-કાર્પેટ કામ રૂ.૩૦૪.૦૦ લાખ, ૨) નાનામવા રોડ પર લક્ષ્મીનગર અન્ડર બ્રીજ થી નાનામવા ચોક સુધી રસ્તાને ડામર રી-કાર્પેટ કરવાનું કામ રૂ.૨૪૧.૦૦ લાખ, ૩) રાજનગર ચોક થી માયાણી ચોક સુધી રસ્તાને ડામર રી-કાર્પેટ કરવાનું કામ રૂ.૮૮.૦૦ લાખના ખર્ચે ડામર કાર્પેટ કરવાના કામનું ખાતમુહુર્ત રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ અને રમેશભાઈ ટીલાળાના હસ્તે કરવામાં આવ્યું

. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં રાજકોટ શહેર પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્યો ડો. દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, બિપીનભાઈ બેરા, ડો. દર્શનાબેન પંડ્યા, પ્રભારી સંજયભાઈ દવે, પ્રમુખ દેવકરણભાઈ જોગરાણા, મહામંત્રી નિલેશભાઈ ભટ્ટ, રાજકોટ શહેર મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડિયા, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, જયસુખભાઈ મારવીયા, કાથડભાઈ ડાંગર, ધ્યેયભાઈ દોશી, રમેશભાઈ ચાવડીયા, રાજકોટ શહેર આદિજાતિ મોરચા પ્રમુખ મનોજભાઈ દુબલ, રાજકોટ શહેર આદિજાતિ મોરચા પ્રમુખ મહામંત્રી જીતેન્દ્રભાઈ વાઘેલા, નંદન માખેલા, મયુરભાઈ પાંભર, ચેતન ચાવડા, નારણભાઈ બગડા, રીટાબેન સખીયા, શોભનાબેન સોલંકી, હર્ષિદાબેન કાસુન્દ્રા , રક્ષાબેન જોશી, અશોકભાઈ ડાંગર, સંદીપ દેપાણી, દિલસુખભાઈ રાઠોડ, વિનુભાઈ વઘાસીયા, દેવાંગી મૈયડ, રજનીબેન ચાવડા, સોનાલીબેન વાઘેલા, મીનાબેન શર્મા, ગીરીશભાઈ રાઠોડ, મનાભાઈ સભાડ, ઉજીબેન પંડ્યા , સમીર રાણીંગા વગેરે ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટના રાવકી ગામે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયું

## બી. એમ. પટેલ અને ગ્રુપ વતી ઈન્ડસ્ટ્રીયલ ઝોનની અંદર પ્રતિમાનું સ્થાપન





રાજકોટ,

રાજકોટ જિલ્લાના રાવકી ઈન્ડસ્ટ્રીયલ ઝોન ખાતે રાષ્ટ્રના લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ભવ્ય અને ગૌરવભર અનાવરણ સમારોહ ઉત્કૃષ્ટ રીતે યોજાયો. ખ્યાતનામ ઉદ્યોગપતિ બી. એમ. પટેલ અને ગ્રુપ વતી સરદાર ઈન્ડસ્ટ્રીયલ ઝોનની અંદર આ પ્રતિમાનું સ્થાપન તથા અનાવરણ કરવામાં આવ્યું હતું. પ્રતિમાનું અનાવરણ રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન માનનીય લલિતભાઈ રાદડિયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.આ અનાવરણ સમારોહમાં વિશેષ ઉપસ્થિતિ રૂપે એડવોકેટ અર્જુનભાઈ પટેલ, અર્જુનભાઈ ખાટરીયા (જિલ્લા પંચાયત સદસ્ય), મુકેશભાઈ તોગડીયા(જિલ્લા પંચાયત સદસ્ય), રાવકી ગામના સરપંચ વિશાલભાઈ ફાચરા, રાવકી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ વાલજીભાઈ લક્કડ, માખાવડ ગામના સરપંચ જયરાજસિંહ જાડેજા, તેમજ ગીરીશભાઈ સભાયા, ભરતભાઈ પાંભર, કાળુભાઈ મોલિયા, વિનુભાઈ વરસાણી સહિત અનેક ઉદ્યોગપતિઓ, રાજકીય આગેવાનો, મિત્ર સર્કલ તથા સમાજના અગ્રણીઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર સમારોહ અત્યંત ગૌરવપૂર્ણ અને સ્મરણિય બન્યો.અધ્યક્ષસ્થાનેથી માનનીય લલિતભાઈ રાદડિયાએ સરદાર સાહેબના જીવન, તેમના અડગ નેતૃત્વ, રાષ્ટ્ર એકતા અને દ્રઢ સંકલ્પ વિશે પ્રેરણાદાયી સંદેશ આપ્યો. આ ઉપરાંત એડવોકેટ રક્ષિતભાઈ રૈયાણીએ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને રાષ્ટ્ર માટેના અવિસ્મરણીય યોગદાન પર ટૂંકું પરંતુ અસરકારક પ્રવચન આપીને ઉપસ્થિત સૌને પ્રેરિત કર્યા.

# રાજકોટ વોર્ડ નં. ૭ના વિસ્તારની શેરીઓમાં સિમેન્ટ કોંક્રીટ કામનું ખાતમુહૂર્ત



રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકાના વોર્ડ નં. ૭ માં રહેતા સ્થા નિકોની લાંબા સમયથી પડતર રજૂઆતને ધ્યાનમાં લઈને સદર વિસ્તાર, ગવલીવાડ વિસ્તાર અને ખાટકીવાસ વિસ્તારની તમામ શેરીઓમાં સિમેન્ટ કોક્રીટ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વોર્ડના કોર્પોરેટર દેવાંગભાઈ માંકડની ગ્રાન્ટમાંથી આ કામગીરી માટે રૂા. ૮,૦૦,૦૦૦ (આઠ લાખ રૂપિયા) ની ફાળવણી કરવામાં આવી છે. કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ દ્વારા ખાતમુહૂર્ત કરીને આ કામની શરૂઆત કરવામાં આવી છે, જે સંપૂર્ણ કામગીરી આગામી ત્રણ દિવસમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

આ શુભ પ્રસંગે વોર્ડના કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ સાથે વોર્ડના પ્રમુખ વિશાલ માંડલિયા, મહામંત્રી દીપક પારેખ, પૂર્વ પ્રમુખ કૌશિક ચાવડાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ભાજપ અગ્રણી પ્રવીણ ચાવડા, સંદીપ ડોડીયા, કમલેશ હિડોચા ઉપસ્થિત રહ્યા હતા. વળી, લત્તાવાસીઓ તરફથી હુસેન મકસુદ બેલીમ, પરવેશ અક્રમભાઈ, મુરાદભાઈ સહિત અન્યહ લત્તાવાસીઓની ઉપસ્થિતિમાં આ મહત્ત્વપૂર્ણ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યોર હતો, જેનાથી સ્થાનિકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી

# વીઆઈએ ભારતનો પ્રથમ રિચાર્જ-લિંક્ડ હેન્ડસેટ થેફ્ટ અને લૉસ ઈન્સ્યોરન્સ પ્લાન રજૂ કર્યો

## વીઆઈ એકમાત્ર ટેલિકોમ ઓપરેટર છે, જે રિચાર્જ-લિંક્ડ હેન્ડસેટ થેફ્ટ અને લૉસ ઈન્સ્યોરન્સ પ્લાન ઓફર કરે છે

રાજકોટ

ભારતના અગ્રણી ટેલિકોમ ઓપરેટર, ફૈએ આજે ઈન્ડસ્ટ્રીના પહેલા થેફ્ટ એન્ડ લૉસ ઈન્સ્યોરન્સ પ્લાનના લોન્ચિંગની જાહેરાત કરી છે, જે આઈ ઓ એસ અને એન્ડ્રોઈડ બંને ડિવાઈસના પ્રીપેડ ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. પસંદગીના પ્રીપેડ રિચાર્જ પેક સાથે ઉપલબ્ધ આ અનોખી ઓફર ગ્રાહકોની સ્માર્ટફોન ગુમાવવાની મુખ્ય ચિંતાને દૂર કરે છે, જે માત્ર નુકસાનને આવરી લેતી પરંપરાગત વીમા પોલિસીઓના કવરેજમાંથી મોટાભાગેબાકાત રહે છે. હેન્ડસેટ ચોરી અને નુકસાન સામે ફૈનું ઈન્સ્યોરન્સ રિચાર્જ હેન્ડસેટની સુરક્ષા માટે સૌથી વધુ બચત સાથેનો વિકલ્પ છે, જે રૂપિયા ૬૧ (૩૦ દિવસ), રૂપિયા ૨૦૧ (૧૮૦ દિવસ) અને રૂપિયા ૨૫૧ (૩૬૫ દિવસ)ની કિંમતના ૩ પેકમાં ઉપલબ્ધ છે, જે ડેટાના લાભ સાથે હેન્ડસેટના ખોવાઈ જવા કે ચોરીના કિસ્સામાં સુરક્ષા તરીકે રૂપિયા ૨૫,૦૦૦ સુધીનો વીમો ઓફર કરે છે. મે ૨૦૨૫માં આંકડાશાસ્ત્ર અને યોજના અમલીકરણ મંત્રાલય દ્વારા પ્રકાશિત એક અહેવાલ મુજબ, લગભગ ૮૫.૫ ટકા પરિવારો પાસે ઓછામાં ઓછો એક સ્માર્ટફોન છે. ઉદ્યોગના એક અહેવાલ મુજબ, હેન્ડસેટના વીમાનું બજાર આ વર્ષે ૨.૬ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જે અંદાજે ૧૪ ટકાના વાર્ષિક દરે વધી રહ્યું છે,

# 'રાઈઝીંગ રાજકોટ' પ્રદર્શનની પોણો લાખ લોકોએ મુલાકાત લીધી



રાજકોટ,

રાજકોટ રેસકોર્સની આર્ટ ગેલેરીમાં તા.૨૨-૧૧થી શરૂ થયેલા રાજકોટની શહેરી વિકાસ યાત્રા-૨૦ વર્ષની યશોગાથા - પ્રદર્શનની અત્યાર સુધીમાં ૭૫૦૦૦થી વધુ શહેરીજનોએ પ્રદર્શનની મુલાકાત લીધી છે અને ગઈકાલે શહેરી વિકાસ મંત્રીએ પણ મુલાકાત લીધી હતી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી દર્શનાબેન વાઘેલાએ રવિવારે રાઈઝિંગ રાજકોટ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે પ્રદર્શનમાં દર્શાવાયેલી વિકાસકામોની વિસ્તૃત માહિતી મેળવી કોર્પો. દ્વારા શહેરના સુસંગત અને આયોજનબદ્ધ વિકાસ માટે કરવામાં આવેલી કામગીરીને બિરદાવી હતી. આ અવસરે ડે.કમિશનર મહેશ જાની, ચેતન નંદાણી અને સમીર ધડુકે વિસ્તૃત માહિતી આપી હતી.

મંત્રીએ એ.આઈ.ની મદદથી વડાપ્રધાન સાથે તસ્વીર ખેંચાવી હતી. છેલ્લા બે દાયકામાં રાજકોટ શહેરે કરેલા વિકાસના માઈલસ્ટોન, ભવિષ્યની યોજનાઓ અને નાગરિક કેન્દ્રિત અભિગમને સરળ અને આકર્ષક રીતે રજૂ કરવામાં આવ્યો છે. ડિજિટલ ડિસ્પ્લે, ઈન્ટરએક્ટિવ મોડલ, તસવીરો, વિડિયો પ્રેઝન્ટેશન અને માહિતીપ્રદ પેનલ્સ દ્વારા શહેરની બદલાતી છબી અને વિકાસયાત્રા સ્પષ્ટ રીતે દેખાય છે. હેરીટેજ રાજકોટ, ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, વિવિધ વિષયની ગેલેરી, એ.આઈ. અને વી.આર. સહિતના આકર્ષણ સાથેના પ્રદર્શનનો સમય તા.૨૧ ડિસેમ્બર સુધી સવારે ૧૦ થી રાત્રે ૧૦ છે.

# રાજકોટ સ્વામિનરાયણ ગુરૂકુળની પેરેન્ટ્સ મીટીંગમાં વિદ્યાર્થીઓને ટાર્ગેટ કાર્ડનું વિતરણ

રાજકોટ,શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમાં વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે દર વર્ષે પેરેન્ટ્સ મીટીંગનું આયોજન થતું હોય છે. જે અંતર્ગત આ વર્ષે પણ દ્વિતીય સત્રાની પ્રથમ મીટીંગ પેરેન્ટ્સ સ્માઈલ પ્રોજેક્ટ હેઠળ નિયત ટાર્ગેટ હાંસલ કરવા બદલ વિદ્યાર્થીઓ સાથે વાલીઓને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પૂજ્ય જનમંગલદાસજી સ્વામી તથા પૂજ્ય જીવનમુક્ત દાસજી સ્વામીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ આ પેરેન્ટ્સ મિટિંગમાં છેલ્લી પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક મેળવેલા ટોપર્સ વિદ્યાર્થીઓને શીલ્ડ અને પ્રમાણપત્રથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ પ્રગતિશીલ શૈક્ષણિક પ્રદર્શનના આધારે બેઝિક ટાર્ગેટ અને એડવાન્સ ટાર્ગેટ સિદ્ધ કરેલ બાળકોને પણ તેમના માતા પિતા સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા.

# બુધવારે રાજકોટમાં સેન્ટ્રલ ગવર્મેન્ટ પેન્શનર્સ એસો.ની વાર્ષિક સાધારણ સભા

રાજકોટ,

રાજકોટ સેન્ટ્રલ ગવર્મેન્ટ પેન્શનર્સ એસો.ની વાર્ષિક સાધારણ સભા તથા જે સભ્યોના ૭૫ વર્ષ પુરા થતા હોય તેઓનું સન્માન કરવાનું, વાર્ષિક ખર્ચ રિપોર્ટને બહાલી, એસોસિએશન રાજકોટ અને સૌરાષ્ટ્રના વર્કીંગ અને રીટાયર્ડ ૧૪૦૦૦ કરતા વધારે કર્મચારીઓને રાજકોટ ખાતે સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કીમ હેઠળ વેલનેસ સેન્ટર મળે તેના માટે ચળવળ ચલાવે છે.

રાજકોટને સીજીએચએસ વેલનેસ સેન્ટર મળે તો સીનીયર અને સુપર સિનીયર સીટીઝનોને સારવાર માટે અમદાવાદ જવું ન પડે. એસો. રાજકીય નેતા સંસદસભ્યો દ્વારા દિલ્હી વડાપ્રધાન તથા હેલ્થ મીનીસ્ટરને પણ રજૂઆત કરે છે. હજુ સુધી સફળતા મળેલ નથી, પણ ચળવળ ચાલુ રહેશે. એસો. સેન્ટ્રલ ગવર્મેન્ટ રિટાયર્ડ કર્મચારીની વેલફેર માટે સતત કાર્ય કરશે.

મીટીંગમાં વોકહાર્ટ હોસ્પિટલ અને એઆઈએમએસના ડોકટર્સ દ્વારા સીનીયર સીટીઝનોને હેલ્થકેર બાબત માહિતગાર કરશે. તા.૧૭/૧૨ના સવારે ૯-૩૦ કલાકથી પરિશ્રમ ગાર્ડન રેસ્ટોરન્ટ, પ્રમુખ સ્વામી ઓડીટોરીયમની બાજુમાં, રૈયા રોડ, રાજકોટ ખાતે મળશે જેમાં નોંધાયેલા દરેક સભ્યોએ હાજર રહેવા પ્રમુખ કિશોરસિંહ જાડેજાની યાદીમાં જણાવાયું છે.

# બોન્ડી બીચ ગોળીબાર બાદ ઈઝરાયલે વિદેશમાં રહેતા નાગરિકો માટે સલામતી સલાહ જારી કરી

નવીદિલ્હી,

રવિવારે સિડનીના બોન્ડી બીચ પર હનુક્કાહ કાર્યક્રમમાં ગોળીબાર થયા બાદ, ઈઝરાયલની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે વિદેશ પ્રવાસ કરતા ઈઝરાયલીઓ માટે અપડેટેડ સલામતી માર્ગદર્શિકા જારી કરી છે.

મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, સલાહકારમાં પૂરતા સુરક્ષાના અભાવે મોટા પાયે મેળાવડા ટાળવાની ભારપૂર્વક ભલામણ કરવામાં આવી છે, જેમાં સિનાગોગ, ચાબડ હાઉસ અને હનુક્કાહ ઉજવણીનો સમાવેશ થાય છે.

અહેવાલમાં ઉમેર્યું છે કે તે યહૂદી અને ઈઝરાયલી સ્થળોની આસપાસ વધુ સતર્કતા રાખવાની પણ વિનંતી કરે છે, પ્રવાસીઓને સ્થાનિક સુરક્ષા દળો, જેમ કે શંકાસ્પદ વ્યક્તિઓ અથવા વસ્તુઓને તાત્કાલિક જાણ કરવાની સલાહ આપે છે.

અધિકારીઓએ બોન્ડી બીચ પર પિતા અને પુત્ર પર ૧૫ લોકોની હત્યા કરવાનો શંકા વ્યક્ત કર્યા પછી ઓસ્ટ્રેલિયામાં આઘાત અને આક્રોશ વચ્ચે આ સલાહકાર આવ્યો છે.

બોન્ડી બીચ પર ગોળીબાર પર ઈઝરાયલી પીએમ

ઓસ્ટ્રેલિયામાં ગોળીબાર પર ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વાત કરી.

"હું તમને નબળાઈને કાર્યવાહીથી, તુષ્ટિકરણને સંકલ્પથી બદલવા માટે હાકલ કરું છું. તેના બદલે, વડા પ્રધાન, તમે નબળાઈને નબળાઈથી અને તુષ્ટિકરણને વધુ તુષ્ટિકરણથી બદલો," નેતન્યાહૂએ કહ્યું.

"તમારી સરકારે ઓસ્ટ્રેલિયામાં યહૂદી-વિરોધીવાદના ફેલાવાને રોકવા માટે કંઈ કર્યું નથી. તમે તમારા દેશની અંદર વધતા કેન્સરના કોષોને રોકવા માટે કંઈ કર્યું નથી".

"તમે કોઈ પગલાં લીધાં નહીં. તમે રોગ ફેલાવવા દીધો અને પરિણામે આજે આપણે યહૂદીઓ પર ભયાનક હુમલાઓ જોયા," તેમણે ઉમેર્યું.

બે બંદૂકધારીઓમાંથી, ૫૦ વર્ષીય પિતાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું, જેના કારણે મૃત્યુઆંક ૧૬ થયો, જ્યારે તેનો ૨૪ વર્ષીય પુત્ર હોસ્પિટલમાં ગંભીર હાલતમાં છે, એમ પોલીસે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું.

પોલીસે એમ પણ કહ્યું કે હુમલા બાદ લગભગ ૪૦ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જેમાં બે પોલીસ અધિકારીઓનો પણ સમાવેશ થાય છે જે ગંભીર પણ સ્થિર હાલતમાં હતા.

પીડિતોની ઉંમર ૧૦ થી ૮૭ વર્ષની હતી.

સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસને એક વ્યક્તિની ઓળખ હતી પરંતુ તેને તાત્કાલિક ખતરો માનવામાં આવ્યો ન હતો.

રાષ્ટ્રીય પ્રસારણકર્તા ABC અને અન્ય ઓસ્ટ્રેલિયન મીડિયાએ પુરુષોની ઓળખ સાજિદ અકરમ અને તેના પુત્ર નવીદ અકરમ તરીકે કરી હતી.

ગૃહમંત્રી ટોની બર્કે જણાવ્યું હતું કે પિતા ૧૯૯૮માં સ્ટુડન્ટ વિઝા પર ઓસ્ટ્રેલિયા આવ્યા હતા, જ્યારે તેમનો પુત્ર ઓસ્ટ્રેલિયામાં જન્મેલો નાગરિક હતો. પોલીસે ઉપયોગમાં લેવાયેલા હથિયારો વિશે વિગતો આપી નથી, પરંતુ ઘટનાસ્થળના વીડિયોમાં પુરુષો બોલ્ટ-એક્શન રાઈફલ અને શોટગનથી ફાયરિંગ કરતા જોવા મળે છે.

એબીસી ન્યૂઝે અનામી સ્ત્રોતોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે બંદૂકધારીઓના વાહનમાંથી આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટના બે ધ્વજ મળી આવ્યા છે.

# હાપુરમાં એક યુવતી પર બળાત્કાર કર્યા બાદ પત્નીની સામે યુવતીની હત્યા કરી

## જ્યારે બીજી મહિલાએ આ જોયું, ત્યારે તેણે તેના પર પણ એ જ ક્રૂરતા આચરી

હાપુર,

ઉત્તર પ્રદેશના હાપુર જિલ્લામાંથી એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. પિલખુવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામા હોસ્પિટલ નજીક શેરડીના ખેતરમાંથી મળેલા સુટકેસમાં એક યુવતીનું હાડપિંજર મળી આવ્યું હતું, જેના કારણે એક સનસનાટીભર્યો ખુલાસો થયો છે. પોલીસે એક દંપતીની ધરપકડ કરી છે જેમણે બળાત્કારની ઘટના છુપાવવા માટે ક્રૂરતાની બધી હદો પાર કરી દીધી હતી. આરોપીએ પહેલા યુવતી પર બળાત્કાર કર્યો અને પછી તેની પત્નીની સામે લાકડીથી માર મારીને તેની નિર્દયતાથી હત્યા કરી. આઘાતજનક રીતે, તેણે બીજી મહિલા પર પણ બળાત્કાર કર્યો અને સત્ય જાહેર ન થાય તે માટે તેનું ફિલ્માંકન કર્યું. પોલીસે આરોપીઓ પાસેથી હત્યાનું હથિયાર, પીડિતાના મોબાઇલ ફોન અને પીડિતાના રોકડ મેમો અને અન્ય લોકો જપ્ત કર્યા.

હાપુર જિલ્લાના પિલખુવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામા હોસ્પિટલ નજીક શેરડીના ખેતરમાં ૧ ડિસેમ્બરના રોજ ઝારખંડની એક યુવતીનો મૃતદેહ સુટકેસમાંથી મળી આવ્યો હતો, જેનો ખુલાસો થયો છે અને પોલીસે દંપતીની ધરપકડ કરી છે. બળાત્કારનો પર્દાફાશ ન થાય તે માટે, આરોપીએ તેની પત્નીની સામે લાકડીથી માર મારીને બળાત્કાર પીડિતાની ક્રૂરતાથી હત્યા કરી.

CRIME

બીજી નોકરાણી બોલતી અટકાવવા માટે, તેઓએ તેની સાથે પણ બળાત્કાર કર્યો અને ઘટનાનું ફિલ્માંકન કર્યું. ત્યારબાદ દંપતીએ મૃતદેહને ભાડાની ઓટો-રિક્ષામાં મૂકીને ખેતરમાં ફેંકી દીધો. પોલીસે આરોપીઓ પાસેથી હત્યાનું હથિયાર, મૃતકના મોબાઇલ ફોન સહિત ચાર મોબાઇલ ફોન અને બે રોકડ મેમો જપ્ત કર્યા.

અધિક પોલીસ અધિક્ષક વિનીત ભટનાગરે જણાવ્યું હતું કે ૨૮ ઓગસ્ટના રોજ, પિલખુવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એનએચ-૦૯ પર રામા હોસ્પિટલ નજીક એક ખેતરમાં કાળા સુટકેસમાં એક મહિલાનું હાડપિંજર મળી આવ્યું હતું. પિલખુવા પોલીસ ઉપરાંત, કેસ ઉકેલવા માટે સેવા ટીમ પણ તૈનાત કરવામાં આવી હતી. મહિલા દિલ્હી-NCRમાં હોવાની માહિતી મળ્યા બાદ, પોલીસે દિલ્હીમાં કેમ્પ ગોઠવ્યો. પોલીસ અધિક્ષક કુંવર જ્ઞાનેન્દ્ર સિંહની સૂચનાને પગલે, મૃતકની ઓળખ માટે દિલ્હીના તમામ પોલીસ સ્ટેશનોમાં પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન, પોલીસ ટીમ વિવેક વિહાર પોલીસ સ્ટેશન પહોંચી. જ્યારે દિલ્હી પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમને જાણ કરવામાં આવી કે કેટલાક લોકો એક યુવતીના ગુમ થવા અંગે આવ્યા છે. તેમના ઠેકાણા વિશે પૂછપરછ કરતાં, પોલીસ ટીમને ખબર પડી કે સવિતા વિહારનો એક પ્રખ્યાત ઉદ્યોગપતિ યુવતીના ગુમ થવા અંગે પોલીસ સ્ટેશન આવ્યો હતો. પોલીસે ઉદ્યોગપતિનો સંપર્ક કર્યો ત્યારે તેણે તેમને કહ્યું કે એક નોકરાણી તેના માટે કામ કરે છે.તે ઘણા દિવસોથી ડરી રહી હતી અને તેણે એક યુવતીની હત્યા થતી જોઈ હતી. આ માહિતી મળતાં, પોલીસ ટીમે નોકરાણીનો ઈન્ટરવ્યુ લીધો. ત્યારબાદ તેમને જાણવા મળ્યું કે જે યુવતીનો મૃતદેહ સુટકેસમાં મળી આવ્યો હતો તે ઝારખંડના એક ગામની હતી.

પોલીસે આ કેસને જોડીને પિલખુવાના દુહરી કટ ગામના એક દંપતીની ધરપકડ કરી. ધરપકડ કરાયેલા દંપતીમાં હાપુડ જિલ્લાના સિમ્ભાવોલી પોલીસ સ્ટેશન વિસ્તારના નવાદા કલાન ગામના રહેવાસી અંકિત કુમાર અને ઝારખંડની એક મહિલા કાલિસ્તા ઉર્ફે કાલીનો સમાવેશ થાય છે.

પોલીસ પૂછપરછ દરમિયાન, આરોપી દંપતીએ ખુલાસો કર્યો કે તેઓ ઝારખંડની મહિલાઓને ઘરેલુ સહાયક તરીકે રાખતા હતા. તેઓ મૃતકને ઝારખંડના નજીકના ગામથી લાવ્યા હતા. ત્યારબાદ, આરોપી અંકિતે સિમ્ભાવોલી સ્થિત તેમના ઘરે તેના પર બળાત્કાર ગુજાર્યો અને ઘટનાનું ફિલ્માંકન કર્યું. પીડિતાએ પોલીસ ફરિયાદ નોંધાવવાની અને તેમને ફસાવવાની ધમકી આપ્યા બાદ, દંપતીએ લાકડી વડે માર મારીને તેની હત્યા કરી દીધી. પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલ આરોપી દંપતી હાલમાં બાબુગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુચેસર રોડ ચોપલા ખાતે રેલ્વે ક્રોસિંગની સામે શકરપુર રોડ પર એક કોલોનીમાં ભાડાના મકાનમાં રહે છે. પોલીસે આરોપી દંપતીના કબજામાંથી એક ઘાતક હથિયાર, મૃતકના મોબાઇલ ફોન સહિત ચાર મોબાઇલ ફોન અને બે રોકડ મેમો જપ્ત કર્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ કાલિસ્ટાના બીજા લગ્ન છે. કાલિસ્ટાના પહેલા પતિ સાહુએ ફરીથી લગ્ન કર્યા હતા. આ પછી, અંકિતે કાલિસ્ટા સાથે લગ્ન કર્યા. છેલ્લા ચાર વર્ષથી, અંકિત અને સાહુ બંને દિલ્હીના ઉત્તમ નગરમાં સૃષ્ટિ એન્ટરપ્રાઇઝ નામની પેઢી ખોલીને યુવાન છોકરીઓ અને મહિલાઓને ઘરેલુ સહાયક તરીકે દિલ્હી મોકલી રહ્યા છે.પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે અંકિત જ્યાં ઘરેલુ સહાય મોકલતો હતો ત્યાંના માલિકો પાસેથી વધુ પડતો ચાર્જ વસૂલતો હતો. જોકે, તે કાં તો ઘરેલુ સહાયકને બિલકુલ પૈસા આપતો ન હતો અથવા ઘરેલુ સહાયકને થોડી રકમ આપતો હતો.

# અફઘાનિસ્તાનમાં ૪.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

નવીદિલ્હી,

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર, સોમવારે વહેલી સવારે અફઘાનિસ્તાનમાં ૪.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. આ ભૂકંપ સવારે ૬:૧૦ વાગ્યે ૨૨ કિમીની ઊંડાઈએ નોંધાયો હતો, જેનું કેન્દ્રબિંદુ ૩૬.૭૧ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૧.૫૮ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું. જાનહાનિ કે નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલ નથી.

આ ભૂકંપ છેલ્લા અઠવાડિયામાં અફઘાનિસ્તાનમાં શ્રેણીબદ્ધ ભૂકંપના આંચકાઓ વચ્ચે આવ્યો છે. અગાઉ ૧૦ ડિસેમ્બરે, દિવસના પ્રારંભિક કલાકોમાં દેશમાં ૪.૩ ની તીવ્રતાનો વધુ મજબૂત ભૂકંપ આવ્યો હતો. NCS એ ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તે ભૂકંપ ૧૫૦ કિમીની ઊંડાઈએ નોંધાયો હતો.

એક દિવસ પહેલા, ૯ ડિસેમ્બરે, NCS એ આ પ્રદેશમાં બે અલગ અલગ ભૂકંપની જાણ કરી હતી. ૩.૮ ની તીવ્રતાનો એક ભૂકંપ ૭૦ કિમીની ઊંડાઈએ આવ્યો હતો, જ્યારે ૪.૫ ની તીવ્રતાનો બીજો એક વધુ મજબૂત ભૂકંપ માત્ર ૧૦ કિમીની છીછરી ઊંડાઈએ આવ્યો હતો.

છીછરા ભૂકંપને વધુ ખતરનાક માનવામાં આવે છે કારણ કે ભૂકંપના મોજા ઝડપથી સપાટી પર પહોંચે છે, જેના કારણે જમીન વધુ ધ્રુજારી પામે છે.

રેડ ક્રોસ અનુસાર, અફઘાનિસ્તાનમાં વારંવાર ભૂકંપ આવે છે, ખાસ કરીને હિન્દુ કુશ ક્ષેત્રમાં, જે અત્યંત સક્રિય ભૂકંપ ક્ષેત્રમાં આવેલું છે.

તાજેતરના ભૂકંપ ૪ નવેમ્બરના રોજ ઉત્તર અફઘાનિસ્તાનમાં આવેલા ૬.૩-તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ પછી આવ્યા છે. અફઘાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, તે ભૂકંપમાં ઓછામાં ઓછા ૨૭ લોકો માર્યા ગયા હતા અને સેંકડો ઘાયલ થયા હતા. CNN એ અહેવાલ આપ્યો છે કે ભૂકંપથી દેશની સૌથી પ્રતિષ્ઠિત મસ્જિદોમાંની એકને પણ નુકસાન થયું હતું.


યુનાઈટેડ સ્ટેટ્સ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેએ અહેવાલ આપ્યો છે કે ભૂકંપ છીછરા ઊંડાઈએ આવ્યો હતો, જે તેની અસર વધારે છે.

અફઘાનિસ્તાનની ભૂકંપ પ્રત્યેની સંવેદનશીલતા ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો વચ્ચેના અથડામણ ક્ષેત્ર સાથેના તેના સ્થાન સાથે જોડાયેલી છે. હેરાત પ્રદેશ સહિત દેશના કેટલાક ભાગોમાંથી એક મોટી ફોલ્ટ લાઈન પણ પસાર થાય છે.

યુનાઈટેડ નેશન્સ ઑફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઑફ હ્યુમેનિટેરિયન અફેર્સ (UNOCHA) નોંધે છે કે અફઘાનિસ્તાન ભૂકંપ, ભૂસ્ખલન અને મોસમી પૂર સહિત કુદરતી આફતો માટે અત્યંત સંવેદનશીલ રહે છે.

# વૃંદાવનમાં સેંકડો વર્ષ જૂની પરંપરા તૂટી રસોઈયાને પગાર ન મળતા ઠાકોરજીને ભોગ ન ધરાવાયો

## ઠાકુર બાંકે બિહારી મંદિરમાં વર્ષો જૂની પરંપરા તૂટી



વૃંદાવન,

વૃંદાવનના સુપ્રસિદ્ધ શ્રી ઠાકુર બાંકે બિહારી મંદિરમાં સોમવારે એક અભૂતપૂર્વ ઘટના બની, જેના કારણે વર્ષોથી ચાલી આવતી પરંપરા તૂટી ગઈ. રસોઈયાને પગારની ચૂકવણી ન થવાના કારણે ભોગ તૈયાર ન થતાં ઠાકુરજીને પહેલીવાર ભોગ ધરવામાં ન આવ્યો. આ ઘટનાથી મંદિરના ગોસ્વામીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, જ્યારે મંદિરની વ્યવસ્થા સંભાળતી હાઈ પાવર કમિટી આ મામલે પોતાનો હાથ ખંખેરવાનો પ્રયાસ કરી રહી છે.

દેશ-વિદેશમાંથી દરરોજ લાખો શ્રદ્ધાળુઓ શ્રી ઠાકુર બાંકે બિહારીના દર્શન કરવા આવે છે. મંદિરમાં ઠાકુરજીને સવારે બાળ ભોગ અને સાંજે શયન ભોગ અર્પણ કરવાની પરંપરા છે. પરંતુ સોમવારે આ બંને ભોગ ઠાકુરજીને ન લાગતા ભક્તોએ તેમને ભોગ વિના જ દર્શન કર્યા હતા. ઠાકુર બાંકે બિહારી મંદિરની વ્યવસ્થાઓ માટે સુપ્રીમ કોર્ટે એક હાઈ પાવર કમિટીની રચના કરી છે. આ કમિટી હેઠળ ઠાકુરજીના પ્રસાદ અને ભોગની સામગ્રી તૈયાર કરવા માટે રસોઈયાની નિમણૂક કરવામાં આવી છે.

# જોર્ડનની ઐતિહાસિક મુલાકાત દરમિયાન અમ્માનમાં પીએમ મોદીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું

અમ્માન,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે જોર્ડનના અમ્માન પહોંચ્યા બાદ તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું, જે જોર્ડનની તેમની સત્તાવાર મુલાકાતની શરૂઆત હતી. જોર્ડનના વડા પ્રધાન જાફર હસને એરપોર્ટ પર પીએમ મોદીનું સ્વાગત કર્યું, તેમના વિદેશ પ્રવાસના જોર્ડન તબક્કાની શરૂઆત કરતી વખતે તેમનું ઔપચારિક સ્વાગત કર્યું. ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી ૧૫ થી ૧૬ ડિસેમ્બર સુધી રાજા અબ્દુલ્લા ઈબ્ન અલ હુસૈનના આમંત્રણ પર જોર્ડનમાં છે. આ મુલાકાત દરમિયાન, તેઓ ભારત-જોર્ડન સંબંધોના સમગ્ર સ્પેક્ટ્રમની સમીક્ષા કરવા અને પ્રાદેશિક વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કરવાના હેતુથી વાટાઘાટો કરવાના છે. તેઓ દેશમાં ભારતીય ડાયસ્પોરાના સભ્યો સાથે પણ વાતચીત કરશે.

ઉલ્લેખનીય છે કે પીએમ મોદીની આ મુલાકાત ભારત અને જોર્ડન વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના ૭૫ વર્ષ પૂરા થવાના છે. જોર્ડન પીએમ મોદીના ચાર દિવસીય, ત્રણ દેશોના પ્રવાસનો પ્રથમ તબક્કો છે, જે તેમને ઈથોપિયા અને ઓમાન પણ લઈ જશે. દિવસના અંતે, પીએમ મોદી રાજા અબ્દુલ્લા ઈબ્ન અલ હુસૈનને એક-એક વાતચીત માટે મળશે, ત્યારબાદ પ્રતિનિધિમંડળ-સ્તરની વાતચીત થશે.

મંગળવારે, પીએમ મોદી અને રાજા ભારત-જોર્ડન વ્યાપાર કાર્યક્રમને સંબોધિત કરે તેવી અપેક્ષા છે, જેમાં બંને દેશોના અગ્રણી ઉદ્યોગપતિઓ હાજરી આપશે.

પીએમ મોદી ભારતીય ડાયસ્પોરા સાથે વાતચીત કરશે

પ્રધાનમંત્રી જોર્ડનમાં ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરશે અને ક્રાઉન પ્રિન્સ સાથે, હવામાન પરિસ્થિતિઓને આધીન, ભારત સાથે પ્રાચીન વેપાર સંબંધો ધરાવતા ઐતિહાસિક શહેર પેટ્રાની મુલાકાત લેવાનું આયોજન છે.

વિદેશ મંત્રાલય અનુસાર, આ પ્રધાનમંત્રી મોદીની જોર્ડનની પ્રથમ પૂર્ણ દ્વિપક્ષીય મુલાકાત છે. પીએમ મોદી ફેબ્રુઆરી ૨૦૧૮ માં પેલેસ્ટાઈન જતા હતા ત્યારે જોર્ડનમાંથી પસાર થયા હતા.

"ભલે તે એક ટ્રાન્ઝિટ મુલાકાત હતી, પણ મહામહિમ રાજા દ્વારા તેમને અપવાદરૂપ સૌજન્ય આપવામાં આવ્યું હતું", જે તેને ફક્ત ટ્રાન્ઝિટ મુલાકાત કરતાં વધુ બનાવે છે... હાલની સંપૂર્ણ દ્વિપક્ષીય મુલાકાત (ભારતીય વડા પ્રધાન દ્વારા) ૩૭ વર્ષના અંતરાલ પછી થઈ રહી છે," એમઈએએ ગયા અઠવાડિયે નવી દિલ્હીમાં એક ખાસ બ્રીફિંગમાં જણાવ્યું હતું.

ભારત અને જોર્ડન મજબૂત આર્થિક સંબંધો ધરાવે છે, જેમાં નવી દિલ્હી અમ્માનનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર USD ૨ છે.

૮ બિલિયન. જોર્ડન ભારતને ખાતરોનો અગ્રણી સપ્લાયર પણ છે, ખાસ કરીને ફોસ્ફેટ્સ અને પોટાશ.

# યુક્રેન દ્વારા નાટોના ધ્યેયનો ત્યાગ કરવાથી શાંતિ વાટાઘાટો બદલાશે નહીં: યુએસ સુરક્ષા નિષ્ણાતો

વોશિંગટન/કિવ,

રવિવારે બે સુરક્ષા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે નાટો લશ્કરી જોડાણમાં જોડાવાનો ઈનકાર કરવાની યુક્રેનની ઓફર કદાચ શાંતિ વાટાઘાટોના માર્ગમાં નોંધપાત્ર ફેરફાર કરશે નહીં.

સંભવિત યુક્રેન-રશિયા શાંતિ કરાર અંગે યુએસ રાજદૂતો સાથેની વાટાઘાટો દરમિયાન, રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રવિવારે યુક્રેનની નાટો આકાંક્ષાઓને છોડી દેવાની ઓફર કરી હતી. ઝેલેન્સકીએ કહ્યું હતું કે નાટોમાં જોડાવાને બદલે યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ અને અન્ય દેશો તરફથી સુરક્ષા ગેરંટી યુક્રેન તરફથી સમાધાન છે. "આ સોય બિલકુલ ખસેડતું નથી," કેટો ઈન્સ્ટિટ્યૂટના સંરક્ષણ અને વિદેશ નીતિ અભ્યાસના ડિરેક્ટર જસ્ટિન લોગને કહ્યું. "આ વાજબી દેખાવાનો પ્રયાસ છે."

લોગાન અને ફલોરિડા યુનિવર્સિટીના વ્યૂહાત્મક અભ્યાસના પ્રોફેસર એન્ડ્રૂ મિક્ટાએ જણાવ્યું હતું કે યુક્રેન માટે નાટો સભ્યપદ લાંબા સમયથી વાસ્તવિક રહ્યું નથી. મિક્ટાએ યુક્રેનના નાટો પ્રવેશને આ સમયે "બિન-મુદ્દો" ગણાવ્યો.

લોગને કહ્યું કે યુક્રેનની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવા માટે રાષ્ટ્રો માટે અન્ય રસ્તાઓ છે. લોગને કહ્યું કે, ઝેલેન્સકીની ઓફરના જવાબમાં, યુક્રેનને ટેકો આપવા માટે યુનાઈટેડ સ્ટેટ્સે જે કર્યું છે તે જ વસ્તુઓ માટે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રતિબદ્ધ થઈ શકે છે, જેમ કે શસ્ત્રો મોકલવા અને રશિયા પર પ્રતિબંધો મૂકવા.

બધાએ ઝેલેન્સકીની ઓફરને ફગાવી દીધી નથી.

ઓબામા વહીવટીતંત્રમાં ભૂતપૂર્વ વિદેશ નીતિ સલાહકાર અને હવે ગ્લોબલ સિચ્યુએશન રૂમ કન્સલ્ટન્સીના વડા બ્રેટ બ્રુએને યુક્રેનની છૂટને "મહત્વપૂર્ણ અને વાસ્તવિક" ગણાવી.

"આ ઝેલેન્સકી માટે શાંતિ માટે યુક્રેનની નોંધપાત્ર છૂટ માટે તૈયારીનો વિરોધાભાસ કરવાનો એક માર્ગ છે, જ્યારે મોસ્કો કોઈપણ નોંધપાત્ર છૂટ પર ઓછો રહ્યો છે," બ્રુએને કહ્યું. "પ્રશ્ન એ છે કે યુક્રેનિયન લોકોને આપેલા સુંદર લોખંડી વચનને પાછું ખેંચવા બદલ ઝેલેન્સકીને શું મળ્યું?"

બ્રુએને અનુમાન લગાવ્યું કે ટ્રમ્પે યુક્રેનના આકાશમાં પેટ્રોલિંગ કરવાનું અથવા વિમાનના આક્રમણનો જવાબ આપવાનું વચન આપ્યું હશે. તેમણે કહ્યું કે જો રશિયા મોટા પાયે લશ્કરી આક્રમણ ફરીથી શરૂ કરશે તો યુનાઈટેડ સ્ટેટ્સ લશ્કરી સહાયનો પુરવઠો પણ વધારી શકે છે.

"યુક્રેનને ટ્રમ્પ જે વચન આપે છે તેના પર વિશ્વાસ રાખવો પડશે, પરંતુ તેમને ફક્ત એક શબ્દ કરતાં વધુની જરૂર છે," તેમણે કહ્યું. "તેમને કાર્યવાહીની જરૂર છે, કોઈ તત્વ, જે ખાતરી કરશે કે ટ્રમ્પ આ પરિસ્થિતિઓમાંથી સરળતાથી બહાર ન નીકળી શકે."

# ૧૫,૦૦૦ થી વધુ સરકારી કર્મચારીઓની નોકરી પર ખતરો : કર્મચારીઓની ફરીથી તબીબી તપાસના આદેશ

## રાજ્યના વિવિધ વિભાગોમાં કામ કરતા અપંગ કર્મચારીઓમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે

જયપુર,તા.૧૫

રાજસ્થાન સરકારે અપંગતા પ્રમાણપત્રના આધારે નિયુક્ત તમામ સરકારી કર્મચારીઓની ફરીથી તબીબી તપાસ કરવાના નિર્દેશો જારી કર્યા છે. આ નિર્ણયથી રાજ્યના વિવિધ વિભાગોમાં કામ કરતા અપંગ કર્મચારીઓમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. એવો અંદાજ છે કે આ પ્રક્રિયા ૧૫,૦૦૦ થી વધુ કર્મચારીઓને અસર કરી શકે છે, જેઓ હવે તેમની યોગ્યતા અંગે ચિંતિત છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરમાં સરકારી ભરતીઓમાં અપંગતા પ્રમાણપત્રો સંબંધિત ઘણા શંકાસ્પદ અને છેતરપિંડીભર્યા કિસ્સાઓ સામે આવ્યા છે. આ પછી, કર્મચારી વિભાગે તમામ વિભાગોને અપંગતા ક્વોટા હેઠળ નિયુક્ત કર્મચારીઓની ફરીથી તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ આદેશ હેઠળ, તાજેતરમાં પસંદ કરાયેલા ઉમેદવારો જ નહીં, પરંતુ ૫ થી ૩૫ વર્ષ પહેલાં નિયુક્ત થયેલા કર્મચારીઓ પણ હવે મેડિકલ બોર્ડ સમક્ષ હાજર થઈ રહ્યા છે. કેટલાક જિલ્લાઓમાં તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું છે કે નિમણૂક સમયે ૪૦ ટકાથી વધુ અપંગતા ધરાવતા કેટલાક કર્મચારીઓ હવે ૫ થી ૭ ટકાનો તફાવત જણાવી રહ્યા છે. સરકારી નોકરીઓમાં અપંગતા ક્વોટા માટે લાયક બનવા માટે ઓછામાં ઓછી ૪૦ ટકા અપંગતા જરૂરી હોવાથી, આ મર્યાદાથી નીચે આવવાથી તેમની રોજગારી જોખમમાં મુકાઈ શકે છે. અધિકારીઓ માને છે કે આશરે ૭૦ ટકા કર્મચારીઓ આ મર્યાદામાં આવે છે.

વિકલાંગ કર્મચારીઓ પણ સરકારના નિર્ણયથી અસંતોષ અનુભવી રહ્યા છે. તેમનું કહેવું છે કે સરકારે ફરીથી તપાસ કરવાને બદલે બનાવટી પ્રમાણપત્રના કેસ સામે કાર્યવાહી કરવી જોઈએ.

# સુપ્રીમ કોર્ટ ૧૭ ડિસેમ્બરે દિલ્હી-એનસીઆરમાં ગંભીર વાયુ પ્રદૂષણ સંબંધિત અરજી પર સુનાવણી કરશે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં સતત વધતા વાયુ પ્રદૂષણ સ્તર સંબંધિત અરજી પર સુનાવણી માટે ૧૭ ડિસેમ્બરની તારીખ નક્કી કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે એક અસરકારક આદેશ જારી કરશે જે લાગુ કરી શકાય.

સુપ્રીમ કોર્ટ ગીતાંજલિ જે. એંગ્મોની અરજી પર સુનાવણી કરશે. ગીતાંજલિ જેલમાં બંધ આબોહવા કાર્યકર્તા સોનમ વાંગચુકની પત્ની છે. તેમણે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ તેમની અટકાયતને સરકારની શક્તિનો મનસ્વી ઉપયોગ ગણાવ્યો છે. સુપ્રીમ કોર્ટ કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અરજી પર પણ સુનાવણી કરશે. આ અરજી વરિષ્ઠ વકીલ અને રાજ્યસભા સાંસદ વિવેક તંખા દ્વારા તેમના વિરુદ્ધ દાખલ કરાયેલા ફોજદારી માનહાનિના કેસ સાથે સંબંધિત છે.

સુપ્રીમ કોર્ટ ફલોદી અકસ્માત કેસ સંબંધિત સુઓ મોટો અરજી પર સુનાવણી કરશે. વધુમાં, સુપ્રીમ કોર્ટ ઓટીઝમ ધરાવતા વ્યક્તિઓની સલામતી માટે માર્ગદર્શિકા ઘડવા માટે નિષ્ણાત પેનલની રચના સંબંધિત અરજી પર સુનાવણી કરશે.

# આઠ માસ પૂર્વેનાં બનાવમાં પોલીસે માત્ર અરજી જ લીધી હતી: ઈન્ડિયન બેંકના સ્ટ્રોંગ રૂમમાંથી સવા કરોડના ૧ કિલો સોનાની ચોરી

## બેન્કીંગ ક્ષેત્રમાં ખળભળાટ સર્જતો બનાવ ગોલ્ડ લોનના બદલામાં લોનધારકોએ મુકેલા ૧૦૦૫.૧૦ ગ્રામ વજનના સોનાના દાગીનાના બે પાર્સલ ચોરાઈ ગયા




રાજકોટ: ગોલ્ડ લોનમાં નકલી સોનું ધાબડવા,સાઈબર છેતરપીંડી જેવા અનેક પ્રકારના કૌભાંડ વચ્ચે રાજકોટની બેંકના સ્ટ્રોંગરૂમમાંથી સવા કરોડથી વધુ કિંમતનું એક કિલોથી વધુ સોનું ચોરી થતા ખળભળાટ સર્જાયો છે. આઠ મહિના પૂર્વેનાં આ બનાવમાં પોલીસે હજુ એફઆઈઆર દાખલ કરી નથી અને માત્ર અરજીનાં આધારે જ તપાસ કરવામાં આવી રહી છે. બેંક કર્મચારીઓના લાઈ ડીટેક્ટર-નાર્કો ટેસ્ટ કરીને રહસ્ય ઉકેલવા તજવીજ હાથ ધરવામાં આવી છે.શહેરનાં ગોંડલ રોડ-ભકિતનગર સ્ટેશન પ્લોટમાં આવેલી ઈન્ડીયન બેંકમાં સવા કરોડથી વધુની કિંમતનાં (વર્તમાન કિંમત) સોનાની ચોરીનો આ બનાવ બન્યો છે. જેમાં ગોલ્ડ લોન લેનાર બે લોન ધારકોનાં એક કિલોથી વધુ વજનના સોનાના દાગીનાની ચોરી થઈ છે.આ બનાવ અંગે બેંકના બ્રાંચ મેનેજર ગૌરીશંકર સામતરાયે પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી ગત ૨૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ ફરીયાદ અરજીમાં એમ જણાવ્યું હતું કે ૧૮-૧-૨૦૨૫ થી ૧૭-૩-૨૦૨૫ દરમ્યાન સોનાના બે પાર્સલની ચોરી થઈ હતી.૧૮-૧-૨૦૨૫ ના રોજ બેંકમાં ઈન્સ્પેકશન થયુ હતું અને કેશ-ગોલ્ડ તથા દસ્તાવેજો યોગ્ય માલુમ પડયા હતા.૧૭-૩-૨૦૨૫ ના રોજ મુંબઈ હેડ ઓફીસથી ઈન્સ્પેકશન આવ્યુ હતું.તેમાં સોનાના બે પાર્સલ ઓછા હોવાનું જણાયુ હતું.બેંકના સ્ટ્રોંગરૂમની તિજોરીમાં કુલ ૪૭ માંથી બે પાર્સલ ઓછા હોવાનું જણાયુ હતું તે વિશે તપાસ કરતા મળ્યા ન હતા. આ સોનાના પાર્સલ ગોલ્ડ લોન પેટે સોનું જમા કરાવનારા શ્યામ શાહ તથા સંગીતાબેન શાહના હતા તેઓએ ૨૭-૯-૨૦૨૪ ના રોજ સોના સામે લોન લીધી હતી.બન્ને પાર્સલમાં સોનાનું નેટ વજન ૧૦૦૫.૧૦ ગ્રામ હતું અને ૬૪,૨૯,૬૦૦ ની કિંમત આંકવામાં આવી હતી. (જોકે વર્તમાન ભાવે કિંમત સવા કરોડથી વધુની ગણાય) બેંકનાં હરીશભાઈ ઝીંઝુવાડીયાએ દાગીના ચેક કર્યા હતા અને પછી તે લોન આપી હતી.દાગીનાના પાર્સલ બેંકના સ્ટ્રોંગરૂમની સેફ ડીપોઝીટ તિજોરીમાં રાખવામાં આવ્યા હતા.જાન્યુઆરીથી માર્ચના બે મહિના દરમ્યાન સોનાની ચોરી વિશે પોલીસમાં ફરીયાદ કરવામાં આવી હતી. પોલીસે જોકે, એફઆઈઆરને બદલે અરજી જ લઈને તપાસ હાથ ધરી હતી.પોલીસના સુત્રોએ કહ્યું કે સોનાની ચોરીની ફરીયાદને પગલે બેંક કર્મચારીઓનાં નિવેદન લેવામાં આવ્યા હતા. પરંતુ કોઈ કડી મળી ન હતી. હવે લાઈ ડીટેકટર-નાર્કો ટેસ્ટ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.અદાલતની મંજુરી મળી જતાં હવે આ પ્રક્રિયા કરાશે.સરકારી બેંકનાં સ્ટ્રોંગરૂમમાંથી લોન ધારકનાં સોનાના પાર્સલની ચોરીથી બેન્કીંગ ક્ષેત્રમાં ખળભળાટ સર્જાયો છે. ગોલ્ડ લોનમાં નકલી સોનું ધાબડી દેવા જેવા કૌભાંડ થતા રહે છે. પરંતુ બેન્કનાં સ્ટ્રોંગ રૂમમાંથી સોનાની ચોરીનો બનાવ કદાચ પ્રથમ છે. તાજેતરમાં જીલ્લા બેન્કમાં ગ્રાહકનાં લોકરમાંથી દાગીનાની ચોરીનો બનાવ બન્યો હતો. પરંતુ પોલીસે તે ટુંકા ગાળામાં જ ભેદ ખોલી નાખ્યો હતો.

બેન્કનાં બ્રાંચ મેનેજરે પોલીસને એમ કહ્યું કે પોતે એકાદ વર્ષથી ફરજ પર છે.ઉપરાંત શ્રુતિબેન શિખરે તથા વિષ્ણુભાઈ ઓફીસર તરીકે કાર્યરત છે.ઉમેશભાઈ શિંગાળા-દેવુભાઈ ભારાઈ કેશીયર તરીકે ફરજ બજાવે છે આ સિવાય શૈલેષ શેઠ, હિતેશ દોમડીયા, સંજય ઝાલા, તથા કલ્પેશ ગોરી એમ કુલ ૯ કર્મચારી-અધિકારીઓનો સ્ટાફ છે.

ઈન્ડિયન બેંકના રૂમ રૂમમાંથી સવા કરોડના એક કિલો સોનાની ચોરીના ખળભળાટ બનાવતા બનાવમાં એ.ડિવિઝન પોલીસની ગંભીર બેદરકારી સામે આવી છે.જેમાં પીઆઇ બી.વી.બોરીસાગરે જેમનું સોનુ ગાયબ થયું છે, તે અરજદારને સાંભળ્યા પણ નહી અને ફક્ત બેંક અધિકારી કર્મીમાં નિવેદન નોંધી સંતોષ માની લીધો હતો. જો કે, આ મામલામાં ડીસીપી રાકેશ દેસાઈએ હવે ઝંપલાવ્યું છે અને લાઈવ ડિટેકટ તપાસની મંજૂરી મેળવી તપાસનો ધમધમાટ આદર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ, આઠેક માસ પૂર્વ ગોલ્ડ લોનના બદલામાં લોન ધારકોએ મુકેલા સવા કરોડના એક કિલો દાગીના ઈન્ડિયન બેંકમાંથી ગાયબ થયાં હતાં. જે મામલો બેંકના જાન્યુઆરી માસના ઈનપેક્સનમાં સામે આવ્યો હતો. જે ઘટના એ. ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવતી હોવાથી બેંક દ્વારા દાગીના ગુમ થયાની નોંધ કરાવી હતી. ગંભીર પ્રકારના બનાવમાં એ.ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી.વી.બોરીસાગરે ગંભીર બેદરકારી દાખવી હતી અને આ મામલે ગુનો નોંધવા સહિતની કાર્યવાહી કરવાના બદલે ફક્ત બેંક અધિકારી-કર્મીઓના નિવેદન જ નોંધ્યા હતાં.

ઉપરાંત જે ભોગ બનેલા છે તે લોકો પોલીસ મથકે જઈ મદદની ગુહાર લગાવતાં પીઆઇ બોરીસાગરે તેને સાંભળ્યા પણ ન હતાં અને રવાના કરી દીધાં હતાં. આ તે કેવું વર્તન ૧ કરોડના સોના ચોરીના બનાવમાં પોલીસ અધિકારી તપાસ કરવાના બદલે ભોગ બનનાર લોકોને સાંભળે પણ નહીં, ઉપરાંત આ મોટી ઘટનામાં ગુનો પણ ન નોંધાતા બનાવ શંકાના દાયરામાં આવ્યો છે.

જોકે આ મામલે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને એડી.સીપી મહેન્દ્ર બગરીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી રાકેશ દેસાઈએ તુરંત જ ઘટનાની ગંભીરતા સમજી લાઈવ ડિટેક્ટ ટેસ્ટ માટે ફોરેન્સિક લેબમાં મંજૂરી માંગી હતી, જે મંજૂરી મળી જતા થોડાક સમયમાં જ બેંક અધિકારી-કર્મીઓના લાઈટ ડિટેકટ ટેસ્ટ કરી ઘટનાનો પર્દાફાશ કરવામાં આવશે.બેન્કનાં સ્ટ્રોંગ રૂમની તિજોરીમાંથી ચોરાયેલા સોનાના બે પાર્સલોમાંથી એકનું નેટ વજન ૫૬૫.૬૦ ગ્રામ હતું. ૧૦૮ નંગ દાગીના હતા અને કિંમત ૩૬.૨૦ લાખ આંકવામાં આવી હતી.બીજા પાર્સલનું નેટ વજન ૪૩૯.૫૦ ગ્રામ હતું ૫૦ નંગ દાગીના હતા. અને કિંમત ૨૮.૦૯ લાખ આંકવામાં આવી હતી. બન્ને પાર્સલનું વજન ૧૦૦૫.૧૦ ગ્રામ અને કિંમત ૬૪,૨૯,૬૨૦ ની દર્શાવવામાં આવી હતી. અને તે મુજબ લોન અપાઈ હતી.ઈન્ડિયન બેન્કમાંથી સોનાના દાગીનાના બે પાર્સલની ચોરી થઈ છે.લોન ધારક દાગીના પાછા મેળવવા બેન્કનાં ધક્કા ખાઈ રહ્યા છે. પરંતુ કોઈ યોગ્ય જવાબ આપવામાં આવતા નથી. આઘાતજનક બાબત એ છે કે લોનધારકને કોઈ રાહત આપવાના બદલે બેંક દ્વારા લોનના નાણાં ભરો અન્યથા લોન એકાઉન્ટ એનપીએ થઈ જવાની ધમકી આપતા મેસેજ મોકલવાનું શરૂ કરાયું છે.

# કોઠારીયા ચોકડી નજીક સર્વિસ રોડ પર મહિલા- સાગરીત ગાંજા સાથે ઝડપાયા

રાજકોટ:રાજકોટ શહેર એસઓજીએ કપડાની ધંધાર્થી મહિલા અને તેના રિક્ષાચાલક સાગ્રીતને ૪.૦૨૫ કિલોગ્રામ ગાંજા સાથે કોઠારીયા ચોકડી નજીક સર્વિસ રોડ પરથી ઝડપી લીધા છે. આ બંને રાજસ્થાનથી ગાંજો લાવીને રાજકોટ બંધાણીઓને વેંચે એ પહેલા ઝડપાઇ ગયા હતાં.જાણવા મળ્યો મુજબ શહેરનું યુવાધન નશાના રવાડે ન ચડે તે માટે સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ હેઠળ શહેર એસઓજીની ટીમ આવા પદાર્થના ખરીદ-વેંચાણ અટકાવવા અને સેવન કરનારા લોકો વિરૂધ્ધ કાર્યવાહી કરવા પેટ્રોલીગમાં હતી ત્યારે એએસઆઇ ઈન્દ્રસિંહ જાડેજા અને હેડકોન્સ. દિગ્વીહજયસિંહ ગોહિલને બાતમી મળતાં કોઠારીયા ચોકડીથી ગોંડલ રોડ ચોકડી તરફ સર્વિસ રોડ પર ખોડીયાર ટેકરીના સામેના ભાગે રોડ પરથી એક મહિલા અને એક શખ્સને સકંજામાં લઇ તલાશી લેતાં તેની પાસેના થેલામાંથી શંકાસ્પદ પદાર્થ મળી આવ્યોર હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયાને બોલાવી તપાસ કરતાં આ પદાર્થ ગાંજો હોવાનું ફલીત થતાં બંને સામે આજીડેમ પોલીસમાં એનડીપીએસનો ગુનો દાખલ કરાવી ધરપકડ કરી હતી.



પુછતાછમાં મહિલાએ પોતાનું નામ કરીન ઉર્ફ ફરીદા કરીમભાઇ શાહમદાર (ઉ.વ.૩૦-રહે. કોઠારીયા સોલવન્ટ રસુલપરા-૧૭, સરકારી સ્કૂલ નજીક) તથા સાથેના શખ્સેર પોતાનું નામ મુસ્તાભક હબીબભાઇ નાકાણી (ઉ.વ.૪૦-રહે. રસુલપરા-૨૭, મસ્જીહદે અહેમદની પાછળ) જણાવ્યું હતું. કરીન ઉર્ફ ફરીદાની પ્રાથમિક પુછતાછ કરવામાં આવતાં પોતે રાજસ્થાન તરફથી ગાંજો લાવ્યાનું રટણ કર્યુ હતું. મુસ્તાક તેનો સાગ્રીત હોવાનું કહ્યું હતું. બનેની રિમાન્ડ મેળવવા પોલીસ આગળ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની તપાસમાં કરીન ઉર્ફ ફરીદા કપડા લે-વેંચનો વેપાર કરે છે. પરંતુ આ ધંધાની આડમાં માદક પદાર્થનો વેપલો પણ કરતી હોવાનું ખુલ્યું છે. આઉ શાપર પોલીસ સ્ટેશન દ્વારા પણ આ મહિલાની માદક પદાર્થના ગુનામાં ધરપકડ થઇ હતી. આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ વી. વી. ધ્રાંગુ, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, વિરેન્દ્રીસિંહ ઝાલા, ઈન્દ્ર સિંહ જાડેજા, હેડકોન્સ. દિગ્વીજયસિંહ ગોહિલ, કોન્સ. હાર્દિકસિંહ પરમાર, યોગેન્દ્રસિંહ, નરપતસિંહ, દિવ્યારાજસિંહ, કોન્સ . મોનાબેન સહિતે કરી હતી.

# શિયાળાની ઋતુમાં હાર્ટ એટેકનો કહેર : ચારનાં હૃદય બેસી ગયા

રાજકોટ,રાજકોટ સહિત રાજયભરમાં શિયાળાની ઋતુમાં ઠંડીની શરૂઆત થતાં જ હૃદયરોગના હુમલાની ઘટનાઓમાં વધારો થયો છે. ત્યારે રાજકોટમાં સામાન્ય ઠંડીમાં જ વધુ ચાર લોકોના હૃદય બેસી ગયા છે. જેમાં પ્રૌઢા, પ્રૌઢ, આધેડ અને વૃધ્ધને આવેલો હૃદયરોગનો હુમલો જીવલેણ નિવડતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં રૈયાધાર સ્લમ કવાર્ટરમાં રહેતાં રેખાબેન વિજયભાઈ સોલંકી નામના ૪૭ વર્ષના પ્રૌઢા પોતાના ઘરે હતાં ત્યારે વહેલી સવારે ચારેક વાગ્યાના અરસામાં હૃદયરોગનો હુમલો આવતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જયાં તેમનું મોત નિપજયું હતું. મૃતક પ્રૌઢાને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બીજા બનાવમાં રાજકોટના ના ગોંડલ રોડ પર આવેલ સદ્ભાવના વૃધ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા ગોરધનભાઈ ગંગદાસભાઈ પટોડીયા (ઉ.૫૯) સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં વૃધ્ધાશ્રમમાં હતાં ત્યારે હૃદયરોગનો હુમલો આવતાં બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. વૃધ્ધને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જયાં તેમનું મોત નિપજયું હતું. ત્રીજા બનાવમાં રાજકોટના જામનગર રોડ પર પરાપીપળીયા ખાતે રહેતાં કનુભાઈ હમીરભાઈ હુંબલ (ઉ.૪૯) સવારના સાડા દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતાં ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતાં. જયાં તબીબે પ્રૌઢનં હાર્ટએટેકથી મોત નિપજયું હોવાનું જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. મૃતક આધેડ ચાર ભાઈ બે બહેનમાં નાના હતાં અને તેમને સંતાનમાં એક પુત્ર છે.આ ઉપરાંત ચોથા બનાવમાં રાજકોટના પરાપીપળીયા ખાતે રહેતાં અને કારખાનામાં કામ કરતાં આશુતોષ આનંદાભાઈ માનજી (ઉ.૫૧)ને મધરાત્રે છાતીમાં દુઃખાવો ઉપડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જયાં ફરજ પરના તબીબે તપાસી આધેડનું હૃદયરોગના હુમલાથી મોત નિપજયું હોવાનું જાહેર કર્યુ હતું. મૃતક આધેડ મુળ ઓડીસાના વતની હતાં અને બે ભાઈ બે બહેનમાં વચેટ હતાં. મૃતક આધેડને સંતાનમાં એક પુત્રી છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જુગારના દરોડામાં ૨૦ બાઝીગરો ઝડપાયા

રાજકોટ:રજપુતપરા અને ભીમનગરમાં જુગારના પોલીસે દરોડા પાડી જુગાર રમતા ૨૦ પ્રતા પ્રેમીને ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૫૬ હજારની રોકડ કબ્જે કરી હતી.દરોડાની વિગત મુજબ, એ ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાત મી મળી હતી કે, રજપુત પરા શેરી નંબર ૦૫ માં જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે.એ ડિવિઝન પોલીસ ટીમ બાતમી સ્થળે પહોંચી જુગાર રમતો રામદન લીપદુભાઈ ચૌધરી, જીતેન્દ્ર સંતોષકુમાર ચૌધરી ,કૈલાશ સાધુરામ ચૌધરી, અરુણ વિદ્યારામ ચૌધરી ,પ્રેમનાથ રામ ધીરજ સાધુ ,કરામતઅલી મજનું અલી દરજી ,જયેશ મનુભાઈ ડાભી અને રાધેશ્યામ હનુમાન પ્રસાદ વર્મા નામના શખ્સોને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૪૦. ૯૮૦ની રોકડ કબ્જે કરી છે.

# ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો રાજેશ ઠુંમર ઝડપાયો

રાજકોટ:સરધાર ગામથી ભુપગઢ જવાના રસ્તા પર આવેલા પટેલ પાન પાસે મોબાઇલમાં ઓનલાઇન ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શખ્સને આજીડેમ પોલીસે ઝડપી લઇ, મોબાઈલ અને રોકડ મળી રૂ.૫.૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.દરોડાની વિગત મુજબ, આજીડેમ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં દરમિયાન સરધાર ગામ પાસે પહોંચી ત્યારે બાતમી મળી હતી કે, સરધારથી ભુપગઢ રોડ પર આવેલી પાનની દુકાન પાસે રાજેશ આંબા ઠુંમર નામનો શખ્સ ક્રિકેટ મેચ પર તના ફોનમાં સટ્ટો રમી રહ્યો છે.બાતમીના પગલે આજીડેમ પોલીસ સ્ટેશન પટેલ પાને પહોંચી બાતમી મેળલા શખ્સનો મોબાઈલ



કબ્જે કરી તપાસ કરતા ગઈકાલે ચાલતા સાઉથ આફ્રિકા અને ઈન્ડિયા વચ્ચે ચાલતી ટી ટ્વેન્ટી મેચ પર લાઇવ ગુરુ એપ દ્વારા રન ફેરના હાર જીતનો જુગાર રમતો હોવાનું માલૂમ પડ્યું હતું.પોલીસે મોબાઈલ અને રોકડ મળી, રૂ.૫.૫૦૦ના મુદ્દા માલ સાથે સરધાર બાલાજી પાર્ક સોમનાથ માર્કેટની બાજુમાં રહેતો રાજેશ આંબાભાઈ ઠુમ્મર નામના શખ્સની ધરપકડ કરી છે. હાલ પોલીસે આઈડી આપનાર શખ્સનું નામ ખોલાવવા તજવીજ આદરી છે.

# સોમનાથ-કોડીનાર હાઈવે પર મચ્છી ભરેલ બે વાહનો વચ્ચે ટક્કર: બેનાં મોત : ૧ને ઈજા

રાજકોટ: ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ-કોડીનાર હાઈવે પર આજે એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. અહી માછલા ભરેલી બે ગાડીઓ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે અન્ય એક વ્યક્તિની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર હાઈવે પર એક ગાડીમાં અચાનક પંક્ચર પડ્યું હતું. જેના કારણે ચાલકે ગાડીને રોડની સાઈડમાં ઉભી રાખી હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી અન્ય એક ગાડીએ ઉભેલી ગાડીને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે ગાડીઓના લોચા વળી ગયા હતા.

અકસ્માતનો પ્રચંડ અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. સ્થાનિકોએ તુરંત જ પોલીસને જાણ કરતા પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજયા હતા. પ્રાથમિક તપાસમાં બંને મૃતકો ગીર સોમનાથ જિલ્લાના જ વતની હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ એક વ્યક્તિને સારવાર અર્થે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

# રાજકોટ સિવિલમાં દવા કૌભાંડના પગલે જનઔષધી કેન્દ્રને તાળા લાગ્યા

રાજકોટ,રાજકોટમાં સરકારી દવાઓ બારોબાર વેચવાના કૌભાંડ મામલે આરોગ્ય વિભાગે તપાસ કર્યા બાદ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત જન ઔષધી કેન્દનો કોન્ટ્રાક્ટ રદ કરી તાળા મારી દેતા કટકીબાજ મેડીકલ સ્ટોરના કારણે ગરીબ દર્દીઓની સુવિધા છીનવાઈ ગઈ છે અને ગરીબ દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજયના આરોગ્ય કમિશનર ડો. હર્ષદ પટેલે રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રૂ. ૨૦ કરોડની દવા બારોબારથી ખરીદવામાં આવી હોવાનો મુદ્દો આ બેઠકમાં ચર્ચાનો વિષય બન્યો હતો. આ અંગે તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી અને દવા ખરીદીમાં નિયમોનું પાલન થયું છે કે નિયમોનો ભંગ થયો છે તેની તપાસ કરવામાં આવી હતી.આ ઉપરાંત, દવાઓ વધુ કિંમતે તો નથી ખરીદવામાં આવી તે ચકાસવા માટે ઓડિટ પણ કરવામાં આવ્યું હતું. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દવા ખરીદી કૌભાંડમાં આરોગ્ય વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. હોસ્પિટલમાં દવાનો કાળો કરનાર જન ઔષધી કેન્દ્ર સામે આરોગ્ય તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. અને જન ઔષધી કેન્દ્રનો કોન્ટ્રાક્ટ રદ કરી દેવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલમાં દવા ખરીદીમાં ગેરરીતિ આચરનાર એક તબીબની બદલી કરવામાં આવી હતી. અને તપાસમાં જન ઔષધી કેન્દ્ર પણ શંકાના દાયરામાં હતું.

સિવિલ હોસ્પિટલમાં ૨૦ કરોડ રૂપિયાના દવા ખરીદીના કૌભાંડની તપાસમાં હોસ્પિટલના સ્ટાફની સંડોવણી હોવાનું ખૂલ્યું હતું. સ્ટોર ઈન્ચાર્જ જે.કે. નથવાણી દવા ખરીદી કૌભાંડમાં મોટાપાયે સંડોવણી હોવાનું સામે આવતા બદલી કરવામાં આવી. સ્ટોર ઈન્ચાર્જ જે.કે. નથવાણીની દ્વારકા ખાતે બદલી કરવામાં આવી હતી.આરોગ્ય કમિશ્નર જયારે રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી ત્યારે દવા ખરીદીનું કૌભાંડ સામે આવ્યું હતું.

